


હરિઃૐ

# જીવનપ્રભાત

પૂજ્ય શ્રીમોટા

॥ હરિ:ૐ ॥

પૂજ્ય શ્રીમોટા
વિરચિત

# જીવનપ્રભાત

હરિ:ૐ આશ્રમ પ્રકાશન, સુરત

❑ પ્રકાશક : **ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ, (સ્થાપના વર્ષ ૧૯૫૬)
કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં,
જહાંગીરપુરા, રાંદેર, સુરત-૩૯૫ ૦૦૫.
ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪
Email : hariommota1@gmail.com
Website : www.hariommota.org

© હરિઃૐ આશ્રમ, સુરત, નડિયાદ.



| આવૃત્તિ | વર્ષ | પ્રત | આવૃત્તિ | વર્ષ | પ્રત |
|---|---|---|---|---|---|
| પ્રથમ | ૧૯૭૫ | ૧૦૦૦ | ત્રીજી | ૨૦૧૪ | ૧૦૦૦ |
| બીજી | ૨૦૦૭ | ૨૫૦ | | | |

❑ પૃષ્ઠ : ૨૮ + ૨૨૪ = ૨૫૨

❑ કિંમત : **રૂ. ૧૫/-**

❑ **પ્રાપ્તિસ્થાન :**
હરિઃૐ આશ્રમ, સુરત-૩૯૫ ૦૦૫
હરિઃૐ આશ્રમ, નડિયાદ-૩૮૭ 00૧

❑ મુદ્રણશુદ્ધિ : **જયંતીભાઈ જાની,** ફોન : (૦૭૯) ૨૬૬૧૨૭૨૮

❑ ડિઝાઈનર : **મયૂર જાની,** મો. : ૯૪૨૮૪૦૪૪૪૩

❑ ટાઈપસેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર,**
૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજ સામે,
ઈન્કમટૅક્સ, અમદાવાદ-૧૪, ફોન : (૦૭૯) ૨૭૫૪૩૬૯૯

❑ મુદ્રક : **સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.**
સિટી મિલ કંપાઉંડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦૦૨૨
ફોન : (૦૭૯) ૨૫૪૬૯૧૦૧

॥ હરિઃૐ ॥

# સમર્પણાંજલિ

## (ત્રીજી આવૃત્તિ)

હરિઃૐ આશ્રમ, સુરતના નિર્માણ કાર્યથી લઈને આજ પર્યંત નિભાવમાં, સેવાકીય પ્રવૃત્તિમાં લવાછા ગામનાં સ્વજનોનો ફાળો અનન્ય છે. આનંદની હકીકત એ છે કે ગામના યુવાનો પણ આ કાર્યમાં વડીલોના સંસ્કારોને દીપાવી રહ્યા છે. આશ્રમનાં તમામ કાર્યોમાં તેમ જ શ્રમદાન યજ્ઞમાં હંમેશાં ખડેપગે સતત સેવા આપનારો આખો યુવાવર્ગ છે. પૂ. શ્રી ઝીણાકાકાના હાથે કર્તવ્યનિષ્ઠાની તાલીમ પામેલા આ યુવાનો આશ્રમનાં સેવાકાર્યમાં સમય અને માન અપમાન નેવે મૂકીને કામ કરતા રહ્યા છે એવાં

લવાછા ગામના સેવાભાવી યુવક

**શ્રી દીપકભાઈ પંકજભાઈ પટેલ**

તથા આદરણીય માતાપિતા

**સદ્‌ગત શ્રી પંકજભાઈ ઠાકોરભાઈ પટેલ**

તથા તેમનાં ધર્મપત્ની

**શ્રીમતી હંસાબહેન પંકજભાઈ પટેલ**ને

**'જીવન પ્રભાત'** પુસ્તકની આ ત્રીજી આવૃત્તિનું પ્રકાશન આનંદપૂર્વક અર્પણ કરીએ છીએ.

તા. ૮-૪-૨૦૧૪ — **ટ્રસ્ટીમંડળ,**

રામનવમી, સં. ૨૦૭૦ — હરિઃૐ આશ્રમ, સુરત

॥ હરિ:ૐ ॥

# સમર્પણાંજલિ

(પ્રથમ આવૃત્તિ)

**શ્રી હર્ષદભાઈ શામળદાસ શાહ**

તથા

**શ્રીમતી સુભદ્રાબહેન હર્ષદભાઈ શાહ**

(તળિયાની પોળ, સારંગપુર, અમદાવાદ)

**ને**

**સસ્નેહ**

**સમર્પણ**

નડિયાદ, ૧૯૭૫ - **મોટા**

॥ હરિઃૐ ॥

# પ્રકાશકના બે બોલ

## (પ્રથમ આવૃત્તિ)

**'જીવનપ્રભાત'** ના પ્રકાશકના બે બોલ લખતાં પૂજ્યશ્રી સાથેનો જૂનો પરિચય અને સંસ્મરણો યાદ આવે છે. આજથી સાડાત્રણ દસકા પહેલાંની વાત છે. ત્યારે તેમનું ખાસ કોઈ સાહિત્ય પ્રસિદ્ધ થયેલું નહિ. માત્ર **'તુજ ચરણે'** અને **'મનને'** એ બે નાનકડી પુસ્તિકાઓ પ્રસિદ્ધ થયેલી. તે ઉપરથી આપણને એમ થાય કે કોઈ ઈશ્વરની ખોજમાં નીકળેલો આ માણસ છે.

તેઓ ત્યારે અમદાવાદમાં હરિજન આશ્રમમાં રહેતા હતા અને ગુજરાત હરિજન સેવક સંઘના સહમંત્રી તરીકે શ્રી પરીક્ષિતલાલ મજમુદારની સાથે કામ કરતા હતા. આશ્રમમાં ત્યારે રાષ્ટ્રીય શાળાના ધોરણે એક શાળા ચાલતી હતી. તેના આચાર્ય શ્રી વજુભાઈ જાની હતા.

શ્રીમોટા અને તેઓ બાજુ બાજુમાં જ રહેતા હતા, એટલે અવાર-નવાર તેમને મળવાનું અને વાતચીત કરવાનું બનતું, તે ઉપરથી શ્રીમોટા સાધનાની ગડમથલ કરે છે તેવું તેમને જાણવા મળ્યું. શ્રી વજુભાઈને પણ આવાં સાધનોમાં રસ હતો. એટલે તેમણે શ્રીમોટાનું માર્ગદર્શન માગ્યું. શ્રી વજુભાઈને ત્યાં શ્રી પ્રભાબહેન કરીને એક બહેન આવતાં. તેમને પણ શ્રીમોટાની **હરિ**નામની વાતોમાં રસ પડ્યો એટલે તેઓ પણ શ્રીમોટાના પરિચયમાં આવ્યાં. આ લોકોને લીધે હું પણ શ્રીમોટાના સંસર્ગમાં આવ્યો. ધીમે ધીમે તેમણે મને એવું સાંનિધ્ય આપ્યું કે જાણે મને કોઈની ઓથ મળી હોય એમ લાગ્યું.

માબાપ ત્રણ બાળકોને મૂકીને અવસાન પામેલાં. સૌથી મોટો હું. એટલે મારાથી નાનાં બંને ભાઈબહેનની જવાબદારી મારી, પરંતુ ઈશ્વરકૃપાથી મારા કુટુંબની બધી જવાબદારી અદા કરીને હસતાં રમતાં

ઝરણાંની જેમ મારું જીવન આજે હું ગુજારી રહ્યો છું. આ બધું સરળતાથી કેવી રીતે પાર પડ્યું ? તે વિશે વિચાર કરું છું ત્યારે પૂજ્યશ્રીની કૃપા શું કામ કરે છે, તેનો મને ખ્યાલ આવે છે. એકવાર નડિયાદના આશ્રમમાં મૌનમાં હતો ત્યારે પણ જે ઓટલા ઉપર બેસીને સ્મરણ કરતો હતો, તે ઓટલો હાલી ઊઠેલો. હું વિજ્ઞાનનો ગ્રેજ્યુએટ એટલે સાચી વાત હોય તો જ માનું. ઓટલો ઘણા સમય સુધી હાલેલો. એટલે મારાથી તે વિશે ના પાડી શકાય તેમ હતું નહિ, પણ હવાની લહરીઓ જેમ પસાર થઈ જાય છે તેમ આ ચમત્કારને પણ મેં પસાર થઈ જવા દીધો અને તેમાં હું ઊંડો ઊતર્યો નથી, પરંતુ આજે હવે મને સમજાય છે કે **हरि**શક્તિ કેવી જબ્બર છે, તે બતાવવા માટે ભગવાને એ ચમત્કાર મને બતાવ્યો હશે, પરંતુ આ ચમત્કાર પ્રસાદી પામ્યા છતાં પણ ભગવાનનું નામ જેટલા જોરશોરથી લેવાવું જોઈએ તેટલું લઈ શક્યો નથી. પૂજ્યશ્રીના બધા હુકમો—સ્મશાનમાં સૂવાના, આશ્રમ માટે ભીખ માગવાના અને બીજું જે કંઈ કામ બતાવ્યું તે બધા માન્યા છે, પણ ભગવાનનું નામ લેવા બાબતમાં મેં એક પ્રમાદ સેવ્યો છે એમ કહી શકાય. આ માટે પૂજ્યશ્રીએ મને ઘણી વાર ઘણાંની વચ્ચે ટકોર્યો છે, તેમ છતાં મારો માંહ્યલો જાગતો નથી અને મને ભગવાનનું નામ લેવાનું શૂર ચઢ્યું નથી. પ્રભુ કરે અને એ સમય આવે એ જ પ્રાર્થના.

**-રમાકાંત પ્રહ્‌લાદજી જોશી**

૪/૯, મ્યુ. સ્ટાફ ક્વાર્ટ્સ,
એલિસબ્રિજ, અમદાવાદ-૬.

॥ હરિઃૐ ॥

# પ્રભાતનાં કિરણો

## સંપાદકના બે બોલ

## (પ્રથમ આવૃત્તિ)

આ **'જીવનપ્રભાત'** પુસ્તકમાં પૂજ્ય શ્રીમોટાએ કરેલ સાધનાનાં ગીતો, ભજનો આપવામાં આવ્યાં છે, તેને જુદા જુદા વિષયવાર વિભાજિત કરીને ખંડવાર આયોજિત એટલા માટે કરેલાં છે કે શ્રેયાર્થીને તે વાંચવા-સમજવામાં સરળતા થાય. પૂજ્ય શ્રીમોટાએ તેમની સાધના સંસારમાં રહીને તેમની બધી જવાબદારીઓ અદા કરીને કરેલી છે. તેઓ ઘર અને નોકરી છોડીને તેમના ગુરુ પાસે સાધના કરવા ગયા, પણ ગુરુએ કહ્યું કે તું જ્યાં છે ત્યાં રહીને તારું જે કામ છે તે કરતાં કરતાં જ તારી સાધના કર. એટલે ઘેર આવીને નોકરી કરતાં કરતાં સાધના કરવા માંડી. સાધનામાં એકાંત આવશ્યક. રહેવાનું ઘર પોળમાં વસ્તી વચ્ચે, એટલે એકાંત માટે ગામ બહાર સ્મશાન જેવા ભયંકર સ્થળે સૂવાનું રાખતા. **હરિ**માર્ગમાં પડેલાને પરણવાનું ક્યાંથી પાલવે ? તેમ છતાં માતાને રાજી કરવા ખાતર લગ્ન કરવાં પડ્યાં, પણ પરણ્યા પછી પત્ની થોડા સમયમાં જ ગુજરી ગયાં. એટલે પરમાત્માની મરજી એમને **હરિ**માર્ગે વાળવાની હતી એમ ગણાય. ઘરનાં બધાંને સંસારવહેવારમાં રાચવું ગમે, પરંતુ ઘરની સ્થિતિ સારી નહિ, તથા શ્રીમોટા **હરિ**માર્ગમાં પડેલા હોવાથી નોકરીના પગાર ઉપરાંત બીજી વધારાની આવક કરી શકતા નહિ. એટલે ઘરમાં તેનો અસંતોષ રહે. આમ, કેવા કેવા અવરોધોની વચ્ચે તેમની સાધના થયેલી છે, તે ઉપરની હકીકતો વાંચતાં શ્રેયાર્થીને સમજાશે. એકવાર આદર્શ નક્કી થઈ જાય અને તેને પાર પાડવા દૃઢ, મરણિયો નિરધાર લેવાય, તો પછી ગમે તેવા અવરોધોની વચ્ચે પણ માર્ગ નીકળી શકે છે, તે પણ પૂજ્ય શ્રીમોટાના સંજોગો જોતાં

આપણને જાણવા મળે છે. મનુષ્યના જીવનને દુઃખ ઘડે છે. એથી જ મોટા મોટા ધર્મપ્રવર્તકોએ સુખનો ત્યાગ કરીને દુઃખનો માર્ગ લીધો છે અને દુઃખ દ્વારા સુખને પામ્યા છે. આ બાબતમાં પૂજ્યશ્રી મોટાનું જીવન પણ આપણને દૃષ્ટાંતરૂપ થઈ પડે છે.

કોઈકે કહ્યું છે તે સાચું જ છે કે પૈસો મેળવવો સહેલો છે, પણ પરમાત્મા મેળવવો સહેલો નથી. એક મજૂરને સવારથી મજૂરી કરીને સાંજે તેના પૈસા જરૂર મળશે, પણ એક સાધક સવારથી માંડીને સાંજ સુધી તેની સાધના કરશે તેથી તેને ભગવાન મળશે એમ કહી શકાશે ખરું ? **હરિ**માર્ગ આવો કઠિન છે. તેમ છતાં સંતમહાત્માઓએ તેમની તપશ્ચર્યાથી ભગવાનને સુલભ બનાવ્યો છે. **'જીવનપ્રભાત'**માં તે વિશે નિર્દેશ કરતાં પૂજ્ય શ્રીમોટા લખે છે કે :-

*'છુપાયેલો **હરિ** ગૂઢ જે છતો થાય સ્મરણથી **તે**,*
***હરિ** લીધે જીવનકેરું રહસ્ય, મૂલ્ય જાણ્યું છે.'*

ભગવાનના નામને લીધે જ ઈશ્વર શું છે તે જાણી શકાય છે. આથી, **હરિ**નામને એમણે ઘણું મહત્ત્વ આપ્યું છે અને પોતાનો દાખલો આપતાં તેઓ કહે છે :-

*'નકામી કોઈ વાતોમાં સમય મેં ના ગુમાવ્યો છે,*
*સ્મરણ વિશે **હરિ**કેરો સમય ઉપયોગ લીધો છે.*

● ● ●

*જીવનના સૌ તબક્કામાં ભૂલેલો છું ઘણું ઘણું હું,*
*પરંતુ **હરિ**સ્મરણને દિલ કદી ભૂલી શક્યો ના છું.*

ભગવાનનું નામ લેવાને તેઓ માત્ર આટલું કરીને બેસી રહ્યા નથી, પરંતુ :-

*'સતત સ્મરવું, સતત ભજવું, સતત કીર્તન કર્યા કરવું,*
*હૃદય એને જીવન સાચું અમે પ્રેમે ગણેલું શું !'*

એથી આગળ જઈને વળી તેઓ સ્મરણ વિશે લખે છે :-

*'વિના પાણી, હવા, અન્ન ન પળવાર જિવાતું છે,*
***હરિ**નામ જીવનનો મુજ ખરો આધાર ટેકો છે.'*

જીવનમાં જેમ હવા વિના, પાણી વિના કે અન્ન વિના રહી શકાતું નથી એવી રીતે ભગવાન આપણા જીવનમાં ઓતપ્રોત થઈ જાય ત્યારે એના નામનો શો જાદુ છે, તે આપણને જાણવા મળે અને પછી તેનું નામ લેવામાં સદાય આનંદ, આનંદ જ રહે.

પરંતુ પૂજ્ય શ્રીમોટા, માત્ર નામસ્મરણ કરીને જ બેસી રહ્યા નથી, પણ નામસ્મરણની સાથે સાથે પ્રાર્થના, ભજન, કીર્તન, નિવેદન આદિ સાધનો કરીને આખો દિવસ ભગવાનના ભાવમાં કેવી રીતે રહી શકાય, તે રીતે તેઓ જીવેલા છે.

*'નિરાગ્રહ ને નિરાસક્તિ હું કેળવવા મથેલો જે,*
*જીવનવિકાસના માર્ગે અતિ ઉપયોગી શી તે છે !'*

● ● ●

*જીવનમાં આગ્રહો કંઈક જુદી જુદી રીતિના છે,*
*મિટાવાને શું તેમાંથી સતત મનને ટકોર્યું છે.*

આ રીતે **હરિ**ને અંતસ્થ કરવા માટે તેમણે બધી રીતે પ્રયત્નો કરેલા છે અને જ્યાં જ્યાં એમની ત્રુટીઓ થઈ તેનો પણ તેમણે એકરાર કરેલો છે.

*'ભૂલો નાની અને મોટી જીવનમાં મુજથી થઈ છે,*
*કૃપા તે કેટલી મોટી હૃદય કે ભાન જાગ્યું છે.*

● ● ●

*ગુલાંટો કેટલી ખાધી, ઊંધું કેવું વળાયું છે !*
*જીવનવિકાસથી અવળું ઊંધું મુજથી ચલાયું છે.'*

આમ, પડતાં આખડતાં પણ પૂજ્ય શ્રીમોટાએ તેમની સાધના ચાલુ રાખી છે. તેમનાથી ભૂલો થઈ તો તે સુધારી લીધી છે. પડ્યા આખડ્યા તેને બેદરકારી ગણીને સતત સાવધ રહેવા કોશિશ કરી છે, જેથી ફરી આવું ન થાય. સાધના પથમાં પૂજ્ય શ્રીમોટાને ગમે તેવા

અવરોધો આવ્યા હશે તેમ છતાં તેઓ માથે હાથ દઈને બેઠા નથી કે સાધના કૂચ થોભાવી નથી અને **શ્રીહરિ**ની કૃપા અને સહાય તેમને જુદે જુદે સ્વરૂપે મળતાં ગયાં છે, તેનો ઉલ્લેખ કરતાં તેઓશ્રી લખે છે કે :-

*'અજાણ્યે પંથ લઈ જાવા મને શો પ્રેરણાએ તે*
*-ચીંધીને આંગળી, પંથતણાં ડગલાં સ્ફુરાવ્યાં છે.*

● ● ●

*જુદા જુદા તબક્કાની જુદી જુદી મથામણ છે,*
*મથામણની રીતો પણ ત્યાં જુદા જુદા પ્રકારે છે.*

● ● ●

*જુદી જુદી રીતમાં કેવી જુદી ગૂઢ સાધનાઓ છે !*
*જુદી ગૂઢ સાધનામાંયે શી ગુહ્યતમ સાધના પણ છે !'*

અને સાધના કરતાં કરતાં કોઈ વાર સાધક કેવો રંગમાં આવી જાય છે, તે સ્થિતિનું વર્ણન કરતાં પણ પૂજ્ય શ્રીમોટા લખે છે કે :-

*'ઈશારો જ્યાં **હરિ**નો છે, ચઢેલો રંગ દિલમાં છે,*
*કૂદીને પર્વતોનેય જવાનું તો હવે બનશે.*

● ● ●

*અટકવાનું ન ક્યાંયે છે, કશે ના થોભવાનું છે,*
*કર્યાં કરવાનું છે માત્ર, હવે ના વિચારવાનું છે.'*

સાધનાની આ સ્થિતિ વેળા તેઓ કેવા અને કેટલા જોમમાં હશે ! અને સાધનામાં કોઈ વાર હતાશા અને નિરાશાનો કાળ પણ આવ્યો છે. તેનો નિર્દેશ કરતાં પૂજ્ય શ્રીમોટા લખે છે કે :-

*'જીવનની અવદશા બૂરી થવા જ્યાં મારી બેઠી છે,*
*યથાયોગ્ય થવા તેનું બધું સૂઝેલ કીધું છે.*

● ● ●

*શરમ મુજને હૃદય મુજ પર શી પારાવાર આવી છે !*
*ઊંચું માથું ન થઈ શકતું, દશા એવી શી મુજ થઈ છે !*

● ● ●

*વિના તારા કહું કોને વીતક કથની જીવનની તે ?*
*જીવન મારા વિશે માત્ર બધાંમાં એકલો તું છે.*

પોતાની વીતક કથનીની વાત ભગવાનને નિવેદીને તેને લઈને પોતે જે અસહ્ય બોજા હેઠળ ચગદાઈ રહ્યા તે દૂર કરવા ભગવાનને તેઓ કેવી રીતે સમજાવે છે ?

*'કીડી ઉપાડી ઉપાડી ઉપાડી કેટલું શકશે ?'*

પરંતુ હે પ્રભુ, તું પોતે એ બોજો ઉપાડી લે તો :-

*'અડકતાંમાં જ તુજ હાથ કરોડો મણ વજન છોને,*
*તને ના ભાર લાગે છે, કશો તેનો કંઈ પણ તે,*
***हरि** તેથી તને દિલથી હૃદય સ્તવતો સ્તવી સ્તવીને.*

પોતાને કહેવાની વાત જ્યારે હૃદયસ્પર્શી રીતે રજૂ થાય છે ત્યારે કઠોર હૃદયવાળાને પણ સહાય ન કરવી હોય તોય કરવી પડે. તેનું સરસ ચિત્ર ઉપર રજૂ થયું છે. પોતાની સાધનાનો ઉલ્લેખ કરતાં પૂજ્ય શ્રીમોટા કહે છે :-

*'અમારી સાધનાકેરી જીવનની આપવીતી તે,*
***हरि** વિના ન કોઈ એને પૂરી દિલ જાણનારું છે.'*

સાધનામાં કોઈ વાર આફતના ઓળા ઊતરે ત્યારે શી પરિસ્થિતિ સર્જાય છે, તે વિશે પૂજ્ય શ્રીમોટા શું લખે છે ?

*'છૂટી છક્કા ગયેલા છે, બધી હિંમત તૂટી ગઈ છે,*
*અને હોશકોશ કોઈ રીતના રહ્યા મુજમાં નથી સહેજે.'*
*જુદી જુદી રીતના કેવા પથે સંગ્રામ આવ્યા છે !*
*ન તેની વ્યૂહરચનાની ખબર મુજને પડેલી છે.*

● ● ●

*જીવનના સૂક્ષ્મ સંગ્રામો કળી મનથી શકાવાને,*
*મતિ પણ સૂક્ષ્મ શી જોઈએ ! કળાવા શક્ય તે ના છે.'*

એક બાજુ ઘરસંસારની જવાબદારી જેનો ઇન્કાર થાય તેમ

ન હતો, બીજી બાજુ સાધનાની તાલાવેલી, તેના પ્રતિ પણ બેદરકાર રહેવાય તેમ ન હતું. તેમ છતાં પૂજ્ય શ્રીમોટા તેમનાં કર્તવ્યોમાં બીનજવાબદાર કદી બન્યા નથી, તેનું કારણ શું ? તેમ જ સાધના જીવનમાં કશી ત્રુટી આવી નથી તે શાથી ? તે વિશે પણ તેઓ યોગ્ય જ લખે છે કે :-

*'જીવન આધાર જીવવામાં મને શો પ્રેરણા પર છે !*
*મળ્યા કરતી રહે શી પ્રેરણા વર્તાયું તે રીતે !'*

● ● ●

*કદીક શી પ્રેરણા તે તો ચમત્કારિક લાગી છે !*
*જીવનમાં ઘણો બધો ભાગ શું ભજવ્યો પ્રેરણાએ છે !'*

● ● ●

*હૃદયની પ્રેરણાએ તો મને સૌ શીખવેલું છે,*
*જુદી જુદી પ્રેરણાને મેં કૃપા **હરિ**ની શી માની છે !*

અલબત્ત, જીવનસાધનામાં પ્રેરણા એ પથપ્રેરક છે અને શક્તિદાતા છે, પરંતુ પ્રેરણાની સાથે તમન્ના ન હોય તો નિરાશા વ્યાપે છે અને મોળા પડી જવાય છે. આથી, પૂજ્યશ્રી તમન્નાનો ઉલ્લેખ કરતાં કહે છે કેઃ-

*'જવાતાં આડફંટે તો તમન્ના પંથ લાવે છે,*
*જીવનની સાધનાનું તો ખરું મૂળ તે તમન્ના છે.'*

● ● ●

*તમન્નાએ મને ના કંઈ અટકવા ક્યાંય દીધો છે,*
*સદા ધક્કેલીને પંથે વહેતો રાખિયો શો છે !*

● ● ●

*જીવનમાં આડખીલીને તમન્નાએ હઠાવી છે,*
*ઊભેલા પહાડ વચ્ચે તે તમન્નાએ ખસેડ્યા છે.'*

આ રીતે જીવનમાં તમન્નાએ દર્શન કરાવ્યું છે. વળી, જીવનમાં ખરેખરી તમન્ના જાગી હોય તો શું બને તે વિશે તેઓશ્રી લખે છે કેઃ-

*'કદી ના ઊંઘવા દે, કદી ના જંપવા પણ દે,*
*પડી રહેવા કદી ના દે, વહેવાનું કરાવે તે.'*

આ તમન્નાનો ખાસ ગુણ છે. વળી, ભાવ અને ભાવના વિશે લખાયેલ કેટલીક લીટીઓ એટલી પ્રેરક છે કે આપણને તે વારંવાર વાંચવાનું મન થાય છે.

*જીવનમાં ભાવ સર્વસ્વ જીવનની શક્તિ લક્ષ્મી છે.*

● ● ●

*જીવનમાં ભાવના જો ના, જીવન કૃત્રિમ ખરેખર તે.*

● ● ●

*જીવન રસથી ભર્યું લાગે જીવનમાં ભાવના જો છે.*

જેમને **હરિ**માર્ગે જવું છે, તેમને માટે પૂજ્યશ્રીએ લખેલી નીચેની બે લીટીઓ વિચારપ્રદ અને પ્રેરક નીવડશે.

*'મનન ચિંતવન થકી **હરિ**ના **હરિ**નો પાસ લાગ્યો છે,*
***હરિ**નો પાસ લાગ્યાથી, **હરિ**ની લગની લાગી છે.'*

લગની લાગે એટલે તે મેળવવાનું દિલ થાય અને પછી તે કઈ રીતે મળે તે પ્રયત્ન કરવા માંડીએ છીએ. પૂજ્યશ્રીએ પણ તેમ જ કર્યું છે.

*'લગન લાગ્યે **હરિ**કેરી **હરિ**માં એકલું માત્ર*
*-જીવંતું ચેતનાત્મક તો ટકેલું મારું છે લક્ષ.'*

● ● ●

*કદી પણ સ્વપ્નમાં મેં ના **હરિ**ને દૂભવેલો છે,*
*ચહ્યું કરવા **હરિ**કેરું બધું હું તો મથેલો જે.*

ભગવાનનું નામ લેતાં લેતાં જ્યારે એના નામથી અને કામથી **હરિ**મય થઈ જવાય અને જીવનમાં :-

*'**હરિ** વહાલો, **હરિ** વહાલો જીવનમાં પ્રાણપ્યારો છે,*
*જીવનમાં હેત કરવાને **હરિ** જેવું બીજું ના છે.'*

શ્રેયાર્થીના દિલમાં જ્યારે ઉપરનો ભાવ જાગે છે ત્યારે વેલને જેમ વૃક્ષ મળતાં તે એને વીંટળાઈ વળે છે, તેમ શ્રેયાર્થીનું દિલ પણ એવું ભગવદ્‌ભાવભર્યું થઈ જાય છે કે પછી એ એકાકી લાગતો નથી અને એને થઈ જાય છે કે :-

*''લીધો સબળાનો ટેકો મેં હવે તેથી ન નબળો છું,*
*થતાં નબળાઈ વેળાએ ચઢી આવે મદદ તે શું !*

● ● ●

***हरि*** *તો એવો સબળો છે ચઢે જે એની પડખે તે*
*-કદી નબળો ન રહી શકતો* ***हरि****ની ખૂબી એવી છે.'*

અને ભગવાન જ્યારે ભક્તની બાંય પકડી ટેકારૂપ બને પછી કશું કહેવાનું રહે ખરું ? પછી તો :-

*'બધું મુજ* ***श्रीहरि*** *કેવું જગે સંભાળી તું લે છે !*
*હવે ઊઠબેસ કરવાની કશી મારે રહી ના છે.*

● ● ●

***हरि****ની ભક્તિ જીવનમાં બધે પ્રસરી ગયેલી છે,*
*જીવનની ઑર બલિહારી, અનુભવમાં પ્રકાશે છે.*

● ● ●

*જીવન ત્યારે ન પ્રાકૃત છે, જીવન ત્યારે અલૌકિક છે,*
***हरि****માં તે ગળી જઈને,* ***हरि****નો સ્વાદ ચાખે છે.'*

બધું મનગમતું મળે છે ત્યારે જીવનમાં કેવો આનંદ આનંદ થઈ જાય છે ! અને આ આનંદ કેટલાય સમય સુધી મળ્યા કરે છતાં તેની તૃપ્તિ થતી નથી. એમ જ **हरि**નો સ્વાદ ચાખ્યા પછી ભક્તની સ્થિતિ પણ આવી જ થઈ જાય છે. પછી પૂજ્ય શ્રીમોટા કહે છે તેમ :-

*'વિચારોના વિનિમયની જરૂર મુજને ન લાગી છે,*
*જ્યારે જરૂર પડે તેની શું આપોઆપ પ્રગટે છે !*

જીવનમાં આ રીતે જ્યારે **हरि**પ્રેમની અનુભૂતિ થાય છે ત્યારે

શ્રેયાર્થીને તેનું જીવન કૃતકૃત્ય થતું લાગે છે અને તેના જીવનમાં એક એવા પ્રકારની નિરાંત પ્રગટે છે કે જેનું વર્ણન કરવું મુશ્કેલ છે. જે **हरि**નો થાય છે તેનું **हरि** બધું સંભાળી લે છે. જેમ બાળકને કશી ફિકર હોતી નથી, પણ માબાપ બધું સંભાળી લે છે તેમ. તેનાં વર્ણનો પણ '**हरि**પ્રેમની અનુભૂતિ'માં પૂજ્ય શ્રીમોટાએ આલેખેલાં છે, તે વાંચવા સૌને ભલામણ છે.

આ **'જીવનપ્રભાત'** વિશેનો ટૂંક પરિચય 'સંપાદકના બે બોલ'માંથી શ્રેયાર્થીને જાણવા મળે તે રીતે જેમ જેમ પૂજ્ય શ્રીમોટાની સાધના થતી ગઈ અને તેનાં જરૂરી અવતરણો ટાંકવા યોગ્ય લાગ્યાં તે અહીં આપવામાં આવ્યા છે. પુસ્તકને હું ન્યાય આપી શક્યો હોઉં તેમ શ્રેયાર્થીને લાગશે તો તેથી મને ઘણી ખુશી થશે. પરંતુ કોઈને ક્યાંય રસક્ષતિ થતી જણાય એવું લાગે તો તેઓ મને દરગુજર કરશે એવી આશા છે. અંતમાં પૂજ્ય શ્રીમોટાએ કહ્યું છે તેમ :-

*'**हरि**ની યાદગીરી એ જીવન આખું અમારું છે,*
*જીવનનું વહાલસોયું દિલ **हरि** સંભારણું શું છે !'*

એમ થવાનું સદ્‌ભાગ્ય આપણને સૌને સાંપડો એ જ પ્રાર્થના.

**-રમાકાંત પ્રહ્‌લાદજી જોશી**
૪/૯, મ્યુ. સ્ટાફ ક્વાર્ટ્સ,
એલિસબ્રિજ, અમદાવાદ-૬.

॥ હરિઃૐ ॥

# લેખકના બે બોલ

## (પ્રથમ આવૃત્તિ)

'**हरि** ના શબ્દ ખાલી છે, **हरि** મારા જીવન વિશે
-જીવંતો ચેતનાત્મક ને શું પ્રત્યક્ષ ખરેખર છે !'

મારા ઉપરના કથનને જેઓ મારી સાથે પરિચયમાં આવ્યાં છે અને જેમણે મારું સાહિત્ય વાંચ્યું છે, તેઓ અનુમોદન આપશે એટલું જ નહિ, તેમાંનાં કોઈક તો તેના સાક્ષીરૂપ થશે. મારા આશ્રમો, ભગવાને લોકકલ્યાણને માટે જે કાર્યો મને સુઝાડ્યાં અને લોકોનાં જીવન ઉચ્ચ બનાવવામાં પ્રભુએ મને સદ્‌ભાગી બનાવ્યો, આ બધું ઉપરનું કથન સત્ય ન હોત તો મારાથી ન બની શકત. સત્યના ઉપાસકને ભગવાન એકાકી રાખતો નથી, પરંતુ તેને ટેકારૂપ બને છે. અલબત્ત, એના જીવનમાં કપરા કસોટીના પ્રસંગો પણ આવતા હોય છે.

ગાંધીજીના કોચરબના સત્યાગ્રહના આશ્રમના પ્રારંભના કાળની વાત છે. એકવાર આશ્રમના સંચાલન માટે નાણાં ખલાસ થઈ ગયાં અને તાત્કાલિક નાણાંની મદદ ન મળે તો આશ્રમ બંધ કરવો પડે એવી દહેશત સૌને લાગી. વ્યવસ્થાપકે આવીને ગાંધીજીને વાત કરી અને આશ્રમની પરિસ્થિતિનો ખ્યાલ આપ્યો. સાથે સાથે સૂચન પણ કર્યું કે તાત્કાલિક કોઈની પાસેથી નાણાં મેળવી કામ ચાલુ રખાય અને બહારની મદદ આવતાં તે પરત થાય, પરંતુ ગાંધીજીએ તેમ કરવાની ના પાડી અને ઈશ્વરને આશ્રમ ચલાવવો હશે તો નાણાં મોકલી આપશે. તેમ નહિ થાય તો આશ્રમ સહર્ષ બંધ કરીશું એવુ ંજાહેર કર્યું. સદ્‌ભાગ્યે બીજે જ દિવસે કોઈ આવીને આશ્રમમાં નાણાં આપી ગયું અન તેમનો ટેક સચવાયો.

આપણા સંતભક્તોની વાતો વાંચીશું તો તેમાંથી પણ અણીના સમયે

તેમને સહાયભૂત થયાની વાતો જાણવા મળે છે. તે ઉપરથી આપણે જોઈ શકીશું કે સત્યના ઉપાસકને ઈશ્વર કદી એકલો છોડી દેતો નથી.

ઘણી વાર મને મળવા આવતાં ભાઈબહેનોને મારી સાધનાની વાત જ્યારે કરું છું ત્યારે તેઓ આશ્ચર્ય અને અચંબો અનુભવે છે. ભગવાનની વાતોમાં ચમત્કારને સાંકળી લઈને રજનું ગજ કરીને એવી વાતોમાં જે માણસો આનંદ લે છે તેને પૂછીએ કે :-

તમે કોઈ વાર એકલા અંધારામાં ફરવા નીકળ્યા છો ? તો એમ કહેશે કે મોટા, એવી રીતે ફરવા જતાં કોઈ ચોરડાકુ મળી જાય તો શી દશા થાય ?

તમે કોઈ વાર એકલા નદી કે દરિયામાં તરવા પડ્યા છો ? તો કહેશે કે મોટા, એમ કરતાં ડૂબી જવાય તો ?

તમે કોઈ વાર એકલા પર્વત ચડવા ગયા છો ? તો કહેશે કે મોટા, એકલા પર્વત ચડવા જતાં કંઈ ગબડી ગયા તો બાર વાગી જાયને ?

આમ, જેમને પોતાની જાતને બચાવવી છે અને સહીસલામત રાખવી છે એમને માટે ભગવાનનો માર્ગ નકામો છે. ભગવાનનો માર્ગ તો શિર સાટેનો છે અને તેનું ચિત્ર રજૂ કરતાં એક ભક્ત કવિએ સાચું જ ગાયું છે કે :-

*'હરિનો મારગ છે શૂરાનો નહિ કાયરનું કામ જોને,*
*પરથમ પહેલું મસ્તક મૂકી વળતી લેવું નામ જોને.'*

જે સંકટથી ડરી જાય છે, દુ:ખથી ગભરાય છે, તેનાથી **આ** માર્ગમાં કશું વળવાનું નથી. વળી, એક બીજી વાત પણ ખાસ ધ્યાનમાં લેવા જેવી છે કે જેઓ શોખની દૃષ્ટિએ **આ** માર્ગમાં પડવા માગતા હોય તેમણે પણ લાખવાર વિચાર કરવો. દરિયો ખેડનાર તરવૈયો આસાનીથી દરિયો પાર કરી શકશે. કોઈ પર્વતારોહક હિમાલયના અજેય શિખરને સર કરી શકશે, પણ પરમાત્મ તત્ત્વને પામવું ઘણું દુષ્કર છે. મીરાં, નરસિંહ, જલારામ, સાંઈબાબા, ઉપાસની મહારાજ, રામકૃષ્ણ, વિવેકાનંદ, રમણ મહર્ષિ આદિનાં જીવનચરિત્રો વાંચશો તો કેટલાંય

કષ્ટને અંતે તેઓ પરમાત્મશક્તિને પામી શકેલાં. આપણા વેદો અને ઉપનિષદો જોશો તો કેટલાંય વર્ષોની તપશ્ચર્યાને અંત આપણા ઋષિમુનિઓ ઈશ્વરાનંદનો અનુભવ પ્રાપ્ત કરી શક્યા હતા. જેમને **આ** માર્ગમાં પડવું છે, તેમને આ પુસ્તકમાંની મારી **'સાધનાની આપવીતી'** વાંચી જવા ખાસ ભલામણ કરું છું. મારી સાધના મેં કઈ રીતે કરી તે તેમાંથી સારી રીતે જાણવા મળશે. **આ** માર્ગ ગૂઢ છે, તેમ છતાં મારાથી જેટલા થઈ શકાય તેટલા ખુલ્લા થઈને બધું મેં લખ્યું છે. કશું અસ્પષ્ટ રહેવા દીધું નથી.

કંઈ પણ મેળવવું હશે તો તે માટે પ્રયત્ન કરવો પડશે. કશું જ સામે આવીને નહિ મળે, તે **આ** માર્ગમાં પડનારે ખાસ સમજવું પડશે. ઘણા લોકો એમ માને છે કે સાધુસંતોની સેવા કરવાથી આપણું બધું થઈ જશે, તે પણ એક ભ્રમણા જ છે. અલબત્ત, કોઈ સાચો સાધુ કે સારો સંત હોય અને તે આપણી સેવાથી રાજી થયો હોય તો સાધના વિશે સમજાવે અને રસ્તો બતાવે એવું બને ખરું, પણ સાધના વિશે સાધુસંતો પાસે દોડી જઈને જાણવા જતાં કોઈ વાર ફસાઈ જવાનો પણ સંભવ છે. તેવો એક કિસ્સો મારી જાણમાં છે.

એક મારા સ્નેહી મિત્ર હતા. તેમને સાધના કરવાની બહુ તાલાવેલી લાગેલી. એક વખત એક સાધુને તેઓ મળ્યા અને બધી વાત કરી. પેલા સાધુએ તેમના ગુરુ થઈને સાધના કરાવવાની વાત સ્વીકારી, પરંતુ પોતે હિમાલયની પાસે હૃષીકેશમાં રહે છે, માટે મારી સાથે ત્યાં આવવું પડશે એમ કહ્યું. પેલા સ્નેહી મિત્રે તે કબૂલ કર્યું અને મારી પાસે આવીને બધી વાત કરી. ઘરમાં વાત કરે તો સૌ ભડકી ઊઠે અને જવા ન દે. આથી, છાનામાના જવાનું નક્કી કર્યું અને નક્કી કરેલ દિવસે તેઓ પેલા સાધુની સાથે ઊપડી ગયા અને તેઓ હૃષીકેશ પહોંચ્યા. ત્યાં બેત્રણ દિવસ રહ્યા બાદ બહારથી એક સાધુ આવ્યો, તેણે પેલા ગુરુ સાધુને કહ્યું કે અમુક સાધુ બોલાવે છે માટે ચાલો. મારા સ્નેહી મિત્ર આ બધો સંવાદ સાંભળતા હતા. તેમણે વિચારેલું કે ભલે તે બહાર જશે પણ મારી રહેવાની વ્યસ્થા

તો કરતા જશે, પણ તેવું કંઈ જ બન્યું નહિ અને સ્નેહી મિત્ર એકલાઅટૂલા થઈ ગયા. તેમની પ્રકૃતિ નબળા બાંધાની. રહેવાખાવાનું સચવાયું નહિ એટલે ઝાડા થઈ ગયા. કોઈ ગુજરાતીની સાથે રહેવાનું બને તો પોતે સચવાય તે આશયથી ગુજરાતી સાધુની શોધમાં નીકળ્યા અને તેમને રક્ષણ આપે તેવો ગુજરાતી સાધુ છેવટે મળી ગયો. વાતચીત કરતાં આ સાધુ પૂર્વજીવનમાં શિક્ષક હતા ત્યારે એમણે જ આ ભાઈને ભણાવેલા એવું ઓળખાણ નીકળ્યું, એટલે સ્નેહી મિત્રે સાધનાની લાલચમાં સાધુની વાતમાં કેવી રીતે ફસાયા અને ઘરેથી સાધુની સાથે છાનામાના અહીં કેવી રીતે આવ્યા અને સાધુ તેમને કેવી રીતે છોડી ગયો તેની બધી વાત કરી, ત્યારે ગુજરાતી સાધુએ કહ્યું કે સારું થયું કે તમે મારી પાસે આવ્યા, બીજે ફસાયા હોત તો હેરાન, હેરાન થઈ જાત. પછી તો દવા અને સારવાર સારી રીતે થયાં એટલે સ્નેહી મિત્ર સારા થઈ ગયા અને પાછા આવીને મને બધી વાત કરી.

સાધનામાર્ગમાં આવા પ્રસંગો પણ બનતા હોય છે. આથી જ શ્રેયાર્થીએ કોઈ આપણું કરી દેશે એ વાતમાં ન ફસાવું કે કોઈની કૃપા કે આશીર્વાદથી આપણું બધું થઈ જશે એ વાતમાં ન રાચવું. નહિ તો મેળવવા જતાં નુકસાન થવાનો વધુ સંભવ છે. અત્યારના આ કઠિન કાળમાં કોકને ઊર્ધ્વમાર્ગે જવાનું મન થાય છે અને તે માટે કંઈક કરી છૂટવા પણ તે તત્પર છે, તે જોતાં ઉચ્ચ જીવન જીવવાની તેને ભૂખ લાગી છે તે સારી વાત છે, પરંતુ માત્ર ઇચ્છાથી કંઈ મેળવી શકાશે નહિ, કારણ કે **આ** માર્ગ ત્યાગ અને તપશ્ચર્યાનો છે અને તેમાં ધીરજ, સહનશીલતા, સાહસ, હિંમત આદિ ગુણો જે રીતે કેળવાવા જોઈએ તે રીતે ન કેળવાય ત્યાં સુધી તેનું પરિણામ પામવું મુશ્કેલ છે. ગણિત અને બીજગણિતમાં જેમ તેના સિદ્ધાંતો હોય છે અને તે પ્રમાણે દાખલા ગણાય તો જ તેનો સાચો જવાબ મળે, તેમ સાધનામાં પણ એની ક્રિયા-પ્રક્રિયાઓનું ગણિત હોય છે. તે પ્રમાણે તે થાય તો જ તેનું યોગ્ય પરિણામ આવે, તે શ્રેયાર્થીએ ખાસ લક્ષમાં લેવું ઘટે છે. સંસારવહેવારમાં ધારણા અને ગણતરી પ્રમાણે કામ પાર પડે એવું બને, પણ અધ્યાત્મ-

માર્ગમાં ધારણા અને ગણતરી પ્રમાણે કામ પાર પડે પણ ખરાં અને ન પણ પડે. આ બાબતમાં શ્રેયાર્થીને ચોક્કસ ખાતરી આપી શકાતી નથી.

મારી સાધનામાં મેં દેખીતી આવી નાની નાની બાબતો ઉપર પણ વધુ ઝોક દાખવીને તેનું યોગ્ય પરિણામ લાવવા માટે એટલું બધું મથ્યો છું કે આજે તેની હકીકત કોઈને કહું તો તેના માન્યામાં પણ ન આવે. મારી લીધેલી તે મહેનત નકામી નથી ગઈ. તેની અસર મારી કાર્યદક્ષતા ઉપર એટલી બધી થયેલી કે મારા કામથી ત્યારે હું સૌને સંતોષ આપી શકેલો. ધીમે ધીમે ભગવાને મારી કાર્યદક્ષતાનો વિસ્તાર એટલો બધો કરી દીધો કે કોઈ પણ બાબત આજે મારી પાસે આવતાં તેનો યોગ્ય ઉકેલ આપતાં મને વાર લાગતી નથી અને પ્રભુકૃપાથી મારા પ્રત્યુત્તરથી પણ સૌને સંતોષ વળતો હોય છે. આને ભગવાનની કૃપા અને સાધનાનું સાફલ્ય નહિ તો બીજું શું ગણાય ?

મારા જીવનમાં ચમત્કારિક લાગે એવી ઘટનાઓ બની છે, પણ મેં તેને મહત્ત્વ આપ્યું નથી કે તેમાં રાચીને તે વાગોળ્યા કરી નથી કે તેની આળપંપાળ કરી નથી, પરંતુ ભગવાને મારી સાધનાશક્તિને વેગ મળે તે માટે આવા પ્રસંગો યોજ્યા હશે, તેમ માનીને હું તો મારી સાધનામાં જ મંડ્યો રહ્યો હતો. શ્રેયાર્થીએ પણ તેની સાધનામાં કદાચિત્ કોઈ ચમત્કારિક ઘટના બને તો તેમાં પડી નહિ રહેતાં, પોતાની સાધનામાં જ આગે બઢવાનું રાખવું. તેમ નહિ થાય તો 'નહિ અહીંના, નહિ તહીંના' ત્રિશંકુ જેવી સ્થિતિ થઈ જશે.

આધ્યાત્મિક માર્ગમાં ચમત્કારને લોકોએ બહુ મહત્ત્વ આપ્યું છે, તે બિરદાવવા જેવું નથી. જેને પ્રભુમાર્ગે જવું છે તેને બીજા કોઈની શક્તિ કેટલી કામમાં આવવાની ? આપણા જીવનમાં કદાચ કોઈ ચમત્કાર બન્યો તેથી કરીને આપણી સાધનાનું ધ્યેય પ્રાપ્ત થઈ ગયું તેમ આપણે કહી શકીશું ખરા ?

આજે જ્યારે ચમત્કાર વિશે લખવા બેઠો છું ત્યારે મારે મારા ચાહકોને પણ તે વિશે વિનંતી કરવાની કે તમારા જીવનમાં મારી પ્રાર્થનાથી કરીને કોઈ શુભ ઘટના બની હોય તો તે માટે મને ન

બિરદાવતાં મારા ભગવાનને બિરદાવજો, કારણ કે મેં તો તમારે માટે પ્રાર્થના કરી હતી, પરંતુ તમારું પાર પાડવાનું કામ તો **ए**ના હાથમાં હતું અને **एणे** તે પાર પાડ્યું, તે માટે **ए**ના ગુણગાન ગાજો. ભગવાને મને **ए**નો ખેપિયો બનાવ્યો છે અને મને તે જે આદેશ અને સંદેશ આપે છે, તે તમને હું આપું છું. મને તેમાં આનંદ છે.

અમદાવાદના ટાઉનહૉલમાં રામનવમીના ઉત્સવ પ્રસંગે લોકોએ મારી ઉપર જે પ્રેમ વરસાવ્યો છે તે મારી ઉપર નહિ, પણ મારા ભગવાન ઉપર વરસાવ્યો છે એમ ગણું છું. માનવીનું કશું મહત્ત્વ નથી. મહત્ત્વ તો એ સર્વ શક્તિમાન ભગવાનનું જ છે. મારી આ વાત જ્યારે તમને ઠસી જશે ત્યારે ટાઉનહૉલમાં મેં તમને કહેલી વાત યાદ કરજો કે મોટાને મળવા આવો તે કરતાં તેટલો સમય જો તમે ભગવાનના સ્મરણમાં ગાળશો તો મને મળવા આવ્યાથી પણ તેને હું અધિક ગણીશ.

**'જીવનપ્રવાહ'**નાં ગીતો લગભગ પૂરાં થવાં આવ્યાં હતાં. ભાઈ રજનીભાઈ, તે ગીતો સારા અક્ષરે ઉતારતા હતા. તે પછી મેં તેમને વાત કરી કે હજી તો બીજાં ગીતો મનમાં ઊભરાય છે. એટલે તેઓ બોલ્યા કે મોટા, તો પછી તમે લખ્યા કરોને ! કોઈ છપાવનાર તો મળી આવશે.

ભાઈ રમાકાંત જોશીએ આ કામ માથે લીધું છે, પરંતુ એમનો હું આભાર શો માનું ? એમનો સંબંધ તો ઘણો અંગત છે. તેમણે મારા માટે ઘણું કર્યું છે અને કરે છે. આ **'જીવનપ્રભાત'**નાં ગીતો છપાવી આપવાનું કામ તેમણે સ્વીકાર્યું છે, તે ભગવાનની કૃપા છે. આ **'જીવનપ્રભાત'**નાં ૨૦૮ ગીતોમાંથી ૧૪૮ તો નડિયાદ આશ્રમે લખાયેલાં અને બાકીનાં ૬૦ ગીતો ફાજલપુરમાં લખાયાં, લખાવનારો લખાવે છે. બાકી, હું તો તેનો લહિયો જ છું. આ **'જીવનપ્રભાત'**ના એક ગીતમાં મેં લખ્યું છે તે તદ્દન સાચું છે કે :-

'ચલાવ્યો જો **हरि**એ છે, ચલાયું તો જ મુજથી છે,
નહિતર બાકી મુજ જેવાતણું ના કામ **आ** પથ છે.'

હરિઃ ૐ આશ્રમ, સુરત **-મોટા**
તા. ૩-૯-૧૯૭૨

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (પ્રથમ આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાનાં સાધનાઅનુભવગીતનાં ઘણાં પુસ્તકો પ્રસિદ્ધ થયેલાં છે, તેમાં આ પુસ્તકના પ્રકાશનથી એક વધુ પુસ્તકનો ઉમેરો થાય છે. જેમ દરિયાની ભરતીઓટ અને દિવસનાં સવારસાંજ ભલે એક હોય તેમ છતાં તેનાં દર્શન જુદાં જુદાં હોય છે અને હૃદયગમ્ય લાગે છે. તેવી રીતે પૂજ્ય શ્રીમોટાએ તેમની સાધનાકથાના લખેલાં આ ગીતો તેમની સાધનાનાં છે, પરંતુ તે એવી વિવિધ રીતે રજૂ થયાં છે કે તે વાચકને અલગ અલગ રીતે સ્પર્શી જાય છે. તેમની સાધનાનો પ્રવાહ શરૂઆતથી અંત સુધીમાં ક્યાંક ક્યાંક સાંકડા પટમાં તો ક્યાંક ક્યાંક વિશાળ પટમાં વહી જાય છે. નદીમાં પગ મૂકતાં શરૂઆતમાં જેમ ઓછાં પાણી હોય છે, પણ આગળ ચાલતાં કેડ સમાં, પછી છાતી સમાં એમ પાણી વધતાં જાય છે, તેમ આ સાધનાકથાનાં જળ પણ શરૂઆતમાં થોડાં થોડાં અને પછી વધતાં વધતાં ઊંડાં ઊંડાં થતાં જાય છે. કોઈ કુશળ તરવૈયો હોય તે જ તેમાં પડીને અનુભવમોતી મેળવી શકે.

પૂજ્ય શ્રીમોટાએ તેમની સાધના વિવિધ રીતે કરેલી છે, એટલે તેનાં આલેખનો પણ વિવિધ છે. તેમ છતાં તે બધાં એટલાં સુસંગત અને સુસ્પષ્ટ છે કે વાંચતાંની સાથે સમજાઈ જાય છે અને તેમણે કરેલ સાધનાનાં ચિત્રાંકનો શ્રેયાર્થીના દિલમાં મૂકી જાય છે. સાધનાનાં આવાં સરળ અને ભાવવાહી ગીતો પ્રભુપંથે વળનાર ભાઈબહેનોને એમની સાધનામાં રુચિકર થશે તો પૂજ્ય શ્રીમોટાએ સર્જન માટે લીધેલો શ્રમ યથાર્થ થશે.

પૂજ્યશ્રીની તબિયત હાલમાં સારી નથી. તેથી, દાક્તરોએ એમને સંપૂર્ણ આરામ લેવાની અને હળવામળવાની મના કરી છે. એટલે તેઓ ખાસ કોઈને હળતામળતા નથી. તેમ છતાં તેમના દિલમાં પરમાર્થનાં

કાર્યો માટેની ભરતીમાં ઓટ આવી નથી કે લોકલ્યાણની યોજનાનું મહત્ત્વ ઘટ્યું નથી. તેમનો સંકલ્પ લોકો માટે સમાજના ગુણવિકાસને પ્રેરક અને પોષક રૂપિયા એક કરોડની વિવિધ યોજનાઓ કરવાનો છે અને તે માટે સમાજના ઉદાર અને સુખી ગૃહસ્થોને તેઓ ઉદાર દિલે ફાળો આપવાની વિનંતી કરે છે. 'સમાજનો સુખી વર્ગ જો સ્વેચ્છાએ ફાળો નહિ આપે તો સરકાર કાયદા દ્વારા રાષ્ટ્રના પરમાર્થ અને કલ્યાણ માટે તેમને ફરજ પાડશે. આમ થાય તે કરતાં આપણાં નાણાંનો ઉપયોગ આપણે જ સમાજના ભલાને માટે કરીએ તે શું ખોટું ? તિજોરીમાં સચવાયેલ નાણાં કોઈને કલ્યાણકારી નહિ નીવડે જ્યારે સમાજનાં સત્કાર્યો માટે વપરાયેલ નાણાં સૌને ઉપકારક નીવડશે. આ વાત સમજીએ તે આપણા હિતમાં છે. નહિ સમજીએ તો કાળ સમજાવશે' એવું ઘણી વાર પૂજ્યશ્રીએ કહ્યું છે.

ભાઈ રજનીભાઈએ આ પુસ્તકમાંનાં ગીતોની સારા અક્ષરમાં નકલો ઉતારી આપવાનું જે કામ કર્યું છે, તે માટે તેમને ધન્યવાદ ઘટે છે. ભાઈ ધનસુખભાઈ તથા ભાઈ અરવિંદભાઈએ બધાં ગીતો વાંચવામાં સહકાર આપીને પ્રેસકોપી તૈયાર કરવામાં જે મદદ આપી છે, તે બદલ તે બંનેના અમો આભારી છીએ. સુરત આશ્રમે પૂજ્યશ્રી હોય છે ત્યારે વહેલી સવારે તેઓ બંને તથા બીજા કેટલાક ભાઈઓ આશ્રમે આવીને પૂજ્યશ્રીનાં ગીતો સર્જન થતાં હોય છે ત્યારે હાજર હોય છે. એટલે આવાં ગીતોનાં શ્રવણ અને સર્જનથી તેઓ સુપરિચિત છે.

આ પુસ્તકના પ્રકાશનની જેમણે જવાબદારી લીધી છે, તે ભાઈશ્રી રમાકાંત જોશી તો પૂજ્યશ્રીના અને આશ્રમના એટલા નિકટના સ્વજન છે, તેમ આશ્રમનાં અને આશ્રમવાસીઓનાં નાનાંમોટાં કામમાં એટલા બધા મદદરૂપ છે કે તેમનો આભાર જેટલો માનીએ એટલો ઓછો જ છે. શ્રીગુરુકૃપા ગેસ્ટહાઉસવાળા શ્રી ઇંદ્રવદન શૅરદલાલની તો અમને મોટી ઓથ છે. પૂજ્યશ્રીનાં પુસ્તકોની સાચવણીનું કાર્ય સંભાળીને

તેમણે અમને ઘણા નિશ્ચિંત રાખ્યા છે. સ્નેહી સજ્જનો તેમને આ પુસ્તકોના વેચાણકાર્યમાં મદદ કરશે તો આશ્રમને અને પૂજ્યશ્રીને ઘણી ઘણી મદદ કરી ગણાશે. **હરિ**કાર્ય એ સૌનું કાર્ય છે અને આ પુસ્તકોના વેચાણમાંથી ઉપાર્જન થનારી બધી જ રકમ લોકકલ્યાણનાં કાર્યોમાં જ વાપરવાની છે. એટલે આમાં આપણે આપણા માટે જ કાર્ય કરવાનું છે, એવા સચિંત મને આ પુસ્તકવેચાણનું કાર્ય સૌ ઉપાડી લે તો એક મોટું કામ પતી જાય. અંતમાં લાઈટ પ્રેસનો સાથ અને સહકાર ન હોત તો પૂજ્યશ્રી રચિત આટલાં બધાં પુસ્તકો આટલા ટૂંકા ગાળામાં સમાજ પાસે રજૂ ન કરી શકાત. આ માટે તેમને ધન્યવાદ આપતાં અને તેમનો આભાર માનતાં અમને ઘણો આનંદ થાય છે.

**નંદુભાઈ શાહ**

વ્યવસ્થાપક ટ્રસ્ટી,

તા. ૧૧-૬-૧૯૭૫ હરિઃૐ આશ્રમ, નડિયાદ.

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (ત્રીજી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાએ પરમ પદની પ્રાપ્તિ બાદ સમાજને બેઠો કરવાના સંકલ્પથી જે અનેકવિધ યોજનાઓ સમાજનાં ચરણે ધરી, તેમાં વિપુલ પ્રમાણમાં સ્વરચિત ગદ્ય અને પદ્ય સાહિત્યનો સમાવેશ થાય છે. ખાસ કરીને દેહત્યાગ પૂર્વેના અંતિમ તબક્કાઓમાં આવી ગઝલોનું સર્જન ધોધસ્વરૂપે પ્રકાશિત થયું છે. જેમ જેમ સમય જશે તેમ તેમ સમાજ અને અધિકારીવર્ગ એના મૂલ્યાંકનને સમજી શકશે. કોઈક સ્થળે પૂજ્ય શ્રીમોટાએ 'સો વર્ષ'ની અવધિનો ઉલ્લેખ આ સંદર્ભમાં કર્યો છે.

પૂજ્યશ્રીના આવા અમૂલ્ય સર્જનની પ્રાપ્તિ સરળ રીતે શક્ય બને તે ભાવનાથી તેની નવી આવૃત્તિનું પ્રકાશન હાથ ધરીએ છીએ. સને ૧૯૭૫માં **'જીવન પ્રભાત'**ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન થયેલું, તે પછી તેની આ ત્રીજી આવૃત્તિનું પ્રકાશન સ્વજનોને ઉપલબ્ધ કરાવતાં અમો ધન્યતાની લાગણી અનુભવીએ છીએ.

આ પુસ્તકની મુદ્રણશુદ્ધિનું કાર્ય શ્રી જયંતીભાઈ જાનીએ પૂરા સદ્‌ભાવથી, ખંતથી અને ચોકસાઈપૂર્વક કર્યું છે, તે બદલ અમો તેમના ખૂબ ખૂબ આભારી છીએ.

સાહિત્ય મુદ્રણાલયના શ્રી શ્રેયસભાઈ વિષ્ણુપ્રસાદ પંડ્યાએ પૂજ્ય શ્રીમોટા પ્રત્યેના ભક્તિભાવથી આ પુસ્તકનું મુદ્રણ કરી આપ્યું છે. તેઓશ્રીના આવા અમૂલ્ય અને ઉદારતાભર્યા સહયોગના કારણે જ પૂજ્ય શ્રીમોટાનો અક્ષરદેહ ઘણી ઓછી કિંમતે સમાજચરણે મૂકી શકીએ છીએ. શ્રી શ્રેયસભાઈ પંડ્યાના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

આશા છે કે સ્વજનો આ પ્રકાશનને આવકારશે.

તા. ૮-૪-૨૦૧૪ — **ટ્રસ્ટીમંડળ,**
રામનવમી, સં. ૨૦૭૦ — હરિઃૐ આશ્રમ, સુરત

# અનુક્રમણિકા


| ખંડ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | સ્મરણસાધના | ૧ થી ૩૬ |
| ૨ | પ્રાર્થના અને નિવેદન | ૩૭ થી ૭૨ |
| ૩ | સાધનાની આપવીતી | ૭૩ થી ૧૩૨ |
| ૪ | પ્રેરણા, તમન્ના અને **હરિ**ભાવ | ૧૩૩ થી ૧૫૭ |
| ૫ | **હરિ**દર્શનનો પ્યાસી | ૧૫૮ થી ૧૭૮ |
| ૬ | **હરિ**પ્રેમની અનુભૂતિ | ૧૭૯ થી ૨૧૨ |


❏

# જીવનપ્રભાત

❑

પૂજ્ય શ્રીમોટા

**‘હું સર્વત્ર વિદ્યમાન છું.’**

‘જીવનદર્શન’, ૧૧મી આ., પૃ. ૪૩૧

**- શ્રીમોટા**

હરિ:ૐ

# ખંડ - ૧

# સ્મરણસાધના



છુપાયેલો **હરિ** ગૂઢ જે છતો થાય સ્મરણથી **તે**,
**હરિ** લીધે જીવનકેરું રહસ્ય, મૂલ્ય જાણ્યું છે.

હરિ:ૐ

## અભય ને નમ્રતા, મૌન વળી એકાંત પાળ્યાં છે

જીવનની સાધના વિશે બધું મુજથી થયેલું જે,
વિના સંકોચ, સઘળું તે હવે કથવાનું ધાર્યું છે.

જીવનની સાધનાકેરો બધો અત્યાર સુધીનો
-છૂપો ઈતિહાસ, તે આજે થતો ખુલ્લો જતો શો તે !

સ્મરણ લેતાં, ભજન ગાતાં ઘણાંએ નીરખેલો છે,
હૃદયથી ધ્યાન ધરવાને વળી એકાંત સેવ્યાં છે.

અભય ને નમ્રતા, મૌન વળી એકાંત પાળ્યાં છે,
ભૂમિકા તેથી મારી તો થતી પાકી ગયેલી છે.

હરિઃૐ

## સ્મરણમાં જોતરાવાનું કરાવ્યું દિલ હરિએ છે

નકામી કોઈ વાતોમાં સમય મેં ના ગુમાવ્યો છે,
સ્મરણ વિશે **હરિ**કેરા સમય ઉપયોગ લીધો છે.

જીવનના સૌ તબક્કામાં ઘણું હું તો ભૂલેલો છું,
પરંતુ **હરિ**સ્મરણને દિલ કદી ભૂલી શક્યો ના છું.

જીવનનાં સર્વ કર્તવ્યોમહીં કર્તવ્ય સ્મરવાનું
-મહત્ત્વે દિલ ટકેલું છે, જીવનનું ભવ્ય તે લહાણું.

સ્મરણમાં જોતરાવાનું કરાવ્યું દિલ **હરિ**એ છે,
**હરિ**એ તે નિભાવ્યું છે, રહમદિલી **હરિ**ની છે.

હરિ:ૐ

## સ્મરણ हरिનું ખરેખર મુજ જીવનની આદ્યશક્તિ છે

**हरि**ને યાદ કરી કરીને મને છે મોજ જીવવાની,
સ્મરણ **हरि**નું જીવનમાં છે, જીવન જીવવાની મુજ ચાવી.

મનન ચિંતવન **हरि**કેરું જીવન જીવવાનું કારણ છે,
સ્મરણ છે જીવતું તેથી ન ક્ષણભંગુર જીવન લાગે.

સ્મરણ **हरि**નું ખરેખર મુજ જીવનની આદ્યશક્તિ છે,
ભુલાતાં સ્મરણ ઘડીક પળ, તો જીવન ટકવું અશક્ય જ છે.

**हरि** ના શબ્દ ખાલી છે, **हरि** મારા જીવન વિશે
-જીવંતો ચેતનાત્મક, ને શું પ્રત્યક્ષ ખરેખર છે !

હરિ:ૐ

## સ્મરણથી કેટલો મોટો હૃદય વિશ્વાસ ઊગ્યો છે !

**हरि** સ્મરવું, **हरि** સ્મરવું જીવન કર્તવ્ય બસ મુજ તે,
વિના તેના હવે બીજું જીવનમાં કર્મ ના કોઈ છે.

સ્મર્યા વિના કશો આરો જીવનમાં ના હવે મુજને,
સ્મરણની શક્તિ આધારે કૃપાથી તો જિવાતું છે.

સ્મરણથી કેટલો મોટો હૃદય વિશ્વાસ ઊગ્યો છે !
જીવાદોરી સ્મરણ મુજને, જીવનની પ્રેરણા **हरि** છે.

છુપાયેલો **हरि** ગૂઢ જે છતો થાય સ્મરણથી **ते**,
**हरि** લીધે જીવનકેરું રહસ્ય, મૂલ્ય જાણ્યું છે.

હરિઃૐ

## હ્રદય તલ્લીનતામાંથી હ્રદય વહાલ વછૂટ્યું છે

**हरि** ભજવાતણું મેં તો જીવનમાં વ્રત લીધેલું છે,
સતત વ્રત રાખવા જીવતું કડીતોડ મથેલો જે.

હ્રદય વ્રત પાળવાથી તો ઊંડો નિશ્ચય બઢેલો છે,
સદા નિશ્ચયના પાલનથી અડગતા દિલ ઊગેલી છે.

**हरि**ની ભક્તિમાં તેનો પૂરો ઉપયોગ કીધો છે,
સતત ઉપયોગથી એવા હ્રદય તલ્લીન થવાયું છે.

હ્રદય તલ્લીનતામાંથી હ્રદય વહાલ વછૂટ્યું છે,
પલાળીને ચરણ તેથી કરેલું આચમન મેં છે.

હરિઃૐ

# જીવનનું પૂર્ણવિરામ हरि પોતે ખરે મુજને

**हरि**ને દિલ ભજવાનું ચહી ચહીને દિલ કરેલું છે,
કશીયે તૂટ તે વિશે કદી પડવા ન દીધી છે.

સતત બસ એકનું એક જ કર્યાં તે કર્મ કીધું છે,
છતાં પણ તે વિશે દિલમાં ન કંટાળોય ઊપજ્યો છે.

ઊલટું કેવું હૃદયમાં તો નિરંતરના ભજન વિશે
-ઊંડો આહ્‌લાદ, આરામ જીવનમાં શા મળેલા છે !

જીવનનું પૂર્ણવિરામ **हरि** પોતે ખરે મુજને,
બધી નેમ જીવનની તો ફળી તેથી ગયેલી છે.

હરિઃૐ

# લૂલું, લૂલું સ્મરણસાધન કર્યાં મેં દિલ કરેલું છે

જીવનમાં કારમી વેળા સમય કેમે ખૂટ્યો ના છે,
દિવસ લાંબો થયેલો છે, સમય એળે ગયેલો છે.

કૃપાથી તે સમય કેવો હૃદય ખૂંચ્યા કરેલો છે !
છતાં પણ યોગ્ય કરવાનું મને પૂરું ન સૂઝ્યું છે.

લૂલું, લૂલું સ્મરણસાધન કર્યાં મેં દિલ કરેલું છે,
પછી એમાંથી તો વેગ હૃદયમાં તીવ્ર પ્રગટ્યો છે.

ભજનકીર્તન, સમર્પણ ને નિદિધ્યાસન બીજાં સાધન
-કૃપાથી થયાં જવાથી તે, થવાને છે અડગ, સ્થિર.

હરિઃૐ

# સતત સ્તવતાં રહેવાથી કંઈક જોતો થયેલો છું

અધૂરપ ને ઊણપ કેવી બહુ બહુ રીતની મુજ છે !
બધી મઠારવાને તે ભગીરથ દિલ મથાયું છે.

જીવનને યોગ્ય કરવાને પૂરેપૂરું બધી રીતે,
**हरि**ની કૃપા થકી કેવું સૂઝેલું તે કરેલું છે !

નયન હોવા છતાં હું તો હતો શો આંધળો પૂરો !
સતત સ્તવતાં રહેવાથી કંઈક જોતો થયેલો છું.

થવાયું દેખતું મુજથી જીવનમાં કંઈ કૃપાથી જે
-**हरि**નો કેટલો મોટો થયો ઉપકાર મુજ પર છે !

હરિઃૐ

## કૃપા હરિની મળંતાં જ્યાં થવાનું શક્ય શું ના છે ?

જીવનમાં **હરિ**સ્મરણકેરો જીવનધંધો સ્વીકાર્યો છે,
બઢવવાને જીવનધંધો હું મંડ્યો ખાઈખપૂચીને.

કમાણી તે વિશે બનવા જીવનમાં એક થઈ જઈને,
હું લાગી તો પડેલો શો ! ન ગણકારી કશું પણ જે.

લીધેલા કર્મને પૂર્ણ થવા મંડી પડાયું છે,
જીવનને કર્મથી નોખું કદી મેં ના ગણેલું છે.

કૃપા **હરિ**ની મળંતાં જ્યાં થવાનું શક્ય શું ના છે ?
**હરિ**માં પૂર્ણ વિશ્વાસ ધરીને કર્મ લીધું છે.

હરિઃૐ

# હરિનાથી જુદો મુજને કદી મેં તો ન માન્યો છે

મને જેમાં અને તેમાં સ્મરણ જાગી હૃદય વિશે,
**હરિ**નું ભાન પ્રેરવવા કંઈક કરતૂક થયેલાં છે.

સતત બસ એકના એક પડી કર્મે ગયેલા જે,
લગાતાર થતાં પૂર્ણ, થવાયું એકરસ હૃદયે.

**હરિ**માં દિલ પ્રોવાતાં **હરિ**માં લક્ષ ચોંટ્યું છે,
જીવનમાં રસ પછીથી શો **હરિ**ને દિલ સ્ફુરેલો છે !

**હરિ**નાથી જુદો મુજને કદી મેં તો ન માન્યો છે,
**હરિ** અસ્તિત્વમાં મારું જીવન આખું સમાયું છે.

હરિઃૐ

## हरिની ધૂનનો ભેખ જીવન ધારણ કરેલો છે

હું બગડેલો હતો તેનું હૃદય જ્યાં ભાન જાગ્યું છે,
ઝડપથી તે પછી મુજથી જવા આગળ ધપાયું છે.

**हरि**ના સ્મરણમાં ઊંડું ઊંડું દિલ લગાવીને,
**हरि**ની ધૂનનો ભેખ જીવન ધારણ કરેલો છે.

સ્મરણની ધૂનમાં હું તો શું ગાંડોતૂર થયેલો જે !
નશામાં ને નશામાં તે શું દોડ્યા મેં કરેલું છે !

**हरि**ની મહેરબાનીથી **हरि**એ કર ગ્રહી લઈને,
મને એનાં ચરણ વિશે ઠરી ઠામ કરેલો છે.

હરિઃૐ

# રહી એકીટશે મંડ્યા કર્યાં કર્યું છે સ્મરણ ઊંડું

હું બોથડ શો પૂરેપૂરો હતો કેવો જીવન વિશે !
સ્મરણમાં દિલ પરોવ્યાથી મતિ કંઈ સુધરેલી છે.

હું ટેવાઈ જવા કેવો **શ્રીહરિ**નાં પદકમળ વિશે
-હૃદય ઉત્સુક સંપૂર્ણ, હતો આસક્ત દિલમાં જે.

બધું બે બાવડાંકેરું હતું બળ તેતણો દિલથી
-**હરિ**ના સ્મરણમાં તેનો પૂરો ઉપયોગ કીધો છે.

સતત મુજ કર્મ કરવા તે કદી મોળો પડ્યો ના છું,
રહી એકીટશે મંડ્યા કર્યાં કર્યું છે સ્મરણ ઊંડું.

હરિઃૐ

## કૃપા કરીને હરિએ તો ગ્રહી મુજ હાથ લીધો છે

જીવનમાં કેટલી વાર ધમાચકડી મચેલી છે !
ઊથલપાથલ થતાં દેખી ઉચાટ દિલ થયેલો છે.

જીવનમાં શા ઉચાટે તે કરેલો ઊથલાવ્યા છે !
નિરાંતે જંપીને એણે દીધો ના બેસવા કદીયે.

સ્મરણ, કીર્તન, ભજન નિશદિન કર્યા કરવાનું રાખીને,
મનાદિને **હરિ**પદમાં પલાળી ખૂબ રાખ્યાં છે.

કૃપા કરીને **હરિ**એ તો ગ્રહી મુજ હાથ લીધો છે,
ખરા સંકટ સમય ટાણે મદદ મુજ ધાઈ આવ્યો છે.

હરિઃૐ

## અશાંતિ, ક્લેશ, સંતાપ થવાં દીધાં નથી સહેજે

કદી પણ ભાંજગડમાં તો જીવનમાં કોઈની સાથે
-ભૂલેચૂકે પડ્યો ના છું, વહેલો છું સરળ રીતે.

જીવનમાં ટંટોફિસાદ કશો પણ ના કરેલો છે,
અશાંતિ, ક્લેશ, સંતાપ થવાં દીધાં નથી સહેજે.

મળેલાં સર્વ સંગાથે સમાધાન કરી કરીને,
હૃદય સદ્‌ભાવ કેળવવા મથેલો હું બધી રીતે.

જીવનમાં તેથી નિરાંત હૃદય અનુભવેલી છે,
ભજનકીર્તન, સ્મરણ દિલમાં સરળ તેથી થયેલાં છે.

હરિઃૐ

## નધણિયાતો હતો, તેનો સમર્થ ધણી થયો તું છે

બબૂચક પેઠ વર્તાયું, ન ઝાઝી બુદ્ધિ ચાલી છે,
શી સૂક્ષ્માતીત બુદ્ધિ તો **हरि**ને પંથ ખપની છે !

સ્મરંતો હું ગયો જેમ, મતિમાં ફેર પડિયો છે,
સતત બસ માત્ર દિલ સ્મરતાં મતિ ખુલ્લી થતી ગઈ છે.

**हरि** ભજતાં, હૃદય ભક્તિ **हरि**ની દિલ બઢેલી છે,
નિરંતરની થતાં ભક્તિ **हरि** જાગી ઊઠેલો છે.

**हरि**એ તો પછી મારી બધી સંભાળ રાખી છે,
નધણિયાતો હતો, તેનો સમર્થ ધણી થયો તું છે.

હરિઃૐ

## વર્તન, વિચાર ને ભાવ ત્રિવેણી મેળ બનતો છે

**हरि** ભજવાનું તો કેવું જીવન જીવવાનું કૌવત છે !
નિરંતરનું ભજન **हरि**નું જીવનમાં પ્રકાશ પાડે છે.

'સતત સ્મરવું, સતત ભજવું, સતત કીર્તન કર્યાં કરવું',
હૃદય એને જીવન સાચું અમે પ્રેમે ગણેલું શું !

લખેલું **आ**, પ્રમાણે તે અમે વર્તન કરેલું છે,
અમોને એમ વર્તેલા જીવન જોનાર કંઈ જન છે.

વર્તન, વિચાર ને ભાવ ત્રિવેણી મેળ બનતો છે,
**हरि**કૃપાથી તે તીર્થ જીવનમાં સાચું બનતું છે.

હરિ:ૐ

## હૃદય કિંમત જીવનકેરી હવે સમજાઈ મુજથી છે

ગમે તેવું થયું મુજ છો, તને ભૂલી ગયો ના છું,
બહુ જ કપરી શી વેળાએ મને તું યાદ આવ્યો છું !

સ્મરણ લીધા જવાયાથી જીવન ફક્કડ થયેલું છે,
હૃદય કિંમત જીવનકેરી હવે સમજાઈ મુજથી છે.

હૃદય એકાગ્રતા કંઈક થતાં, ત્યારે હૃદયનો તે
-ઊંડા ભાવતણો કેવો ઉછાળો દિલ માર્યો છે !

પછી ભાવ થયો ગાઢ, નિરંતરનો થઈ જઈને,
હૃદયની ભક્તિમાં તેનું પરિણામ પ્રકાશ્યું છે.

હરિઃૐ

# સ્મરણને અંત સુધી તો લઈ કેવો ગયેલો જે

**हरि** અળવીતરો શો છે, રીઝે કઈ રીતે **हरि** પોતે ?
બહુ વિચારી જોતાંયે જડ્યો પાયો ન જેનો છે.

**हरि** વિશે વિચારોયે જુદા જુદા સ્ફુરેલા છે,
હું ગોટાળા વિશે ત્યારે પડી કેવો ગયેલો જે !

પરંતુ તે છતાં મેં તો સ્મરણને એકલું ગ્રહીને,
સ્મરણને અંત સુધી તો લઈ કેવો ગયેલો જે.

સધાતાં જ્યાં પૂરેપૂરી થઈ એકાગ્રતા દિલ છે,
થતાં બીજાં બધાં સાધન પછી ના વાર લાગી છે.

હરિઃૐ

## हरिने દિલ દેવાનો જીવન આહાર હૃદય પ્રિય છે

હૃદય સ્મરવું, ભજન કરવું, હૃદય સત્સંગ ધાર્યો છે,
હૃદય સત્સંગથી એવા જીવન ફોરમ બઢેલી છે.

**हरि**ને દિલ દેવાનો જીવન આહાર હૃદય પ્રિય છે,
અને આહારથી એવા જીવન પુષ્ટ થતું રહે છે.

**हरि**સેવનથી હૈયામાં શું નવજીવન ફૂટેલું છે !
પ્રતિષ્ઠા **श्रीहरि**કેરી જીવન તેથી થયેલી છે.

મને શો ભાગ્યશાળી હું હૃદયથી માની ધારીને,
**हरि** પર થાઉં ન્યોછાવર હૃદયથી હું લળી લળીને !

હરિઃૐ

# જીવનનો સર્વ નિચોડ હરિપદમાં સમાયો છે

જીવનમાં આડખીલી તો કશી મારે રહી ના છે,
અને વહેવાર પાસામાં **હરિ**દોરવણી મુજને છે.

કશું અધવચ ન લટકે છે, લીધેલું પાર ઊતરે છે,
લીધેલા કર્મથી પાર કૃપાથી તો થવાતું છે.

જીવનનો સર્વ નિચોડ **હરિ**પદમાં સમાયો છે,
હૃદય આહ્લાદ સંપૂર્ણ સ્તવનથી શો મળેલો છે !

જીવનમાં પ્રકાશ તો જ્યાં ત્યાં સ્મરણ ભક્તિથી લાધ્યો છે,
પ્રતાપ ને પ્રભાવ જ પણ **હરિ** લીધે મળેલા છે.

હરિઃૐ

## સતત દિલનો ઊંડો ભાવ જીવનની કૃતાર્થતા શી તે

સતત અભ્યાસને લીધે જીવન જીવતું થયેલું છે,
થયા વિણ સાધનાભ્યાસ જીવન ના ગોઠતું પણ છે.

વિના પાણી, હવા, અન્ન ન પળવાર જિવાતું છે,
**હરિ**નામ જીવનનો મુજ ખરો આધાર, ટેકો છે.

સ્મરણ જીવનનું સોપાન, સ્મરણનો ભાવ જીવન છે,
નિરંતર ભાવથી કેવું જીવન રળિયામણું છે તે !

સતત બસ ભાવમાં વહેવું જીવન જીવવાનું લહાણું છે,
સતત દિલનો ઊંડો ભાવ જીવનની કૃતાર્થતા શી તે !

હરિઃૐ

## મને ત્યારે હરિએ શી કૃપા અઢળક કરેલી છે !

મને દિલમાં ગમ્યું ના છે, શું એકલવાયું લાગ્યું છે !
બધું હોવા છતાં સારું, મને દિલ ના જચેલું છે.

કર્યા કરતો હતો સઘળું, છતાંયે દિલમાં મુજને
-કશે કળ ના વળેલી છે, સૂનું સૂનું દિલ લાગ્યું છે.

સ્મરણ પણ દિલમાં કેવું સૂકું સૂકું થતું રહે છે !
બધા રસકસ ઊડી કેવા ગયેલા લાગતા મુજને !

મને ત્યારે **હરિ**એ શી કૃપા અઢળક કરેલી છે !
મને પાછો ભીનો ભીનો કરી જીવનમાં દીધો છે.

હરિ:ૐ

## હૃદયમાં પ્રેમ લાગ્યાથી हरि શો શ્રેષ્ઠ લાગ્યો છે

મને સંસારમાં શ્રેષ્ઠ **हरि**નામ મળેલું છે,
**हरि**નામ ન જેમાં છે ભલે ઉત્તમ, ન ઉત્તમ તે.

**हरि, हरि** દિલ ભજતાંમાં **हरि**માં પ્રેમ લાગ્યો છે,
હૃદયમાં પ્રેમ લાગ્યાથી **हरि** શો શ્રેષ્ઠ લાગ્યો છે !

હવે તો **हरि** વિના મુજથી જીવી કદી ના શકાતું છે,
હવા, જળ, અન્નની પેરે **हरि** મુજને જીવનમાં છે.

કૃપાથી દિલ સ્મરવાનું હૃદય ભજવાનું, થયું દિલ છે,
હૃદય સ્મરવાનું ઉગાડ્યું, કૃપા મોટામાં મોટી તે.

હરિઃૐ

## પરિચય વિણ પારખવું બહુ મુશ્કેલ, અઘરું છે

ન ઓળખાણ હતી તારી અનુભવવા છતાં તુજને,
શી આકસ્મિક કરુણાથી હૃદય નિશ્ચય થયેલો છે !

પરિચય વિણ પારખવું બહુ મુશ્કેલ, અઘરું છે,
છતાં તારી કૃપાથી તો લીધેલું કર્મ માથે તે.

કદીક અધવચ હું અટક્યો છું, જવાની ગમ પડી ના છે,
કદીક સૂમસામ થઈ કેવો ! લટકી અધવચ પડેલો જે !

સતત સ્મરવું, સતત ભજવું મને બસ એકલું એક જ
-જીવનમાં આવડેલું છે, કર્યાં તે તે કર્યું મેં દિલ.

હરિઃૐ

# થતું મુજથી બધું તે તે કરેલું તને નિવેદ્યાં છે

કદી પણ છાનુંમાનું મેં ન કંઈ તુજથી કરેલું છે,
થતું મુજથી બધું તે તે કરેલું તને નિવેદ્યાં છે.

નિવેદ્યાથી હૃદય કેવી નિરાંત-હાશ વળતી છે !
થતું ખુલ્લું ગયું, જીવન થયું ઊગતું જ તેથી તે.

હૃદય હળવું થતાં કેવું સ્મરણ દિલથી મજેનું તે
-જતું છે મસ્ત લેવાયા ! રસે કેવું રસાયું છે !

સ્મરંતાં ઊંડું ઊંડું દિલ **હરિ**ને ચાહવાકેરું
-થયેલું દિલ ઉત્સુક છે ઉછાળા મારતું કેવું !

હરિ:ૐ

## કદીક હરિએ મને કેવો મૂકી એકલ દીધેલો છે !

લીધેલું વ્રત **હરિ** ભજવાતણું, મક્કમ થઈ હ્રદયે
-ન છોડાયું કદી મુજથી ઝઝૂમ્યો છું બહુ રીતે.

ઝઝૂમતાં ને ઝઝૂમતાંમાં બધું બળ દિલમાંનું જે
-ચૂક્યો છું વાપરી, તોયે ન મુજથી ઉપર અવાયું છે.

બધું મુજ છોડી મેં ત્યારે, **હરિ** પર છોડી દીધું છે,
**હરિ**ને વીનવેલો છે, **હરિ** મદદે ચઢેલો છે.

કદીક **હરિ**એ મદદ મુજને અણી વેળા શી આપી છે !
કદીક **હરિ**એ મને કેવો મૂકી એકલ દીધેલો છે !

હરિઃૐ

## હરિને રાજી કરવાનો હૃદયનો ટેક પાકો છે

હૃદય આરાધના તારી સતત કરવાનું રાખ્યું છે,
ભજી ભજીને તને અંતર હૃદય મેં સુખ માન્યું છે.

સ્મર્યા વિના તને પળ પણ રહેવાતું ન મુજથી છે,
ગતકડાં તોયે **હરિ**એ શાં પથે મુજ સાથ કીધાં છે !

પથે વિઘ્નો ગમે તેવાં ભલે આવ્યાં ભયંકર છે,
છતાં તુજમાંથી તો દિલ બન્યું ના ખસેડવાનું છે.

**હરિ**નો છેડો પકડીને સતત વળગી રહી **હરિ**ને,
**હરિ**ને રાજી કરવાનો હૃદયનો ટેક પાકો છે.

હરિ:ૐ

# હરિને દિલ ભજવાની મને ટેવ પડેલી છે

ઊણપ ના આવવા દીધી જીવનવિકાસના ક્ષેત્રે,
બધું બનતું કરી ચૂકવા ઝઝૂમેલો ખરી રીતે.

કદી ઝૂકી પડેલો ના, ભલેને સામને છોને
-ભયંકર શત્રુ ઊભેલા, છતાં પણ ના ડરેલો જે.

**હરિ**ની યાદગીરીથી હું બળવાન થયેલો જે,
હવે ડરવાની તો વાત ઊડી સૌ તે ગયેલી છે.

**હરિ**ને દિલ ભજવાની મને ટેવ પડેલી છે,
જીવન જીવવાનું બળ પૂરતું મને તેમાંથી મળતું છે.

હરિઃૐ

# હૃદય સંતોષ જીવનમાં हरि લીધે જ અમને છે

હૃદય સંતોષ જીવનમાં **हरि** લીધે જ અમને છે,
હૃદય આરામ સંપૂર્ણ **हरि**આશ્રયથી મળતો છે.

સ્મરણના ભાવને લીધે **हरि**ની ભાળ લાધી છે,
**हरि**ની ભાળ લાગંતાં હૃદય તલસાટ જાગ્યો છે.

હૃદય તલસાટનું ઉગ્ર સ્વરૂપ કેવું ભયંકર છે !
સહ્યું તે કોઈ પણ રીતે જતું કેમે કરીય ના તે.

અનુભવવાની તે સીમા નજીક આવી રહેલી છે,
છતાં સૌ લક્ષણો એનાં જીવન ઉદ્‌ભવતાં લાગે છે.

હરિઃૐ

# કશું વિચારવાનુંયે મને ત્યારે ન સૂઝ્યું છે

જીવનમાં કંઈક વેળાએ અમૂંઝણ દિલ થયેલી છે,
હૃદય ત્યારે બહુ જ ઉત્કટ શી ગભરામણ વછૂટી છે !

કશું વિચારવાનુંયે મને ત્યારે ન સૂઝ્યું છે,
હું દિગ્મૂઢ થઈ જઈને, અવાચક શો બનેલો જે !

અચાનક દિલ ઓચિંતું સ્ફુરી ત્યારે ગયેલું છે,
'**हरि**નું નામ લેવાનો' થયો આરંભ દિલમાં જે.

સતત બસ એકધારું ને સતત એકીટશે હૃદયે
-**हरि, हरि** દિલ વદતાંમાં થયેલું શાંત કેવું તે !

હરિઃૐ

## हरि સ્તવતાં કૃપાથી જ્યાં યથાવત્ સૌ થયેલું છે

જીવનમાં કંઈક વેળાએ ઊંચુંનીચું થવાયું છે,
જીવનવિકાસ ગતિનું જ્યાં કશું ભાન રહ્યું ના છે.

બધુંએ હાલમડોલમ તો જીવનમાં થઈ જવાયું છે,
કશી પણ સ્થિરતા ત્યારે કશામાં ના રહેલી છે.

જવાની ઊંડું અંતરમાં પડેલી ટેવ અભ્યાસે,
બધું ચણતર ચણાયેલું ઉખેડાઈ ગયેલું છે.

**हरि**ને સાદ દેવાનું અચાનક સાંભરેલું છે,
**हरि** સ્તવતાં કૃપાથી જ્યાં યથાવત્ સૌ થયેલું છે.

હરિ:ૐ

## સ્મરણ હરિનું જ તે વેળા ખરું ખપમાં જ લાગ્યું છે

ભયંકર દિલ ઉકળાટ મને ક્યારેક જાગ્યો છે,
મને એવા જ ઉકળાટે નયન અંધારું છાયું છે.

શમ્યો ના તે શમે કેમે, વધુ ઉકળાટ ભભૂક્યો છે,
ઇંદ્રિયો ખોટકાઈ છે શી બુદ્ધિ બહેર મારી છે !

મનાદિને શું ઉકળાટે કરી તંગ દીધેલાં છે !
બધા ગુણધર્મ નિજ નિજના ઘડીભર ખોરવાયા છે.

સ્મરણ **હરિ**નું જ તે વેળા ખરું ખપમાં જ લાગ્યું છે,
મને ઉગારી લઈ, પાડી દીધું ઠેકાણું મારું છે.

હરિઃૐ

## પછીથી તો સ્મરણ હરિનું ઊંડું દિલમાં થતું રહેતાં

બધા રસકસ જીવનકેરા ઊડી કેવા ગયેલા છે !
સૂકા તે લાકડા જેવું થઈ જીવન ગયેલું છે.

કશી પણ લાગણી દિલમાં કશા વિશે થતી ના છે,
સુકાઈ દિલ ગયેલું છે, જીવન રણ સમ બનેલું છે.

જવાનું છૂટી જીવનથી શું ત્યારે દિલ થયેલું છે !
મને ઓચિંતો અટકાવ્યો **હરિ**એ તો કૃપા કરીને.

પછીથી તો સ્મરણ **હરિ**નું ઊંડું દિલમાં થતું રહેતાં,
જીવનને ફેરવી નાખી સરસ ઉદ્યાન બનવ્યું છે.

હરિ:ૐ

# નિરંતરના સ્મરણથી સૌ ગુણો ને ભાવ ખીલ્યા છે

મને આફતની વચ્ચે પણ બહુ ઘૂમવું પડેલું છે,
છતાં મેં તો ન ગણકાર્યું, રહ્યો અણનમ હું પથ વિશે.

**हरि**ની ભાવનાથી તો ટકી કેવું શકાયું છે !
સતત બસ નામ લેવાની ઊલટ તેથી બઢેલી છે.

નિરંતરના સ્મરણથી સૌ ગુણો ને ભાવ ખીલ્યા છે,
બઢંતાં ગુણ ને ભાવ જીવનશક્તિ સ્ફુરેલી છે.

જીવનમાં ગુણ ને ભાવ હૃદયશક્તિ બઢંતાં તે
-ત્રિવેણીનો રૂડો સંગમ જીવન ત્યારે થયેલો છે.

હરિઃૐ

## પરંતુ કોઈક સદ્ભાગ્યે નજર ખૂલી ગયેલી છે

જીવનમાં દુઃખના ડુંગર તૂટી મુજ પર પડેલા છે,
હું કચરાઈ પૂરેપૂરો, ગયો કેવો દબાઈને !

કશું ના ધ્યાન પહોંચ્યું છે, મને એમાંથી બચવાને,
પ્રયત્નો સૌ ગયા ફોગટ, ગમાર થઈ પડેલો જે.

જરીક જેટલી ઉપાધિ પણ શી ડુંગર જેવી લાગી છે !
ઘવાયેલો મને **એણે** કરી કેવો જ દીધો છે !

પરંતુ કોઈક સદ્ભાગ્યે નજર ખૂલી ગયેલી છે,
સ્મરણના તે બધા કેવા પ્રતાપ ને પ્રભાવ જ છે !

હરિઃૐ

# ખંડ - ૨

# પ્રાર્થના અને નિવેદન



હૃદય શ્રદ્ધાતણી વાત જીવનમાં બહુ જ મોટી છે,
જીવંતી દિલ શ્રદ્ધા જો અશક્ય ના કશું પણ છે.

હરિઃૐ

## ચરણના શરણનો મોટો જીવનમાં આશરો શો છે !

ચરણ આશ્રય સમો આશ્રય ન મળવાનો બીજે ક્યાંયે,
ચરણ ઢળવાનું સદ્‌ભાગ્ય મળ્યું મુજને કૃપાથી જે.

નધણિયાતો ભટકતો'તો બધેએ આડફંટે જે,
કુટાયું માથું બહુ જ્યારે, શરણ લેવાયું ત્યારે છે.

બહુ બાથોડિયાં માર્યાં અહીંતહીં ભટકીને શાં જે !
લથડિયાં ખાઈ આવ્યો છું ચરણ આશ્રય હું લેવાને.

ચરણના શરણનો મોટો જીવનમાં આશરો શો છે !
પડે માલૂમ શરણમાં જે પડેલાને બધી રીતે.

હરિઃૐ

## શરણ તારે ઢળેલાને કશી વાતે ન નાનમ છે

શરણ તારે ઢળેલાને કશી વાતે ન નાનમ છે,
જગતસંસારમાં એને ન શરમાવાનું કારણ છે.

વખાણે કે વખોડે છો, **હરિ**ની પ્રસાદી તે વિના
-કશું બીજું ન ખપતું છે, નમાવું શિર **હરિ**પદમાં.

પદે એકવાર ઝૂકેલો, હવે તેનાથી તો ઊલટું
-કશું પણ તે થઈ શકવા, પૂરો દુર્બળ બધી રીત હું.

ભલે કદી વિઘ્નનાં વૃક્ષો તૂટી મુજ પર પડે છોને,
છતાં દિલની અડગ શ્રદ્ધા ન તૂટવાની કૃપાથી તે.

હરિઃૐ

## કશે ના ફાવતાં, તારે શરણ આવી, ઢળેલો જે

જીવનના તોરમાં કોઈનું ન ગણકાર્યું કશું મેં છે,
હવે કેટલા વીસે સો તે જણાઈ દિલ ગયેલું છે.

સકંચે ભીંસમાં કેવો ભરાઈ હું પડેલો જે !
છટકવા, છૂટવા ફાંફાં બહુ તરફડિયાં માર્યાં છે.

કશો ઉપાય ના કોઈ કશે ફાવી શકેલો છે,
કશે ના ફાવતાં, તારે શરણ આવી, ઢળેલો જે.

શરણ તારું હૃદય લેવા પ્રયત્નો જે થયેલા છે
-બધા બેસુમાર વિનાના, પછી **હરિ**ને પુકાર્યો છે.

હરિઃૐ

# હરિને આશરે છું હું હાવાં મારું ચલણ ના છે

**હરિ**ને જે શરણ, તેને પૂરો તાવી **હરિ** લે છે,
કસી કસીને બધો તેનો પૂરો કસ કાઢી તે લે છે.

જીવનમાં તુજ સમો નિર્દય કદી નવ ક્યાંય ભાળ્યો છે,
છતાં કલ્યાણ માટે તે હૃદયમાં ખાતરી થઈ છે.

**હરિ**એ ગૂંદી ગૂંદીને મુલાયમ લોંદો બનવ્યો છે,
ચઢાવી ચાકડે તેને બનવશે ઘાટ મનમાન્યો.

**હરિ**ને આશરે છું હું હાવાં મારું ચલણ ના છે,
ખૂણે કે ખાંચરે ઇચ્છા ન કંઈ કોઈ પ્રકારે છે.

હરિ:ૐ

## જીવનનો સ્વામી જાણીને હૃદય સમર્પી દીધું છે

ગમાર સાવ સંપૂર્ણ હતો કેવો જીવન વિશે !
**હરિ**શરણે ઢળવાથી હવે શો ઠીક થયેલો તે !

બધી નાદાનિયત મારી શી બદલાઈ ગયેલી છે !
**હરિ**પદનો મને લાયક કૃપાથી શો બનાવ્યો છે !

**હરિ**કૃપાની સોબતની અલૌકિક મુક્ત કથની તે,
ઢળેલો જે શરણ માત્ર ખબર પડતી શી તેને તે !

**હરિ**ને દિલ વરવાનું ઊંડું ઊંડું ચહી ચહીને,
જીવનનો સ્વામી જાણીને હૃદય સમર્પી દીધું છે.

હરિઃૐ

# કદી તારા વિના બીજો ન ઊઠવા વિચાર તું દેજે

હું જેવો તેવો તુજ દાસ શરણ તારે ઢળેલો જે,
વલણ સૌ પ્રકૃતિકેરાં થકી મુક્ત કરાવી દે.

મને તો એકલો માત્ર **हरि** તારાં ચરણ વિશે
-ઢળી રહેવાનું ગમતું છે, કૃપા કરી તે થવા દેજે.

તને હું કેટલી વાર કરગરી, પ્રાર્થના કરીને,
કદી તારા વિના બીજો ન ઊઠવા વિચાર તું દેજે.

**हरि** મારા જીવનને તું હવે તો ઠામ પાડીને,
ચરણમાં એકરસ કરી દઈ સમાવી લે ચરણ વિશે.

હરિ:ૐ

## ઉદાર તુજ સમો કોઈ મળી શકવો જ દુર્લભ છે

પ્રકૃતિના વલણ વિશે જીવનમાં મહાલતો'તો જે,
શરણ ઢળતાં, બધી ભ્રમણા કહીં ભાગી ગયેલી છે.

સતત બસ એકલું તારું મનન ચિંતવન થયા જઈને,
મનાદિથી સતત કેવો થયેલો ગરક તુજ વિશે !

**हरि** તુજ દાસને કેવા લડાવ્યા લાડ **तें** તો છે,
કદી નાદાનિયત સામું ભૂલેચૂકે ન જોયું છે.

ઉદાર તુજ સમો કોઈ મળી શકવો જ દુર્લભ છે,
**हरि तें** મુજ સરખાનું ન આડુંતેડું જોયું છે.

હરિઃૐ

## રીઝવવા તુજને કેવાં કંઈક લટકાં કરેલાં છે !

રીઝવવા તુજને કેવાં કંઈક લટકાં કરેલાં છે !
વળી શો નાચીકૂદીને ચરણમાં ચિત્ત ધરિયું છે !

**हरि** તુજ લક્ષ મુજ સામું થવાને કંઈક યત્નો મેં
-કૃપાથી તો કરેલા છે, ગયેલા કિંતુ મિથ્યા તે.

સ્વતંત્ર ચાલ તારી છે, મરજી તારી પ્રમાણે તું
-જીવનમાં ચાલનારો છે, કહ્યામાં કોઈના ના તું.

કશી ના આવડત મુજમાં રસિક કોઈ કળા ના છે,
શરણ એવો ઢળેલો હું તને દિલથી નીરખવાને.

હરિ:ૐ

## તને વિના હું બોલાવ્યા કદી ના જીવી શકતો છું

મને શો એકલો માત્ર ખરો આધાર તારો છે !
જીવનમાં તુજ વિના ના કંઈ કશે ઠેકાણું મારું છે.

તને કેવો નિરંતર હું પળેપળ યાદ કરી કરીને,
**હરિ**માં એક બનવાને પ્રયત્નો નિત્ય મારા છે.

થઈ સબરસ હૃદયમાં હું **હરિ** તારાં ચરણ વિશે,
સદા પોકાર પાડીને કર્યાં કરું હું વિનંતી જે.

તને વિના હું બોલાવ્યા કદી ના જીવી શકતો છું,
હું તુજ સામું વિના જોયા અવરની કોની જોઉં સામું ?

હરિઃૐ

# જીવનનું જે બધું મેં તો હરિને સંભળાવ્યું છે

ઊનાં આંસુથી જીવનમાં ચરણ ધોયેલ મેં તો છે,
**હરિ**ને દિલ કરગરતાં નયન છલકાઈ પડેલાં છે.

ન આંસુ સારવાથીયે જીવનકર્મ સધાતું છે,
બહુ મથવા થકીએ પણ ન દા'ડો મુજ વળેલો છે.

સતત પાછળ પડી પડીને હૃદયથી ભાવ રેડીને,
જીવનનું જે બધું મેં તો **હરિ**ને સંભળાવ્યું છે.

ભલે ના સાંભળ્યું તોયે **હરિ**ને નિવેદવાનું તે,
કદી પણ છોડી દીધું ના, સતત વળગી રહ્યો હું જે.

હરિઃૐ

## મુસીબતની અણી ટાણે ખરો ઉપયોગ તેનો છે

નિરાગ્રહ ને અનાસક્તિ હું કેળવવા મથેલો જે,
જીવનવિકાસના માર્ગે અતિ ઉપયોગી શી તે છે !

જીવનમાં આગ્રહો કંઈક જુદી જુદી રીતિના છે,
મીટવવાને શું તેમાંથી સતત મનને ટકોર્યું છે !

કદીક આગ્રહ વિશે કોઈ ભરાઈ જ્યાં પડેલો છું,
છુટાતું કેમેયે નો'તું કરી **हरि**પ્રાર્થના ત્યારે.

મને સમજાયું કે બળ છે હૃદયની પ્રાર્થનાનું તે,
મુસીબતની અણી ટાણે ખરો ઉપયોગ તેનો છે.

હરિઃૐ

# નિવેદન તો કરી કરીને હૃદય ખાલી કરેલું છે

તને મેં કેટલી બધી દિલ બહુ તકલીફ આપી છે !
સમજ પડતાં ઊંડો ઊંડો થયો પસ્તાવો દિલમાં છે.

નયન આંસુથી છલકાઈ ચરણ તારાં પખાળ્યાં છે,
નિવેદન તો કરી કરીને હૃદય ખાલી કરેલું છે.

કરીને દિલ પસ્તાવો ન કૈં ખાલી હું બેઠો છું,
હૃદય સાટું પૂરું તેનું મથેલો વાળી દેવા હું.

**हरि**ને રાજી કરવાનો જીવન લહાવો મળેલો જે,
કૃપાથી દિલ સમજાતાં જવા દીધો ન એળે છે.

હરિઃૐ

## જીવંતી દિલ શ્રદ્ધા જો અશક્ય ના કશું પણ છે

સતત જોયા જ કરવાનું તરફ તારી જ રાખ્યું છે,
છતાં પણ કોઈ દિવસ તારું ન નીરખાયું જ મોઢું છે.

પડેલી ટેવ કેમેયે કરી તે ના જતી રહે છે,
હજી પણ રૂડું સદ્‌ભાગ્ય ન મારું ઊઘડેલું છે.

હું તોયે નિત્ય ને નિત્ય ન છોડીશ તે નીરખવાનું,
હૃદય શ્રદ્ધા, ગમે ત્યારે **હરિ**મુખ હું નીરખવાને.

હૃદય શ્રદ્ધાતણી વાત જીવનમાં બહુ જ મોટી છે,
જીવંતી દિલ શ્રદ્ધા જો અશક્ય ના કશું પણ છે.

હરિઃૐ

## 'કશી અડચણ પડે ના કંઈ', બધી સંભાળ રાખે તે

અવર તારા વિના કોઈ ના મદદગાર જીવનમાં છે,
બહુ વાર જીવનમાં તો હૃદય સાચું પ્રમાણ્યું તે.

જીવનમાં ભીડ પડતાંમાં તુરત તું દોડી આવ્યો છે,
નિવેદ્યું છે બધું મારું જીવનમાં ઊપજેલું તે.

બરાબર સાફ રસ્તો તું કરી મુજ માટ મૂકે છે,
'કશી અડચણ પડે ના કંઈ', બધી સંભાળ રાખે **તે.**

ખરેખર તું સમો કોઈ ન હોશિયાર બધી રીતે,
મળ્યો એવો જીવનમાં જ્યાં પછી ચિંતા રહી ના છે.

હરિઃૐ

## નિવેદનનો જીવનનો શો બનેલો કાર્યક્રમ મુજ છે

બધી ફરિયાદ જે તે કંઈ, **હરિ**ને સંભળાવી છે,
**હરિ**ને નિવેદતાં, મુજને હૃદય હળવાશ વળતી છે.

નિવેદ્યું જે, પછી તેનો વિચાર ઉદ્‌ભવે છે ના,
નિરાંત એ રીતે મુજને વળતી કેવી જ જીવનમાં !

નિવેદ્યાં વિણ તને, મુજને હૃદય ના ચેન પડતું છે,
નિવેદનનો જીવનનો શો બનેલો કાર્યક્રમ મુજ છે !

**હરિ** મુજ સાંભળે છે પણ ન કંટાળો કશો લાવે,
રજેરજ મારું સાંભળતાં, ધીરજ **હરિ**ની અપાર જ છે.

હરિઃૐ

## તને દિલ યાદ કરવાનું ભૂલેચૂકે ભૂલ્યો ના છું

વિચારીને, વિચારીને, હૃદય સંકલ્પ કીધો છે,
પ્રમાણે તે મથ્યો ભારે છતાં બરકત ન આવી છે.

નિરાશ તે છતાંયે પણ જરા સરખો થયો ના જે,
સતત મથવાનો અભ્યાસ કૃપાથી ચાલુ રાખ્યો છે.

**તને** દિલ યાદ કરવાનું ભૂલેચૂકે ભૂલ્યો ના છું,
સ્મરણની યાદગીરીમાં જીવન આખું ડૂલેલું શું !

સફળ સંકલ્પ કરવાને **હરિ** તુજ સહાય લઈ લઈને,
સતત મથવાતણો અંત હજી આવી શક્યો ના છે.

હરિઃૐ

## જીવનનો તુજ સાથેનો નિવેદન માત્ર સંબંધ

હવે મારે જીવનમાં તો બબડવાનું રહ્યું ના છે,
છતાં પણ નિવેદવાનું તો ચરણ **તારે** રહેલું છે.

નિવેદન તો જીવનકેરો બનેલો કાર્યક્રમ શો તે !
ખરેખર તો હવા જેમ જીવનમાં કેવી ખપની છે !

નિવેદન મુજ જીવનકેરો શું શ્વાસોશ્વાસ સઘળો છે !
બધું મારા જીવનનું તો નિવેદનથી તું જાણે છે.

કર્યા વિના નિવેદન તો શકું જીવી ન ક્ષણવાર,
જીવનનો તુજ સાથેનો નિવેદન માત્ર સંબંધ.

હરિઃૐ

# મને વહાલ કરી કરીને, મને નિજનો બનાવ્યો છે

મને મધલાળ ચોંટાડી, હવે ડિંગો બતાવે છે,
મને ઠેબે ચઢાવીને, કરી કાં અળગો દે મુજને ?

ઈશારો **તેં** કરી મુજને મને બોલાવિયો પાસે,
નજર સરખી હવે મારી તરફ ધરતો નથી તું તો.

મને વહાલ કરી કરીને, મને નિજનો બનાવ્યો છે,
કરી દઈ વેગળો મુજને હવે ધક્કેલી મૂકે છે.

મને તુજ પ્રેમની ભેટ કૃપાથી આપી દીધી છે,
મને રેંસાવી, રેંસાવી હવે વલખાં મરાવે છે.

હરિઃૐ

## કર્યાં કરવાનું છે માત્ર, હવે ના વિચારવાનું છે

ઈશારો જ્યાં **हरि**નો છે, ચઢેલો રંગ દિલમાં છે,
કૂદીને પર્વતોનેયે જવાનું તો હવે બનશે.

અટકવાનું ન ક્યાંયે છે, કશે ના થોભવાનું છે,
કર્યાં કરવાનું છે માત્ર, હવે ના વિચારવાનું છે.

લીધેલું નિશાન તાકીને પૂરું પાર ઊતરવું છે,
બધું કરવાનું છે તેમાં ન બાકી રાખવાનું છે.

હવે તો આરપાર જ તે નીકળી બહાર જવાનું છે,
ભલે શ્રમ છો બહુ પડતો, છતાં પરવા ન તેની છે.

હરિઃૐ

## હરિ જેવો વકીલ મારો જીવનમાં ના બીજો કોઈ છે

બધી મુશ્કેલીની તું તો જડીબુટ્ટી ખરેખર છે,
હવે તો આવતાં ગૂંચ તને કહેવું પડે ના તે.

બધુંએ આપમેળે તો હૃદયથી જાણી તું લે છે,
નજરમાં આવતાં તારી ઉકેલ તું કરી દે છે.

બધી રીતનો પૂરેપૂરો જીવનનો સાક્ષી તું મુજ છે,
બધું જોનાર પ્રત્યક્ષ ન તુજ જેવો અવર કોઈ છે.

ભરોંસો જીવતો મુજને હવે તો માત્ર તુજ પર છે,
**હરિ** જેવો વકીલ મારો જીવનમાં ના બીજો કોઈ છે.

હરિઃૐ

# જુબાનીની પ્રમાણેનો બધો ઈન્સાફ મળવાનો

જીવનની મુજ અદાલતમાં ઊભો હું સાક્ષી દેવાને,
પુરાયેલ પિંજરા વિશે, નજર સામે અદાલત છે.

બધું સાચું જ કહેવાને લઈ સોગન હૃદય તુજ તે,
ઊલટપાલટ બધું મુજને પુછાયાં તો કરેલું છે.

કદીક કેવો ફસાયો છું બધું મુજ બોલવાથી જે !
હવે તો ફેરફાર જ ના થવાનો કંઈ જ તે વિશે.

જુબાનીની પ્રમાણેનો બધો ઈન્સાફ મળવાનો,
કૃપાથી તારી જીવનમાં શી તૈયારી બરાબર છે !

હરિઃૐ

## જીવન મારા વિશે માત્ર બધાંમાં એકલો તું છે

જીવનની અવદશા બૂરી થવા જ્યાં મારી બેઠી છે,
યથાયોગ્ય થવા તેનું બધું સૂઝેલ કીધું છે.

ઉપાય ના રહ્યો એક્કેય, સૂઝેલું કરી ચૂકેલો છું,
હવે બચાવનારો તો તું તારણહાર મારો છું.

વિના તારા કહું કોને વીતક કથની જીવનની તે ?
જીવન મારા વિશે માત્ર બધાંમાં એકલો તું છે.

સદા તારી તરફ મારી નજર રહ્યા કરંતી છે,
હું તુજ મુખ સામું જોઈને દિલાસો મેળવું દિલ જે.

હરિ:ૐ

## થતા ઉપાય મુજથી સૌ કર્યા કીધેલ મેં તો છે

શી ખંધાઈ બધી મારી જતી **તેં** તો કરેલી છે,
પરંતુ દિલ પસ્તાવાતણી ઝડી કેવી વર્ષી છે !

શરમ મુજને હૃદય મુજ પર શી પારાવાર આવી છે !
ઊંચું માથું ન થઈ શકતું, દશા એવી શી મુજ થઈ છે !

છતાં હું ખાલી ખાલી તો પડ્યો રહ્યો નથી સહેજે,
થતા ઉપાય મુજથી સૌ કર્યા કીધેલ મેં તો છે.

વળી બેવડ ગયેલો છું, ચસક પણ કેવી આવી છે !
ખસાતું આમથી તેમ જરા સરખું ન મુજથી તે.

હરિઃૐ

## કીડી ઉપાડી ઉપાડી, ઉપાડી કેટલું શકશે ?

ઉમળકાથી હૃદય ઊંડો તને દિલ સાદ પાડ્યો છે,
મને નીચે પડેલાને, શું લેવાને પદે ઊંચે !

હુંયે મારાથી જે બનતી બધી મહેનત કર્યા કરીને,
હું તો મારો કંઈક ફાળો કૃપાથી આપતો રહું જે.

કીડી ઉપાડી ઉપાડી, ઉપાડી કેટલું શકશે ?
અડકતામાં જ તુજ હાથ કરોડો મણ વજન છોને,
તને ના ભાર લાગે છે, કશો તેનો કંઈ પણ તે,
**હરિ** તેથી તને દિલથી હૃદય સ્તવતો, સ્તવી સ્તવીને.

હરિઃૐ

# છતાં પાછો ફરી ફરીને મથું, હરિ રાજી કરવાને

તને દિલ રાજી કરવાને હૃદયમાં કોડ જાગ્યા છે,
પરંતુ રાજી કરવાને તને, રીતની ન સમજણ છે.

મને હું આવડે તેવી રીતે મથતો રહું છું હું,
કદીક હર્ષ ગુમાતો જ્યાં, કંઈક રાજી થયો, માનું.

વળી પાછો ધબડકો શો વળી પૂરો જતો ત્યાં છે !
છતાં પાછો ફરી ફરીને મથું, **હરિ** રાજી કરવાને.

ઊંડું ઊંડું મથતાં દિલ ઊંડું અંતરમાં તો ઊંડે
-કૃપાથી ઊતરાતું છે, ખબર કંઈક પડે ત્યારે.

હરિ:ૐ

## થવાનું પાકું બનવાનું ન તેમાં ફેર કંઈ પણ છે

જીવનનો મુજ રખેવાળ બની જ્યાં તું ચૂકેલો છે,
પછી કહેવું કશું તુજને હવે મિથ્યા નકામું છે.

કહ્યા વિના છતાં તુજને નથી રહેવાતું મુજથી તે,
બધો બબડાટ મારો તે સહી લેજે કૃપા કરીને.

બધું જાણે બરાબર, હું તને કહ્યા વિના મુજ તે,
થવાનું પાકું બનવાનું ન તેમાં ફેર કંઈ પણ છે.

'બધું મારું તું સંભાળે', જીવનમાં અનુભવેલું છે.
લવારો તો પછી કરવો હવે શાને ? હવે શાને ?

હરિઃૐ

# જીવનમાં એકલો માત્ર હૃદયમાં વિચાર તારો છે

જીવનમાં એકલો માત્ર હૃદયમાં વિચાર તારો છે,
હવે વિચારવાનું તો રહ્યું તારા વિના ના છે.

ખજાનો બુદ્ધિનો સઘળો ચરણમાં તુજ વસેલો છે,
બધું જે જે કહું મારું થઈ તારું ચૂકેલું છે.

જીવનનો રોજનો મારો બધો હિસાબ તુજ ચરણે
-નિવેદ્યા વિણ ના ઊંઘ કદી પણ આવતી મુજને.

બરાબર તપાસનારો તું, કશી ભૂલચૂક જવા ના દે,
નજરમાંથી ખસવું તારી ન કંઈ ગુંજાશ કોઈની છે.

હરિ:ૐ

# હૃદયથી એકલું માત્ર તને ચાહવાનું ધારેલું

**हरि, हरि** બાંગ પોકારું સતત તારી હૃદય વિશે,
તને ઝંખ્યા કરી કરીને જીવંત યાદ રાખી છે.

જીવનમાં પ્રીછવા જેવો **हरि** શો એકલો મુજને,
**हरि**નાં અનંત પાસાં છે જણાઈ ના શકાતાં છે.

ન મારે જાણવા જાવું, ન મારે પ્રીછવા જાવું,
હૃદયથી એકલું માત્ર તને ચાહવાનું ધારેલું.

તને દિલ ચાહવાકેરો હૃદય આનંદ મસ્તીનો,
-ફુવારો જે ફૂટે, તેને હૃદયથી ભક્ત જાણે છે.

હરિઃૐ

## છતાં મારું અવળચંડું નભાવી બાપ ! તું લે છે

શી ચડભડ મુજ જીવન વિશે નકામી શી થયેલી છે !
અરે ! તકલીફ શી તુજને ખરે ! મુજથી અપાઈ છે !

બધી મૂર્ખામી મુજ એવી જહાં પૂરી હું જાણું છું,
ક્ષમા પછી માગવી તારી શી ચેષ્ટા તે નકામી શું !

છતાં મારું અવળચંડું નભાવી બાપ ! તું લે છે,
પછી પસ્તાવો દિલમાં તો શું અગ્નિ સમ ભભૂકે છે !

હૃદય પાછો થઈ સાવધ કશી ભૂલ ના થવા દેવા,
બધી હોશિયારી ધારીને જીવનમાં ચાલતો હાવાં.

હરિઃૐ

## હૃદય હર્ષ ઉછાળાથી હવે તે તે સ્વીકાર્યું છે

થતું જે જે, બધું તે તે થવા કલ્યાણ મુજ અર્થે,
છતાં સહેવાનું તે બનતાં ગળે મુજ પ્રાણ આવે છે.

શરીરમાં રોગ જે જે છે પીડાકારી બધાએ છે,
બધાંની સામટી પીડા સહન કરવી શી કપરી છે !

સહ્યા વિના કશો આરો જહીં મારો ન બીજો છે,
સહેવું તો પછી કાં ના બધું તે તે ઉમળકાએ ?

પ્રભુપ્રીત્યર્થ ધારીને **હરિ**ની પ્રસાદી માનીને,
હૃદય હર્ષ ઉછાળાથી હવે તે તે સ્વીકાર્યું છે.

હરિઃૐ

## ગણી ગણીને હતું મુજ જે તને સુપરત કરેલું છે

તને મુજથી અપાવામાં હવે બાકી રહ્યું શું છે !
ગણી ગણીને હતું મુજ જે તને સુપરત કરેલું છે.

પરંતુ પ્રકૃતિ માયા સ્વભાવે ગયેલ વંઠી જે,
હજી પણ ડોકિયાં કરતી કદીક માલૂમ પડે છે તે.

છતાં ત્યારેય સામ્રાજ્ય છવાઈને **हरि** તુજ રહે,
કરે છો ધમપછાડા તે, છતાં તેનું ન ચાલે છે.

બધી સર્વોપરી સત્તા સકળ બ્રહ્માંડમાં તારી,
સતત બસ એકધારી તે બધે ચાલ્યા કરંતી શી !

હરિઃૐ

## હરિને ચાહવાનું શું મતિએ તો સુઝાડ્યું છે !

કૃપા અઢળક શી તારી છે ! અનુભવથી પ્રમાણી છે,
જીવનમાં ગૂઢ કર્તવ્યો થયાં કેવાં ગયેલાં છે !

હું મૂર્ખશિરોમણિ પૂરો, છતાં બુદ્ધિ સલામત છે,
**હરિ**ને ચાહવાનું શું મતિએ તો સુઝાડ્યું છે !

કદીક તે પણ જતી કેવી ખરેખર બહેર મારી તે
-જતી સંપૂર્ણ લાગે છે કરામત શી કૃપાની તે !

નરસું સારું પ્રકૃતિનું દીવા જેવું જણાતું છે,
**હરિ**ની મહેરબાનીથી પથે સીધું ચલાતું છે.

હરિઃૐ

## ‘જીવનમાં જે થવાનું છે, થશે કલ્યાણ’, શ્રદ્ધા છે

હૃદય સમજણતણો ફાંકો બધો ઊડી ગયેલો છે,
બધી હોશિયારી દિલમાંની શી ઓસરી તે ગયેલી છે !

**હરિ**એ લગામ જીવનની લીધેલી હાથમાં નિજના,
બધાં કામ થતાં રહેતાં, પછીથી સાવ નિશ્ચિતતા.

જગત વ્યવહાર બુદ્ધિથી કદીક અવળું ચલાયું છે,
છતાં પણ અંત તેનોયે શું નીવડ્યો શુભદાયી છે !

‘**હરિ** છે મુજથી ડાહ્યો’ ઠસી દિલમાં ગયેલું તે,
‘જીવનમાં જે થવાનું છે, થશે કલ્યાણ’, શ્રદ્ધા છે.

હરિ:ૐ

# તને સંભારતાં હર્ષ હૃદય ઊભરાઈ આવે છે

તને સંભારતાં હર્ષ હૃદય ઊભરાઈ આવે છે,
બધે રગ રગ શરીરમાં તે શું રોમેરોમ પ્રસરે છે !

નર્યું ઉલ્લાસ, ઉત્સાહે જીવન ભરપૂર લાગે છે,
હૃદય આનંદ છાલકથી કિનારા તો ભીંજાયે છે.

ઝલક આનંદની છોળો પરે છોળો ઊછળતી છે,
ગગન નીચે જઈ પાર છવાઈ શી રહે છે જે !

હૃદયના પ્રેમ આનંદતણી કોઈ વાત ન્યારી છે,
બધે આનંદ, આનંદ શું છલકાતો જ વ્યાપે છે !

હરિઃૐ

## શું ધરમૂળથી हरि પર મેં બધો આધાર રાખ્યો છે

ધણીધોરી **हरि** વિના અમારું કોઈ અવર ના છે,
શું ધરમૂળથી **हरि** પર મેં બધો આધાર રાખ્યો છે !

કશું પણ કંઈ થતાં મુજને **हरि**ને તે નિવેદીને,
સુઝાડ્યું જે **हरि**એ છે બધું તે તે કરેલું છે.

બધી બુદ્ધિ જે મુજમાં છે, **हरि**ની ચેતનાનું તે
-ખરેખરું છે પ્રતિબિંબ, અહમ્ જેમાં કશું ના છે.

બધીએ જવાબદારીનું મુનીમ કર્મ કરંતો છે,
છતાં નિજ શેઠનું તે છે, હૃદયથી તેમ સમજે છે.

હરિ:ૐ

# ખંડ - ૩

# સાધનાની આપવીતી



કદી વહેંચાયેલું મન હું બધાંમાં તે ન રાખું છું,
સતત બસ માત્ર હું એક વિશે મનને પરોવું છું.

હરિ:ૐ

## અડીખમ શી દીવાલો તે કદીક વચ્ચે ઊભેલી છે

અમારી સાધનાકેરી જીવનની આપવીતી તે,
**हरि** વિના ન કોઈ એને પૂરી દિલ જાણનારું છે.

અમારે શિર સંકટનાં ઊગેલાં ઝાડવાં શાં તે !
જીવનમાં ગૂંચ, મુશ્કેલી પડેલી કેવી કેવી છે !

અડીખમ શી દીવાલો તે કદીક વચ્ચે ઊભેલી છે !
શી શી ઓળંગવાને તે જહેમત દિલ પડેલી છે !

શી આફત ! વિઘ્ન આવ્યાં છે, ન ગણકાર્યું અમે દિલ તે,
સહેલું પ્રેમથી તે તે **हरि** સત્કારવા અર્થે.

હરિ:ૐ

## ઉમેરું ના કશું બીજું, કદી ડહાપણ ન ડોળું હું

ઊગી ઓચિંતું આવે જે અચાનક દિલ સ્ફુરે છે જે,
પ્રમાણે તે હૃદયભાવે શું જોડકણાં રચાયાં છે !

ઉમેરું ના કશું બીજું, કદી ડહાપણ ન ડોળું હું,
ઊતરી આવેલ છે તેને બરાબર ન્યાય આપું છું.

ન ગજવાનું કશું તેમાં ભૂલેચૂકે ઉમેરું હું,
યથાવત્ જેમનું તેમ બધું હું તેમ રાખું છું.

કદીક મુજથી ખરેખર તો અવળચંડું લખાયું છે,
વિચારીને કશું મુજથી કદી ના કંઈ લખાયું છે.

હરિઃૐ

## હરિએ એવી રીતે શો પતિતનો હાથ પકડ્યો છે !

જીવનમાં દોરડું મુજથી પથે ચઢવા ઝલાયું જે,
લસરકો એકદમ પથમાં શું ઓચિંતો અચાનક તે,
જીવનમાં આવી પડતાંમાં પછી લપસાઈ જવાયું છે.

પડેલો સાવ તળિયે હું, ચઢેલાની નિશાની પણ
-રહી ના એક પણ જીવતી, દશા એવી થયેલી છે.

છતાં એવીય વેળાએ જીવનના ધ્યેયને હૃદયે
-ગયેલો ના ભૂલી હું તો, ઝઝૂમાવાયું તેથી છે.

પછી સાહસ, ધીરજ, હિંમત, હૃદય ઉદ્યમ વળી ખંત
-કહીંથી ફૂટી નીકળીને ચઢાવી શો દીધો પંથ !
**હરિ**એ એવી રીતે શો પતિતનો હાથ પકડ્યો છે !

હરિઃૐ

## સતત મથતો રહી, કેવો ઊંડો અંતરમાં ઊતર્યો જે !

કદીક તુજ લાલચોળ આંખ નિહાળીને હું બીન્યો છું,
જરાપણ તુજ સામે ના હું ત્યારે જોઈ શકેલો છું.

રહેલા મુજમાં બહુ દોષ હું અંતર જોઈ જવાને તે,
સતત મથતો રહી, કેવો ઊંડો અંતરમાં ઊતર્યો જે !

ગમે તેવો ભલે હોઉં, છતાં મુજ સાથ નાતો છે,
જીવનમાં દિલ દિલનો તે ભુસાયો ના ભુસાતો છે.

હૃદયનાં ભાવઆંસુથી ચરણ તુજ ધોઈને, નયને
-લગાડીને પ્રણામો મેં તને નિશદિન કરેલા છે.

હરિઃૐ

## જવાને ઊર્ધ્વને માર્ગે શૂરાતન દિલ ચઢેલું છે,

જીવનમાં કોઈક પ્રસંગોએ રાગદ્વેષ શું ઊપજીને
-મને શો આવરી લઈને, જીવન રગદોળી નાખ્યું છે !

મને એમાંથી તો કેવું જીવન શોધાવી આપ્યું છે !
મળ્યું નવતર જીવન જેથી બધાં દ્વંદ્વો ઘટેલાં છે.

નિરાગ્રહ ને અનાસક્તિ ખરે એમાંથી ફળિયાં છે,
જવાને ઊર્ધ્વને માર્ગે શૂરાતન દિલ ચઢેલું છે.

**हरि**નું નામ લઈ લઈને, જીવનમાં ભાવ જાગીને,
અને એણે નવો સુંદર જીવનને ઓપ આપ્યો છે.

હરિઃૐ

# કૃપાથી યુદ્ધમાં જીતવા બધું બળ વાપરેલું છે

ખરેખર શો પથે કોણે મને અટકાવી રાખ્યો છે ?
અરે ! કોણે પથે અધવચ મને લટકાવી માર્યો છે ?

જીવનમાં દેવદાનવનું ભયંકર યુદ્ધ જામ્યું છે,
ભયંકર યુદ્ધમાં તેવા કદીક તો દેવ હારે છે.

કદીક હાર્યો ભલે હોઉં, છતાં પણ હાથ જોડીને
-કદી બેસી રહ્યો ના છું, સતત મેં યુદ્ધ આપ્યું છે.

કૃપાથી યુદ્ધમાં જીતવા બધું બળ વાપરેલું છે,
**હરિ** ધાવાથી મુજ વહારે બનેલું જીતવાનું છે.

હરિઃૐ

## હૃદય ઉત્સાહ મોળો મેં કદી પડવા ન દીધો છે

કદીક આદર્શના પથમાં ઢીલું મુજથી પડાયું છે,
છતાં ધીમે ધીમે ડગલે સતત પથ ચાલવું થયું છે.

હૃદય ઉત્સાહ મોળો મેં કદી પડવા ન દીધો છે,
ઝલક આદર્શની દિલથી સળગતી દિલ રાખી છે.

પથે અંતરના શત્રુઓ મને ઘેરી વળેલા જે,
બધુંએ જોશ અંતરનું પથે તે સામું વાળ્યું છે.

ઝડપમાં તેથી તો વેગ કંઈક ઢીલો થયેલો છે,
છતાં હું તો સતત મંડ્યા રહેલો છું ચહી પંથે.

હરિઃૐ

# જ્યહીં ચેતાઈ જવાતું છે, પછી બેસી ન રહેવાતું

જીવનમાં કંઈક કરતૂકો થયેલાં મુજથી, જેણે
-મને મુજ ધ્યેયને પંથે ધીમો પાડી દીધેલો છે.

ઊંડું અંતરનું જે તે કંઈ બધું જોતો રહેલો છું,
સમજ તેથી થતું તેની પડંતાં દિલ ચેતું છું.

જ્યહીં ચેતાઈ જવાતું છે, પછી બેસી ન રહેવાતું,
ઝડપથી પંથ ચાલ્યા તો સતત કરવાનું દિલ રાખ્યું.

ગમે તેવું થતાં ધ્યેય પરત્વેનો ઉમળકો જે
-જરા સરખોય મોળો તો કદી પડવા ન દીધો છે.

હરિઃૐ

## હૃદયમાં શાંતિ પ્રસરાવા હું શો મથતો રહેલો છું

જીવનમાં ક્લેશ, કંકાસ કદીક શા જાગી ઊઠતા છે !
ભયંકર ઉગ્ર ઘમસાણ હૃદય ત્યાં જાગી ઊઠે છે.

શમાવાને જહેમત હું શો મથતો તો રહેલો છું !
હૃદયમાં શાંતિ પ્રસરાવા હું શો મથતો રહેલો છું !

ઊંડાં કારણ બધાં તેનાં મથ્યો છું હું સમજવાને,
સમજી લઈને થવા મુક્ત હૃદય જાગૃત રહેલો જે.

હૃદય જેના વિશે જાગૃત સતત રહેવાતું ઊંડું જે,
પથે તેના પરત્વેની જહેમત દિલ થતી રહે છે.

હરિઃૐ

# મહત્ત્વ દિલ સર્જનનું જીવનમાં તો રખાયું છે

શું સર્જન ને વિસર્જનનું જીવનમાં યુદ્ધ ચાલુ છે !
મહત્ત્વ દિલ સર્જનનું જીવનમાં તો રખાયું છે.

છતાં જીવનમાં દેખીતી શી ભાંગફોડ થતી રહી છે !
નજર તે જોઈ પ્રત્યક્ષ ભભૂકી હું ઊઠેલો જે.

સમગ્ર જોશથી એનો કરેલો સામનો ભારે,
કદીક જીત્યો, કદીક હાર્યો, કટિબદ્ધ થયો ત્યારે.

જીવનમાં એકધારું પથ કદી પણ ના લડાયું છે,
જીવનના યુદ્ધમાં કેવા વિરોધો કંઈક આવ્યા છે !

હરિઃૐ

## કશું જોર ન મારું છે, બધું જોર હરિનું છે

થવા શુદ્ધિ જીવનની મેં બધી શક્તિ હૃદયમાંની
-મૂકી મેદાન દીધી છે, છતાં હાર કદીક થઈ શી !

પડ્યો છું હું પથે, પાછો થયો ઊભો ટટારીથી,
લડત મેં તો ચલાવી છે, વિશુદ્ધિને પથે દિલથી.

અનેક વાર જીવનમાં પથે મુશ્કેલી આવી છે,
છતાં ત્યારે કૃપાથી શી હૃદય હિંમત ટકેલી છે !

પથે મુજ બાંય પકડીને મને ચલવ્યો **હરિ**એ છે,
કશું જોર ન મારું છે, બધું જોર **હરિ**નું છે.

હરિઃૐ

## પ્રજ્વલિત યજ્ઞ રાખ્યો છે, જીવન જીવતું થવા કાજે

જીવનમાં કોઈ પણ ભોગે જીવનનો યજ્ઞ માંડેલો
-સતત જે ચાલવામાં તો ન ભંગ દઈશ પડવા તે.

સતત ડગ પંથ ભરવાની દઈ આહુતિ યજ્ઞે તે,
પ્રજ્વલિત યજ્ઞ રાખ્યો છે, જીવન જીવતું થવા કાજે.

કદીક જ્યારે ન ફાવ્યો છું, કદીક તૂટી પડ્યો જ્યાં છું,
સહારો તુજ લઈ લઈને પથે ચાલ્યા કરેલો છું.

કદીક પગથી શી ખોઈ છે ! તહીં અટવાઈ પડેલો જે,
**હરિ**એ ભોમિયો થઈને પથે મુજને ચઢાવ્યો છે.

હરિ:ૐ

## પથે આગળના રસ્તાની કશી સમજણ પડી ના છે

જવાનો આરપાર જ તો હૃદય નિશ્ચય થયેલો છે,
બધું કરવાનું તે અંગે પથે આવેલ, કરી લઈને.

પછી જોયું, વિચાર્યું તો હજી તો કંઈક બાકી છે,
કર્યાં કરવા વિશે, મંડી પડેલો છું, કમર કસીને.

કદીક શો થાક લાગ્યો છે, ઊંડી આંખો વળી ગઈ છે,
પથે આગળના રસ્તાની કશી સમજણ પડી ના છે.

**हरि** પર આશરો રાખી પથે બસ ચાલવાનું તે
-સતત રાખ્યા કરેલું છે, બધું અડસટ્ટે **हरि**ના તે.

હરિ:ૐ

## સતત બસ જાગતા રહેવા મથામણ દિલ કરેલી છે

જીવન ધ્યેયતણી સામે સતત જોયા કરેલું છે,
પથે દિલ એવી સમજણથી કૃપાથી તો ચલાયું છે.

ચલાતાં તે રીતે, મૂંઝવણ કદીક મુજને થયેલી છે,
પથે અટકાઈ પડાયું છે, શી ચિંતા તેથી જાગી છે !

ઊંડું ઊંડું વિચારાતાં, થતાં એકાગ્રતા દિલમાં,
બધો મૂંઝવણનો ઉપાય કૃપાથી શો મળ્યો દિલમાં !

સતત બસ જાગતા રહેવા મથામણ દિલ કરેલી છે,
મથામણને લીધે મુજથી રહેવાયું જગાતું છે.

હરિઃૐ

## હૃદય સમજણ પડી જેમ પછી વર્તાયું તેવું છે

કદી મનથી ન વાતોનાં વડાં મેં તો કરેલાં જે,
હૃદય સમજણ પડી જેમ પછી વર્તાયું તેવું છે.

કદી વિચાર વર્તનનો કુમેળ ના થયેલો છે,
પરસ્પરથી ઊભય વચ્ચે ન કડવાશ ઊભી થઈ છે.

જીવનના ધ્યેયને જીવતું હૃદય દઢ રાખવાને હું,
**हरि** મુજ એકલો જાણે કૃપાથી શો મથેલો જે !

જીવનના ધ્યેયની સમજણ પ્રમાણે વર્તવાને હું
-સદા ઉદ્યત રહેલો છું. ન તેથી ક્યાંય ઝઘડો છે.

હરિઃૐ

## બધી આફત નિવારીને કરાવ્યો છે મને મુક્ત

જીવનમાં ઝપાઝપી ભારે બહુ વેળા થયેલી છે,
શી બથ્થંબથ્થા અંતરમાં પરસ્પર જામી ગયેલી છે !

શું રેબઝેબ પરસેવે થઈ ત્યારે ગયેલો છું !
ઢીલું ત્યારે ખરે ! મુજથી ન છૂટકે તો પડાયું શું !

છૂટી છક્કા ગયેલા છે, બધી હિંમત તૂટી ગઈ છે,
અને હોશકોશ કોઈ રીતના રહ્યા મુજમાં નથી સહેજે.

પરંતુ એવી વેળાએ **હરિ**એ કૃપા કરી મુજ પર,
બધી આફત નિવારીને કરાવ્યો છે મને મુક્ત.

હરિઃૐ

# લીધેલાં પ્રાપ્ત કર્મોમાં ન રહેવાયું કદી અક્કડ

બધું કાઢી અહમ્ દેવા મરણિયા યત્ન કીધા છે,
પડ્યું ફેણ મને કેવું હું જાણું એકલો તેને.

જીવનના સાધનાપથમાં કદીક ઘર્ષણ થયેલું છે,
જહીં નડતર નડેલું છે, તહીં દિલ ભાવના બઢી છે.

લીધેલાં પ્રાપ્ત કર્મોમાં ન રહેવાયું કદી અક્કડ,
કૃપાથી તો મુલાયમ દિલ રહેવાયું મથી પંથ.

**हरि**નો કેટલો મોટો ચમત્કાર થયેલો છે !
**हरि** ને હું ઉભય વચ્ચે શી મૈત્રી દિલ બઢેલી છે !

હરિઃૐ

# જુદી જુદી રીતના કેવા પથે સંગ્રામ આવ્યા છે !

જુદી જુદી રીતના કેવા પથે સંગ્રામ આવ્યા છે !
ન તેની વ્યૂહરચનાની ખબર મુજને પડેલી છે.

જીવનના સૂક્ષ્મ સંગ્રામો કળી મનથી શકાવાને,
મતિ પણ સૂક્ષ્મ શી જોઈએ ! કળાવા શક્ય તે ના છે.

છતાં ત્યારે મનાદિની ગતિ જેવી થયેલી છે,
હું તે પરથી લઈ સમજી, હૃદય તૈયારી કરતો જે.

કદીક સમજાયું સાચું ના, કદીક ગોથું ખવાયું છે,
કૃપાની સહાય મળતાંમાં, બધું સીધું થયેલું છે.

હરિઃૐ

## સમજદારીથી વર્તાતાં હ્રદય ઉત્સાહ વ્યાપ્યો છે

થયેલી દિલ ઉલઝણ છે, થયેલો ગૂંચવાડો છે,
જીવનમાં તીવ્ર સંઘર્ષણ વિચારોનું થયેલું છે.

હ્રદય એનાથી તો ઊંડું ઊંડું શું ઊતરાયું છે !
લગાવાતાં ત્યહીં ડૂબકી કંઈક જાગેલ સમજણ છે.

સીધે સીધું કૃપાથી તો પથે વર્તન થયેલું છે,
જવાથી પંથ વર્તાતાં સમજદારી ઊગેલી છે.

સમજદારીથી વર્તાતાં હ્રદય ઉત્સાહ વ્યાપ્યો છે,
ચલાયાની હ્રદય દ્રઢતા પથે નક્કર થયેલી છે.

હરિઃૐ

## ગરીબને ભાન પ્રેરાવી ખબરદાર બનાવ્યો છે

ગરીબ પૂરા જીવનમાં તો હતા કેવા પૂરેપૂરા !
શું ઠેબે ચઢાવિયા અમને ગરીબ હોવાથી જીવનમાં !

મફતિયાં કામ અમ પાસે કરાવી કેવાં લીધાં છે !
કદીક તો ગાળ ભાંડીને ઉઘાડો મુજને પાડ્યો છે.

ગરીબના નસીબમાં કેવું દબાવાનું બધી રીતે
-જીવનમાં કેવું આવ્યું છે ! જીવન તેથી દબાયું છે.

પરંતુ જ્યાં કૃપા **હરિ**ની થઈ જીવન વિશે ગઈ છે,
ગરીબને ભાન પ્રેરાવી ખબરદાર બનાવ્યો છે.

હરિઃૐ

## બધાંની સાથ સદ્‌ભાવ અમે જીવતો જ રાખ્યો છે

ગરીબીમાં અમે ધબ્બા પડેલા ખાધા કેવા તે
-બધો ઈતિહાસ તેનો તો પ્રસંગ આ ન લખવાને.

ગરીબની પાસથી માત્ર લીધા કર્મ કરેલું છે,
પડંતાં કામમાં ચૂક લબડધક્કે લીધેલો છે.

કરંતાં ભારેમાં ભારે ગરીબનું તીવ્ર અપમાન,
ન કોઈને આંચકો સહેજે જરા સરખોય લાગ્યો છે.

ગરીબને તણખલા તોલે સમજી કેવો સ્વીકારીને !
ગરીબને સર્વ કોઈ રીતે સતત ઊંચો જ રાખ્યો છે.

છતાં હૃદયની સમજણથી સ્વીકારીને ગરીબી તે,
બધાંની સાથ સદ્‌ભાવ અમે જીવતો જ રાખ્યો છે.

હરિઃૐ

# છતાં મેં પંથને પકડી સતત રાખ્યા કરેલો છે

ગરીબીમાં બહુ ધક્કા બધાંના ખૂબ ખાધા છે,
શું સાંભળવાનું ઉપરથી જીવનમાં તો થયેલું છે.

સરળતા દિલ મેળવવા લીધેલા કર્મને માટે,
હતા તેવા પ્રયત્નો મુજ, મળેલાંને રીઝવવાને.

કદીક ખત્તા જ ખાધા છે, કદીક ઊંધું પડાયું છે,
છતાં મેં પંથને પકડી સતત રાખ્યા કરેલો છે.

મળેલાં સાથ સદ્‌ભાવ જીવંતો દિલ રખાયો છે,
**हरि**ના પ્રેમની છાયાતણું પરિણામ તે તો છે.

હરિઃૐ

## અમર્યાદિત ધીરજ ધરીને, સૂઝ્યાં સાધન કરેલાં છે

બધી રીતે જીવન પથમાં મથ્યા ખૂબ કર્યાં કરીને,
જીવનનું ધ્યેય અનુભવવા શી સેવી ઝંખના દિલ છે.

ન સેવી માત્ર ખાલી તે, પરંતુ તે પ્રમાણે જે
-થતું સઘળું કર્યાં કરીને, **हरि** પ્રાર્થ્યાં કરેલો છે.

અમર્યાદિત ધીરજ ધરીને, સૂઝ્યાં સાધન કરેલાં છે,
ભજનકીર્તન, કર્યાં કરીને **हरि**ને દિલ સ્તવેલો છે.

**हरि**ને કોઈ વાતે ના કશું કહેવાનું મારે છે,
**हरि**એ તો કૃપા કરીને મદદ મુજને કરેલી છે.

હરિઃૐ

# હૃદય એમાંથી તો નવનીત કૃપાથી શું મળેલું છે

ઘણું ઊંઘ્યો, બહુ ઘોર્યો, છતાં ના ઊંઘ પૂરી થઈ છે,
અચંબો ને ઊંડો વિસ્મય હૃદય તેથી જ લાગ્યાં છે.

મને એથી ઊંડું ઊંડું હૃદયમાં ઊતરાયું છે,
અને એમ ઊતરાયાથી નૂતન કંઈક સ્ફુરેલું છે.

નૂતન તે સ્ફુરવામાંથી મને તેવા પ્રમાણેના
-સતત જોતરાવીને કર્મે મને પ્રેરાવિયો પથમાં.

સતત એવી મથામણની જીવનની પ્રક્રિયા શી તે !
હૃદય એમાંથી તો નવનીત કૃપાથી શું મળેલું છે !

હરિઃૐ

## પછીથી તો જીવનકેરો મને પંથ સૂઝેલો છે

મને અંધાપો જીવનમાં હતો આવી ચૂકેલો જે,
કશું તેથી ન દેખાયું જીવનમાં તો કશે મુજને.

ગુલાંટો કેટલી ખાધી, ઊંધું કેવું વળાયું છે !
જીવનવિકાસથી અવળું ઊંધું મુજથી ચરાયું છે.

મને એવાતણો હાથ **હરિ**એ કૃપા કરીને તે
-પકડી લઈને, ઉપર ખેંચી કરેલો દેખતો મુજને.

પછીથી તો જીવનકેરો મને પંથ સૂઝેલો છે,
બહુ, બહુ શ્રમ કરી કરીને પથે ચાલ્યો છું અડસટ્ટે.

હરિઃૐ

## મરણિયા દિલ નિશ્ચયથી પથે માંડેલ ધપવાને

જુદી જુદી રીતની અડચણ મને જીવનમાં આવી છે,
બધો ઉકેલ તેનો સૌ કૃપાથી દિલ સૂઝેલો છે.

કદીક સમજાયું ઊંધું છે, પરંતુ શું પથે ત્યારે
-હૃદય સાચું સમજવામાં કશી ના વાર લાગી છે.

જીવનની આંટીઘૂંટીમાં જવું પથ એકદમ સીધું
-કદી ના સહેલુંસટ તે છે, ડરેલો તોય દિલ ના હું.

ધીમે ધીમે જીવનપથને પૂરો શો આંબી દેવાને
-મરણિયા દિલ નિશ્ચયથી પથે માંડેલ ધપવાને.

હરિઃૐ

## ફરીથી એકડે એક મચેલો શો હું ઘૂંટવાને

જીવનમાં કંઈક ગરબડ શી જુદી જુદી રીતની થઈ છે !
અને તેથી જીવનપથમાં પડાયું પાછું મુજથી છે.

વિચારો વૃત્તિ જે ઊઠતાં મને તેથી જણાયું તે,
ફરીથી એકડે એક મચેલો શો હું ઘૂંટવાને !

પછીથી તો ધીમે ધીમે કદી પણ હું ન ચાલ્યો છું,
બનેલું દોડવાનું છે ઉતાવળથી પથે કેવું !

કદી ના નેમ ચૂક્યો છું, સતત મેં ધ્યેયની સામે
-નજર એકીટશે કેવી હૃદય ધાર્યાં કરેલી છે !

હરિઃૐ

## અનુભવના તબક્કાઓ જુદા જુદા જીવનમાં છે

જીવનની કારકિર્દીમાં શી અપકીર્તિ વહોરી છે !
લગાડે કલંક એવું પણ જીવનમાં આચરાયું છે.

હૃદય હું જ્યારથી ચેત્યો નવેસરથી જીવન જીવવા
-કટિબદ્ધ થયેલો શો, હૃદય તત્ત્વ અનુભવવા.

અનુભવના તબક્કાઓ જુદા જુદા જીવનમાં છે,
જુદા શા એક એકથી તે ! ન સરખાવાય કો સાથે.

અટૂલો, એકલો શો હું જીવનપથ ચાલનારો જે !
કદી પણ ના ડગેલો છું, હું અણનમ શો રહેલો જે !

હરિ:ૐ

## લબડધક્કે લઈ મુજને પથે પછી દોટ મૂકી છે

ઉકાળો કેટલીક વાર મને દિલમાં થયેલો છે,
બળાપાને અજંપાનો કશો ના પાર ક્યાંયે છે.

હૃદય એવા વિશે જ્યારે સમય મારો વીતેલો છે,
જીવનના ધ્યેયનું જોશ ઘટેલું દિલ લાગ્યું છે.

કમાયેલા, પરે પાણી ફરી ત્યારે વળેલું છે,
કરેલું કારવેલું સૌ થયેલું ધૂળધાણી છે.

ઊંડી ઊંડી સમજ પાકી હૃદય જ્યારે ઊગેલી છે,
લબડધક્કે લઈ મુજને પથે પછી દોટ મૂકી છે.

હરિઃૐ

## કૃપા તે કેટલી મોટી હૃદય કે ભાન જાગ્યું છે !

ભૂલો નાની અને મોટી જીવનમાં મુજથી થઈ છે,
કૃપા તે કેટલી મોટી હૃદય કે ભાન જાગ્યું છે !

હૃદય તે ભાન જાગંતાં સફાળો ચોંકી ઊઠીને,
સુધારી દિલ તે લેવા થયું સૌ તે કરેલું છે.

હૃદય આકાશ પાતાળ થવા એક, સમા યત્નો
-કૃપાથી જે થયેલા છે, ન તેમાં બાકી રાખ્યું છે.

હૃદય જાગ્યો જહીંથી હું સતત પગ હાથ ચલવીને,
કર્યો મંડ્યા ઊંડો ઊંડો ન જેનો પાર પણ કહીં છે.

હરિઃૐ

## અચાનક દિલ ઓચિંતું ટટાર થઈ જવાયું છે

કદીક ભૂલથાપ ખાધી છે, નજર શી ધૂંધળી થઈ છે !
પથે સૂઝ્યું બરાબર ના, લથડિયાં શાં ખવાયાં છે !

અચાનક દિલ ઓચિંતું ટટાર થઈ જવાયું છે,
કૃપાની તે કરામતની રસિક અદ્‌ભુત શી કથની છે !

સતત દિલ જાગૃતિ સેવ્યા કરંતો હું રહેલો જે,
ભુલાતાં તેથી દિલ ચેતી જવાતાં વાર ના થઈ છે.

ધગશનો અગ્નિ ચેતેલો સતત પથ એકસરખો તે
-કદી જલતો રહે છે ના, હૃદય તે લક્ષ આવ્યું છે.

હરિઃૐ

## ટકી રહેતાં સતત મથતાં, ન કંઈ મેળવવું અઘરું છે

કદીક ભૂલથાપ ખાધી છે પથે ઊંધે ચઢાયું છે,
થતાં માલૂમ હૃદય કેવું પછી મેં માથું કૂટ્યું છે !

હું થાકું કરી કરી મહેનત, છતાં જ્યારે ન ફળતી તે,
મને મુજ પર ખરે ત્યારે બહુ ખીજ ચઢેલી છે.

નકામો માલ વિનાનો મને મેં ગણી જ નાખ્યો છે,
કરી જહેમત બહુ તોયે ન મુજથી પથ ફવાતું છે.

બહુ વેળા હું હાર્યો છું, છતાં હિંમત ન છોડી છે,
ટકી રહેતાં, સતત મથતાં, ન કંઈ મેળવવું અઘરું છે.

હરિઃૐ

# કૃપા પુરુષાર્થનો મેળ જીવનમાં ઊગી નીકળ્યો છે

પ્રસંગો કંઈક શા એવા જીવનમાં તો મળેલા છે !
હૃદય એનાથી કરી ઊંડું થયેલું વિચારવાનું છે.

વિચારી ખાલી હું માત્ર કદી બેસી રહ્યો ના છું,
વિચારોની પ્રમાણેનું થવા વર્તન મથેલો હું.

પ્રયત્નો જીવ સાટેના સતત મેં તો કરેલા છે,
પરિણામતણી ચિંતા કદી સેવી ન દિલ મેં છે.

કૃપા પુરુષાર્થનો મેળ જીવનમાં ઊગી નીકળ્યો છે,
ઉમેરાતાં હૃદયભાવ ત્રિવેણી શો બનેલો તે !

હરિઃૐ

# સતત તેથી જ મથવાનું જીવનમાં માત્ર જાણ્યું છે

જીવનનું ધ્યેય સંપૂર્ણ થવા, જે રીત ઊંડું ઊંડું
-મથ્યા દિલથી કરેલું છે, ઉમળકાથી થયું તે સૌ.

જરા સરખોય કંટાળો કદી ના દિલ પ્રગટ્યો છે,
હૃદય ઉત્સાહ તો માપ્યો ન કંઈ માપી શકાતો છે.

થવા સાકાર અભિલાષા જીવનમાં તો ચહેલું છે,
હૃદય તે માટ, **હરિ**ને મેં બહુ વેળા શું ભાંડ્યો છે !

પછીથી જાણ્યું કે તેથી ન વળવાનું કશું પણ છે,
સતત તેથી જ મથવાનું જીવનમાં માત્ર જાણ્યું છે.

હરિઃૐ

## સહેતાં ને સહેતાંમાં નીકળી દમ શો ગયેલો છે !

જીવનમાં કંઈક વેળા તો કતલ મારી થયેલી છે,
ભયંકર વેદના એવી ન સહેવા શક્તિ મુજમાં છે.

છતાં જે આવ્યું છે માથે ન હડસેલી મૂકેલું છે,
થવા કલ્યાણ હેતુથી સ્વીકારી દિલ લીધેલું છે.

સહેતાં ને સહેતાંમાં નીકળી દમ શો ગયેલો છે !
જરા સરખો ઊંચો શ્વાસ ન મુજથી લઈ શકાયો છે.

જીવનમાં તાવણી એવી રીતે, મારી થયેલી છે,
કૃપા કેવી **श्रीहरि**ની કે સહી મુજથી શકાયું છે.

હરિઃૐ

## ધબકતા દિલથી કેવી મથામણ દિલ થતી રહી છે !

જુવાનીનો બધો જુસ્સો જીવનની સાધના વિશે
-થયો ઉદ્યત હું દિલ ઉત્કટ પૂરો ખર્ચી જ દેવાને.

કદીક જુસ્સાનું જીવનમાં ગયેલું ઓસરી બળ છે,
છતાં પણ ધ્યેય હેતુની ઊછળતી શી સમજ રહી છે !

ઊછળતી એવી સમજણથી ધબકતું દિલ રહેલું છે,
ધબકતા દિલથી કેવી મથામણ દિલ થતી રહી છે !

મથ્યા રહેવાથી દિલ જુસ્સો બઢી પાછો ગયેલો છે,
જીવનનું ધ્યેય બઢવામાં ખરો ખપનો જ લાગ્યો તે.

હરિઃૐ

## જીવનમાં પ્રાણ ને બુદ્ધિતણું પ્રાબલ્ય જબરું છે

જીવનમાં બુદ્ધિની સમજણ જીવનના ધ્યેય હેતુને
-હૃદય જાગૃત થઈ, પૂરી શી ખર્ચેલી બઢવવાને !

જીવનમાં પ્રાણ ને બુદ્ધિતણું પ્રાબલ્ય જબરું છે,
ઉભયની પર, હૃદય સંયમ હું કેળવવા મથેલો જે.

પૂરો આવી જતાં સંયમ જીવનના ધ્યેયના માર્ગે
-પછીથી કેવું આગળ તો ધસારાબંધ ધપાયું છે !

દીવાલો આવતી વચ્ચે બધી તોડાવી નાખીને,
જીવનના ધ્યેયની અંતે પછી આવી જવાયું છે.

હરિઃૐ

# થઈ સાવધ પૂરેપૂરો પથે ડગલાં ભરેલાં છે

જીવનમાં ધ્યેય સંપૂર્ણ સ્વીકારાયું હૃદય જ્યાં છે,
મને **એણે** પછી કેવો કર્યો દોડાવતો પથ છે !

કદીક હું દોડતાં ઝટપટ ગયેલો છું પડી રસ્તે,
ઘૂંટણ છોલાયેલા મુજ છે, હૃદય ધક્કો શું લાગ્યો છે !

ફરી પાછો ઊઠી જઈને બધી ખંખેરીને ધૂળને,
થઈ સાવધ પૂરેપૂરો પથે ડગલાં ભરેલાં છે.

પથે એમ ભરાતાં ડગ જીવનપંથ ઘટેલો છે,
હૃદય વિશ્વાસ એ રીતે બઢી, જીવતો થયેલો છે.

હરિઃૐ

## हरि તેને મદદ દે છે, ગ્રહી કર લે ઊંચો તેને

સતત વિકાસને પંથે જવા આગળ વિચાર્યું છે,
વિચાર્યું માત્ર ના, કિંતુ ધીમે ડગલાં ભરેલાં છે.

પથે મુશ્કેલી ને વિઘ્નો નડ્યાં મુજને કરેલાં છે,
ન ખચકાયો કદી તેથી, ધરી હિંમત ધપેલો જે.

છતાંયે પંથમાં મારે અટકવું તો પડેલું છે,
બહુવિધ પંથ ફંટાતાં અમૂંઝણ દિલ થયેલી છે.

પરંતુ જ્યાં હૃદય પાકો ઊંડો નિશ્ચય થયેલો છે,
**हरि** તેને મદદ દે છે, ગ્રહી કર લે ઊંચો તેને.

હરિઃૐ

## ભયંકર ભુલવણી શી જીવનપથમાંય આવી છે

મને શો કેટલી વાર જીવનમાં ઉથલાવ્યો છે
-**હરિ**એ કૃપા કરી, જેથી સમજવા દિલ મળેલું છે.

સમજતો કંઈક મનથી હું થયો છું જ્યારથી જીવને,
'જીવનનું ધ્યેય સાચું શું ?' હૃદય સમજાઈ ગયેલું છે.

જીવનના ધ્યેયનો પંથ પછી શો હાથ લાગ્યો છે !
પથે ધીમાં ધીમાં ડગલાં પછીથી તો ભરાયાં છે.

ભયંકર ભુલવણી શી જીવનપથમાંય આવી છે !
મને ત્યારે ગતાગમ દિલ કશી પણ ના પડેલી છે.

હૃદયથી પ્રાર્થી પ્રાર્થીને **હરિ**ને સાદ પાડ્યો છે,
હૃદયથી કરગરી સ્મરતાં **હરિ**એ સામું જોયું છે.

હરિઃૐ

## પથે બસ એકધારું તો ન મથવાનું જ છોડાયું

મનન ચિંતવન કર્યાં કરીને **હરિ**નું રાત્રિ દિવસ મેં,
**હરિ**ને કાઢવા શોધી તળે ઉપર થયેલો જે.

કરેલા ધમપછાડા છે બહુ રીતના ખરેખર મેં,
છતાં થયા પ્રયત્નો ના સફળ કેમે થયેલા છે.

પરંતુ તે છતાં હું તો કદી અટકી પડ્યો ના છું,
પથે બસ એકધારું તો ન મથવાનું જ છોડાયું.

સતત મથતાં, સતત મથતાં, કદીક પડછાયો તુજ નીરખી,
**હરિ** મળવાતણો બેઠો હૃદય વિશ્વાસ તે પછીથી.

હરિ:ૐ

## લીધેલું કર્મ સંપૂર્ણ થવા લાગી પડાયું છે

જીવનમાં ચાલવાકેરો હજી ના વેગ પ્રગટ્યો છે,
થવા ધ્યેયતણી પ્રાપ્તિ જીવનનો યત્ન સઘળો છે.

જીવનમાં ધ્યેયનો યજ્ઞ અમે સમજી સ્વીકાર્યો છે,
સ્વીકાર્યો માત્ર ના, કિંતુ અમલમાં તે ઉતાર્યો છે.

છતાં મુજથી જીવનપથમાં સીધે સીધું ચલાયું ના,
મનાદિના વલણ પરથી ખબર તેની પડી છે ત્યાં.

પછીથી ચેતી જઈને, પથ પરે આવી હું દિલ દઈને,
લીધેલું કર્મ સંપૂર્ણ થવા લાગી પડાયું છે.

હરિઃૐ

## જીવનની સાધના વિશે મનાદિ મેં પરોવ્યાં છે

શરણજનની કૃપા કરી **તેં** જીવનમાં લાજ રાખી છે,
પથે તુજ સહાય લઈ લઈને જરૂર ધપવાનું રાખ્યું છે.

કદી પણ થાક ખાવાને પથે ખાલી ન બેઠો છું,
નિરાંતે પલાંઠી વાળીને કદી નવરો રહ્યો ના છું.

પળે પળનો જીવનમાં મેં સદા ઉપયોગ કીધો છે,
જીવનની સાધના વિશે મનાદિ મેં પરોવ્યાં છે.

કદીક ભૂલેચૂકે પણ જો પથે આડું જવાયું છે,
જવાતાં ચેતી, પછી કૂદકે અને ભૂસકે કૂદેલો જે.

હરિઃૐ

## પછીથી પથમાં ચીવટ ધરી દિલમાં હું ચાલ્યો છું

હૃદય ઉત્સુકતાથી શો પથે સડસડાટ દોડ્યો છું !
પરંતુ વાગવાથી પથ મને ઠેસ, પડ્યો હું છું.

મને ઠોકરથી તો પથમાં વળી ઊંધું જવાયું છે,
અને કેમેય કરતાં તે કશી કળ ના વળેલી છે.

સમય કેટલોક વીતતાંમાં હું સાવધ તો થયેલો છું,
પછીથી પથમાં ચીવટ ધરી દિલમાં હું ચાલ્યો છું.

ગમે તેવી પરિસ્થિતિ ભલે આવે, છતાં પંથે
-જવાનું ડગમગી ના છે, હૃદય નિશ્ચય થયેલો તે.

હરિ:ૐ

# સૂઝેલાં ડગ ભર્યાં કરવા ધીરજ, હિંમત ધરેલાં છે

રુકાવટને લીધે પંથે પૂરી ફાવટ ન આવી છે,
છતાં પણ યત્નને મેં તો પૂરા જારી જ રાખ્યા છે.

ગયો જેમ આગળે પંથે બીજાં ડગલાં સૂઝેલાં છે,
સૂઝેલાં ડગ ભર્યાં કરવાં ધીરજ, હિંમત ધરેલાં છે.

કદીક જ્યાં ડગમગ્યો પંથે, તમન્નાએ મદદ મુજને
-હૃદય પ્રેરાવીને સાહસ, ઊંડી પ્રેર્યાં કરેલી છે.

પથે તો એકદમ મુજને છૂટો મૂકી દીધો ના છે,
**હરિ**ની આંગળીનો શો મને ટેકો જીવનમાં છે !

હરિઃૐ

## છતાં મથવા થકી મેં તો કદી ના આંખ મીંચી છે

જીવનપથમાં ઊણપ કંઈ પણ નથી દીધી આવવા મેં તો,
પ્રયત્ન તે દિશાનો તો શું તેજીલો રહેલો છે !

જરીક જ્યાં મંદતા દિલમાં પ્રગટતાં નીરખેલી છે,
સડક ઊભો થઈ જઈને ઉમળકાથી હું મંડ્યો જે.

પથે પાછો પડ્યો હોઉં છો, કદીક છો હાર ખાધી છે,
છતાં મથવા થકી મેં તો કદી ના આંખ મીંચી છે.

સતત બસ એકધારું મેં **હરિ**માં દિલ પરોવીને,
થતું મારાથી સઘળું તો કર્યાં કરવાનું રાખ્યું છે.

હરિ:ૐ

## સતત ડગ આગળે ભરવાતણું બળ વાપરેલું છે

જીવનપંથ કપાવામાં કંઈક દિલ મેળવાયું છે,
જીવનની સિદ્ધિમાં તેથી ડગલું આગળ ભરાયું છે.

ચલાતાં પંથ આગળ જ્યાં પથે મુસીબત નડેલી છે,
નયનમાં કંઈક અંધારાં ફરી મુજને વળેલાં છે.

ન તોયે દિલ જરા સરખો ડગ્યો કે ના હઠ્યો પણ છું,
ભલે પાછું પડાયું છો, જવું આગળનું નિશ્ચિત શું !

કદી જોયા જ કરવાનો તમાસો, દિલ થયું ના છે,
સતત ડગ આગળે ભરવાતણું બળ વાપરેલું છે.

હરિઃૐ

## પથે આગળ ધપાવાનો હૃદય વિશ્વાસ પાકો છે

જવા આગળ, જવા આગળ હૃદય નિશ્ચય થયેલો છે,
ન નિશ્ચયમાંથી કદી પાછળ જવાનું દિલ થયેલું છે.

હૃદયના નિશ્ચયે કેવો પથે આગળ ધપાવ્યો છે,
કદીક ધીમું પડાયું છે, છતાં નિશ્ચય ન મોળો છે.

પુરુષાર્થ બધો કેવો પથે તો જે થયેલો છે !
બધું નિશ્ચયતણું એ તો પરિણામ ખરેખર છે.

પથે નિશ્ચય જીવંતો શો હૃદય જ્યાં ચેતનાત્મક છે !
પથે આગળ ધપાવાનો હૃદય વિશ્વાસ પાકો છે.

હરિઃૐ

## સતત ઉદ્યમ અને ખંતે પથે ચાલ્યા કરેલું છે

જવા આગળ વિચારીને પથે મેં ડગ ભરેલાં છે,
સતત ભરતો ગયેલો છું, નથી અટકી પડ્યો ક્યાંયે.

સતત ડગલાં ભરવામાં પથે જ્યાં જોમપૂર્વક તે,
હૃદય સાહસ, ધીરજ, હિંમત બધું કામે લગાડ્યું છે.

પુરુષાર્થ થતો જે જે બધો તે તે કરેલો છે,
કદી પણ પાછું પડવાનું ન મેં તો દિલ વિચાર્યું છે.

સતત ઉદ્યમ અને ખંતે પથે ચાલ્યા કરેલું છે,
ઝપાટાભેર પંથે તો ચલાયું, મદદ **હરિ**ની તે.

હરિઃૐ

## કદી વહેંચાયેલું મન હું બધાંમાં તો ન રાખું છું

જગે મારા સમો ક્યાંયે ન અધકચરો બીજો કોઈ છે,
અકર્તવ્ય, શું કર્તવ્ય, કશું એવું ન સમજું હું.

હું અડબોથતણી જેમ સ્મરણનું પૂછડું પકડીને
-સતત બસ પકડી રાખી તે, જીવન જીવ્યા કરું છું જે.

ન આગળનું ન પાછળનું કશું જોવાનું દિલ પણ છે,
**હરિ**ને દિલ પરખવાનું હું એકલું માત્ર જાણું તે.

કદી વહેંચાયેલું મન હું બધાંમાં તો ન રાખું છું,
સતત બસ માત્ર હું એક વિશે મનને પરોવું છું.

હરિઃૐ

## હૃદય તટસ્થતા જામી બધું તે તે સુઝાડે છે

સતત બસ એકધારી જે સૂઝે તેની પ્રમાણે જે
-જીવનપ્રવૃત્તિ થતી રહે છે કુદરતનો કાયદો શો તે !

પ્રકૃતિનું નકારાત્મક વલણ જાગેલ જ્યારે છે,
હૃદય તટસ્થતા જામી બધું તે તે સુઝાડે છે,
જીવન સહદેવની પેઠે તટસ્થતા વર્તતી શી તે !

મનાદિના વલણ પરથી બધું દીવા સમું ચોક્કસ
-જણાઈ આપ આવે છે ઊગી તટસ્થતા જીવન.

જીવનમાં આવડી તેવી મહેનત કારમી કરીને
-દીવાલો દુર્ગની તોડી જવું આગળ ચહેલું છે.

હરિ:ૐ

# જીવનનું ક્ષેત્ર તો માત્ર હરિ ભજવાતણું તે છે

જીવનમાં કારમા કેવા દિવસ ગાળેલ વસમા તે !
છતાં તેમાંયે **હરિ** ભજવાતણું બળ ચેતનાત્મક છે.

ભલે પોતાનો તો ભાગ કરે ભજવ્યા બધું જે તે,
જીવનનું ક્ષેત્ર તો માત્ર **હરિ** ભજવાતણું તે છે.

મનાદિને **હરિ**માં શાં પરોવીને જીવનકેરો
-હૃદય આહ્લાદ પ્રત્યક્ષ અમે માનેલ છે કેવો !

**હરિ**નો સ્વાદ સાક્ષાત્ હૃદયથી ભોગવેલો છે,
નશામાં તેથી ચકચૂર હૃદય ભરપૂર ભરેલા જે.

હરિઃૐ

## જીવનને ઊર્ધ્વતમ કરવા અમે પુરુષાર્થ માંડ્યો છે

થઈ ગરવું જીવન વિશે ઊંડું અંતરમાં ઊતરીને
-જીવનને ઊર્ધ્વતમ કરવા અમે પુરુષાર્થ માંડ્યો છે.

જવા આગળ, સતત આગળ, વિચાર, વૃત્તિ, દૃષ્ટિ સૌ
-પડેલાં લાગી કેવાં તે હૃદય મુજ એકલું જાણે !

કદી પંથે ન અટકાયું, ઝપાટાભેર દોડાયું,
અચાનક કેવી ઓચિંતી તહીં પથ વાગી ઠોકર શું !

પથે ગબડી પડાયું છે, શું ધૂળ, ધૂળ થવાયું છે !
પછી ખંખેરી નાખીને ઊભો ઝટપટ થયેલો જે.

હરિ:ૐ

## જીવનને નવજીવન કરવા મને બુદ્ધિ સુઝાડી છે

જીવનની કટોકટી વેળા હૃદય સાવધ ન રહેવાયું,
થયું છિન્નભિન્ન જીવન, તે થઈ ઉજ્જડ ગયેલું શું !

થયું વેરાન જીવન **આ**, કશું ચેતન રહ્યું ના છે,
જીવન મુડદા સમું જાણે, કશા ના પ્રાણ જેમાં છે.

જીવનમાં ત્યારે પણ કોઈ ન હીલચાલ થયેલી છે,
પરંતુ જડ સમા મુજને **हरि**એ તો જગાડ્યો છે.

જગાડીને કટિબદ્ધ મને **एणे** કરેલો છે,
જીવનને નવજીવન કરવા મને બુદ્ધિ સુઝાડી છે.

હરિઃૐ

# નવું જીવતર મને બક્ષી હરિએ ન્યાલ કીધો છે

જીવનમાં તો હતું ના કંઈ મને ભાન **હરિ**નું તે,
નર્યું શુષ્ક વિના સમજણ જીવન વીતી રહેલું જે.

પૂરા બસ સ્વાર્થમાં જીવન વહ્યા કેવું જતું તું તે,
રહી મસ્તાન ગુલતાન જીવનમાં રાચીને સ્વાર્થે.

અહમ્ ટકરાયું ઓચિંતું જીવનમાં કોઈની સાથે,
હૃદય આઘાત શો ત્યારે ઊંડો લાગી ગયેલો છે !

કૃપા અનહદ કરી ત્યારે **હરિ**એ દિલ જગાડીને,
નવું જીવતર મને બક્ષી **હરિ**એ ન્યાલ કીધો છે.

હરિ:ૐ

## જીવનમાં કોઈની સાથે ન ટંટોફિસાદ અમને છે

જરા પણ દ્વેષ કરવાનું અમારા દિલમાં ના છે,
બધાંની સાથ સદ્ભાવ અમારો ચેતનાત્મક છે.

**हरि** શો સારા નરસામાં નર્યો તદ્રૂપ પોતે છે !
**हरि**નો દાખલો લઈને જીવનમાં વર્તવું ચહ્યું છે.

ભલે બૂરું કર્યું હોય અમારું તો જીવન વિશે,
છતાં પણ તે પરત્વે દિલ અમારું કુમળું રહે છે.

જીવનમાં કોઈની સાથે ન ટંટોફિસાદ અમને છે,
બધાંની સાથ વ્યવહાર અમારો સુમેળવાળો છે.

હરિઃૐ

## રૂડો દિવસ નીરખવાનો હાવાં લહાવો મળેલો છે

જીવનમાં ખૂબ અંધાપો મને આવી ગયેલો જે,
કશું કેમે કર્યું મુજને જરા દેખાતું પણ ના છે.

પૂરા અજ્ઞાનનું કેવું જીવન અંધકાર વ્યાપ્યું છે !
કશું દેખાયું ના, મેં શાં નયન ફાડી જ રાખ્યાં છે !

જીવનમાં સ્વાર્થ ને લોભે મને શો આવરી લઈને,
મર્યો મથી હું, છતાં એણે કશું સૂવા ન દીધું છે.

કૃપાથી હું ઊઠ્યો જાગી, જવાયું ચેતી મુજથી છે,
રૂડો દિવસ નીરખવાનો હાવાં લહાવો મળેલો છે.

હરિઃૐ

## સતત બસ કામ ને કામ જીવન લીધા કરેલું છે

વિસામો કેટલી વાર જીવનમાં મેં લીધેલો છે !
છતાં પાછો વિસામો શો મને લેવો પડેલો છે !

પથે ખાઈખપૂસીને રહ્યો મંડ્યો પૂરેપૂરો,
ન પળવાર વિના કર્મ હું ખાલી કંઈ રહેલો છું.

સતત બસ કામ ને કામ જીવન લીધા કરેલું છે,
જરા નવરો ન બેઠો છું. કદી પણ થાક ખાવાને.

ભયંકર કારમી કેવી તપશ્ચર્યા થયેલી છે !
રૂડાં ફળ તેતણાં હાવાં મળ્યાં કરતાં જ લાગે છે.

હરિઃૐ

## અમારાં કર્મનો અંત પૂરેપૂરો ન ક્યાંયે છે

ઊંડા અંતર ઊતરવાનું અમે દિલથી ચહેલું છે,
ચહેલું માત્ર ના, કિંતુ જીવન તે કર્મ લીધું છે.

પરિપૂર્ણ થવા કર્મ અમે જહેમત ઉઠાવી છે,
કૃપાથી તો અમે કેવા ટકેલા કર્મને વિશે !

ટકેલા એકલા તેમાં ન પૂરતું છે અમો માટે,
કરોડો કામથીયે ના અમારું તો થવાનું છે.

અમારાં કર્મનો અંત પૂરેપૂરો ન ક્યાંયે છે,
અનંતાનંત તો કર્મ જીવનનું કેવું મોટું તે !

હરિઃૐ

## ખંડ - ૪

# પ્રેરણા, તમન્ના અને હરિભાવ



જીવનમાં ભાવ સર્વસ્વ જીવનની શક્તિ લક્ષ્મી છે,
હરિભાવ ખરેખર તો જીવનનું સાચું ભોજન છે.

હરિઃૐ

## કૃપા શી કેટલી મોટી થયેલી મારી પર તે છે !

જીવનઆધાર જીવવામાં મને શો પ્રેરણા પર છે !
મળ્યા કરતી રહે શી પ્રેરણા વર્તાયું તે રીતે !

કૃપા શી કેટલી મોટી થયેલી મારી પર તે છે !
મુખેથી ખાલી ગુણગાન બધાં કરવાં નકામાં છે.

કદીક શી પ્રેરણા તે તો ચમત્કારિક લાગી છે !
જીવનમાં ઘણો બધો ભાગ શું ભજવ્યો પ્રેરણાએ છે !

અજાણ્યા પંથ લઈ જાવા મને શો પ્રેરણાએ તે
-ચીંધીને આંગળી, પંથતણાં ડગલાં સ્ફુરાવ્યાં છે !

હરિઃૐ

## જીવન વહાલા હરિએ શો જીવનમાં ભાગ ભજવ્યો છે !

જીવનની પ્રેરણામાં તો બધી સંસારી રીતેની,
જુદી જુદી પ્રમાણેની થઈ છે પ્રેરણા દિલ શી !

જીવનસંસાર ઝઘડામાં પથે ઉદ્‌ભવતા પ્રશ્નો જે,
મનાદિને પૂરેપૂરાં શું તેમાં તે રખાવે છે !

બધું આદર્શનું ભાન ઊડી ક્યાંયે જતું રહે છે,
શી ત્યારે ધ્યેય જિજ્ઞાસા પડી સંપૂર્ણ મોળી છે !

જીવન વહાલા **હરિ**એ શો જીવનમાં ભાગ ભજવ્યો છે !
જુદા એવા જ શા કિસ્સા નજર સમક્ષ તરતા છે !

હરિઃૐ

# ભૂલ્યું ચૂક્યું પ્રભુ મારું બધું તે માફ કરી દેજે

શી મેળવવા હૃદયમાં તે સ્ફુરંતી પ્રેરણા જેવી,
જીવનમાં ભૂમિકા તેવી હું કેળવવા મથ્યો દિલથી.

ભૂમિકાની પ્રમાણેની કર્યાં કરતો મથામણ હું,
કદીક આડો થવાયું છે, મચક તોયે ન આપી છે.

હિમાલય પહાડનાં જેવાં પંથે વિઘ્નો નડેલાં છે,
પરંતુ તુજ કૃપાથી તો ગયેલાં ઓસરી શાં તે !

'**હરિ**ના ઉપકારોનો કશો બદલો કશી રીતે
-ન વાળી જ શકાવાનો', હૃદયમાં તે ઊગેલું છે.

હૃદયમાં તેથી **શ્રીહરિ**ને શો સતત પ્રાર્થ્યા કરેલો છે !
ભૂલ્યું ચૂક્યું પ્રભુ મારું બધું તે માફ કરી દેજે.

હરિઃૐ

## બધી કિંમત ચૂકવી દેવા હૃદય થનગનતું નાચે છે

હૃદયની પ્રેરણાને મેં શ્રીગુરુ હુકમ ગણેલો છે,
હુકમપાલન મેં ઝીણવટથી કર્યાં ભાવે કરેલું છે.

હુકમ જુદા જુદા કેવા જુદી જુદી ભૂમિકાના જે
-મળ્યા દિલમાં કરેલા છે પથે વર્તાયું તેમ જ ત્યાં.

હુકમ એવા મળેલા છે ભયંકરમાં ભયંકર તે,
પથે માથું કપાવાના પ્રસંગો જ્યાં મળેલા છે.

કૃપા તેજસ્વી ત્યારે શી ! શી અંતર ભભૂકી ઊઠી છે !
બધી કિંમત ચૂકવી દેવા હૃદય થનગનતું નાચે છે.

હરિઃૐ

## હૃદયની પ્રેરણાએ તો મને સૌ શીખવેલું છે

પૂરો નમારમૂંડો હું છતાં પણ હું હૃદયથી જે
-અનુભવવા **હરિ**ને શો મચેલો ને મથેલો તે !

જુદા જુદા તબક્કાની જુદી જુદી મથામણ છે,
મથામણની રીતો પણ ત્યાં જુદા જુદા પ્રકારે છે.

જુદી જુદી રીતમાં કેવી જુદી ગૂઢ સાધનાઓ છે !
જુદી ગૂઢ સાધનામાંયે શી ગુહ્યતમ સાધના પણ છે !

હૃદયની પ્રેરણાએ તો મને સૌ શીખવેલું છે,
જુદી જુદી પ્રેરણાને મેં કૃપા **હરિ**ની શી માની છે !

હરિઃૐ

## મને તેં કેટલી વાર જીવનમાં તો બચાવ્યો છે !

જીવનની કોઈ પણ વાત કશી છાની ન તુજથી છે,
પૂરો સંપૂર્ણ ખુલ્લો થઈ તને જે તે જણાવ્યું છે.

હૃદય હળવાશ તેથી તો અનુભવું છું જીવનમાં જે,
કૃપા તારીનો પ્રત્યક્ષ જીવનમાં દાખલો શો તે !

જીવનમાં કંઈક વેળાએ કૃપા સાક્ષાત્ પામીને,
કૃતાર્થ હું થયેલો છું, પદે તારે લળી ઢળીને.

મને **તેં** કેટલી વાર જીવનમાં તો બચાવ્યો છે !
હવે શાંતિથી પદ ઢળતાં જીવન નવતરનું મળિયું છે.

હરિઃૐ

## હૃદય વિશ્વાસ, હિંમત પણ સ્ફુરેલાં ચેતનાત્મક છે

મને શો એકડો ઘૂંટતા શરૂશરૂમાં ન આવડિયો,
પરંતુ ક્યાં સુધી એનો ન છોડ્યો છાલ મેં તો છે.

સતત બસ એકધારું તે ઘૂંટ્યા કરવાનું રાખ્યું છે,
ઘૂંટ્યાં એકીટશે કરતાં કંઈક આવડવા માંડ્યું છે.

કંઈક આવડતાં શો દિલમાં ઉમંગ, હોંશ પ્રગટ્યાં છે !
હૃદય વિશ્વાસ, હિંમત પણ સ્ફુરેલાં ચેતનાત્મક છે.

ધીમે ધીમે ડગલું એક પથે મંડાતું જ્યાં ગયું છે,
હવે પંથ કપાવાનો હૃદય નિશ્ચિત થયેલું તે.

હરિઃૐ

## પથે શો ટોકી ટોકીને મને જાગ્રત રખાવ્યો છે !

હૃદયમાં જે તમન્નાની સળગતી આગ લાગી છે,
સતત દિલમાં મને **एणे** શું ચેતાવેલ રાખ્યો છે !

ભૂલેચૂકે કદી પણ દિલ ન ઝોલું તો ખવાયું છે,
પથે શો ટોકી ટોકીને મને જાગ્રત રખાવ્યો છે !

ચલાવ્યો જો **हरि**એ છે ચલાયું તો જ મુજથી છે,
નહિતર બાકી મુજ જેવાતણું ના કામ **आ** પથ છે.

**हरि**એ બાવડાં પકડી પથે ઊભો રખાવીને,
હતું જ્યાં લઈ જવાનું ત્યાં મને દોરી ગયો તું છે.

હરિઃૐ

# જીવનની સાધનાનો જે થયેલો પ્રવાહ વહેતો છે

અસ્ખલિત જે પ્રગતિનું જીવનમાં વહેતું ઝરણું છે,
અજાણ્યા કોઈક કારણથી કદીક અટકી પડેલું છે.

બધું અંતરનું જે જોશ વહેતું ઝરણું કરવાને,
અમે કામે લગાડ્યું છે, ઊંડું અંતરથી સમજીને.

ખડક સામે કદીક કેવું પથે અથડાતું, પછડાતું,
પરંતુ પ્રવાહના જુસ્સા થકી, ઝરણું વહેતું શું !

જીવનની સાધનાનો જે થયેલો પ્રવાહ વહેતો છે,
શી તમન્નાના પ્રવાહેથી ન અટકવાનો કદી પણ તે.

હરિઃૐ

## પથે ભરવાની ડગ શક્તિ મને બક્ષેલ एणे છે

બળોએ વિરોધનાં મુજને પથે ટકવા ન દીધો છે,
કર્યાં કરું ખૂબ જહેમત પણ ઊંધી વાળી નખાવે તે.

નિરાશામય બધા એવા શું વાતાવરણને વિશે,
મથ્યા કરતો રહેલો છું પથે ટેકાવવા પગને.

ઘણી વેળા પથે પાછો પડેલો છું હું તો પંથે,
છતાં પણ એકઠી કરીને હૃદય હિંમત, ઊભેલો જે.

કૃપાની તે કરામત કે મને મથતો રખાવીને,
પથે ભરવાની ડગ શક્તિ મને બક્ષેલ **एणे** છે.

હરિઃૐ

## તમન્નાને લીધે જીવનતણી તે સાધના થઈ છે

જવાતાં આડફંટે તો તમન્ના પંથ લાવે છે,
જીવનની સાધનાનું તો ખરું મૂળ તે તમન્ના છે.

જીવનમાં તમન્નાની શી હૃદયમાં આગ પ્રગટી છે !
થતાં મંદ, વળી કેવો મને પ્રજ્વળ બનાવ્યો છે !

તમન્નાએ મને ના કંઈ અટકવા ક્યાંય દીધો છે,
સદા ધક્કેલીને પંથે વહેતો રાખિયો શો છે !

તમન્નાને લીધે જે જે બધાં પગલાં ભરાયાં છે,
તમન્નાને લીધે જીવનતણી તે સાધના થઈ છે.

હરિ:ૐ

## તમન્ના યજ્ઞનો અગ્નિ શું પાવનકારી પોતે છે !

જીવનમાં આડખીલીને તમન્નાએ હઠાવી છે,
ઊભેલા પહાડ વચ્ચે તે તમન્નાએ ખસેડ્યા છે.

જીવનમાં જો તમન્નાનો ખરેખર અગ્નિ પ્રગટ્યો છે,
કદી ના તે બુઝાવાનો, સદા પ્રગટેલ રહેશે તે.

કદીક તે મંદ પડવાનો, કદીક પાછો ભભૂકવાનો,
સદા ધક્કેલવાનો તે, પથે જીવતો રહેવાનો.

તમન્ના યજ્ઞનો અગ્નિ, શું પાવનકારી પોતે છે !
તમન્ના સ્પર્શતી જેને બનાવે પવિત્ર તેને તે.

હરિઃૐ

## તમન્ના ટૂંટિયું વાળી કદી ના તે પડી રહે છે

તમન્નાની વગર સહેજે સધાવાનું જીવન ના છે,
જીવનના વિકાસના મૂળમાં તમન્ના તો રહેલી છે.

ગરજ ને સ્વાર્થ લાગ્યાંથી તમન્ના આપ સળગે છે,
તમન્નામાં ગરજ સ્વાર્થ સમાયેલાં ખરેખર છે.

તમન્ના ટૂંટિયું વાળી કદી ના તે પડી રહે છે,
ભલે મંદ થતી લાગે, છતાં પાછી ભભૂકશે તે.

તમન્ના અગ્નિ પોતે છે, સદા બળતો રહે છે તે,
તમન્ના અગ્નિ બધું બાળી પૂરું તે ભસ્મ કરી દે છે.

હરિઃૐ

# અભિલાષા તમન્નાથી થતી સાકાર લાગે છે

અસ્ખલિત જે તમન્નાનો વહેતો પ્રવાહ અંતર છે,
તમન્ના તો જગાડીને જીવંતા શા રખાવે છે !

કદી ના ઊંઘવા તે દે, કદી ના જંપવા પણ દે,
પડી રહેવા કદી ના દે, વહેવાનું કરાવે તે.

પ્રજ્વલિત શી ગતિ એની ! તમન્ના શી ગતિશીલ છે !
ગતિ વિના તમન્નાને કદી ના ચેન પડતું છે.

જીવનવિકાસની ટોચે તમન્ના પહોંચડાવે છે,
અભિલાષા તમન્નાથી થતી સાકાર લાગે છે.

હરિઃૐ

## છતાં દિલની તમન્નાએ મને રસ્તો સુઝાડ્યો છે

જીવનમાં ભવાટવિ વિશે હું અથડાઈ, ભૂલેલો જે,
અજાણ્યો સાવ પથનો હું, કશે પગથી મળી ના છે.

ફર્યો જેમ તેમ પંથે હું, ખરી પગથી જડી ના છે,
છતાં દિલની તમન્નાએ મને રસ્તો સુઝાડ્યો છે.

કદીક અધવચ પથે મુજથી શું અચકાઈ જવાયું છે !
છતાં ત્યારેય તો ધ્યેય કદી પણ ના ભુલાયું છે,

શી આડાઅવળી પગથી છે ! વળી વાંકીચૂકી પણ છે,
ભુલાવામાં પડાતું છે, છતાં અંતે જવાનું છે.

હરિઃૐ

## ભભૂકતી દિલ તમન્નાનો લખાયેલો વિજય શો છે !

ભુલાવામાં જીવનપથમાં પડી હું તો ગયેલો જે,
બધે મારી જ ડાફરિયાં બહુ જોયાં, વળ્યું ના છે.

છતાં પથ ચાલવાકેરી હું લતને ના ભૂલેલો છું,
'તમન્ના સાચી લાગેલી બતાવી દે જ ઠેકાણું.'

હૃદય વિશ્વાસ એ રીતનો ઊંડો ઊતરી ગયેલો છે,
ગમે તેમ કરીને પણ પથે લાવી જ મૂકશે તે.

પરીક્ષા દિલની ત્યારે થઈ જતી હોય છે શી તે !
ભભૂકતી દિલ તમન્નાનો લખાયેલો વિજય શો છે !

હરિઃૐ

## પથે સાતત્ય જળવાવા મને તે મથાવશે નિત્યે

જીવનમાં સાવ મૂર્ખો હું અવળચંડો બધી રીતે,
લઈને કામ મોટું તો હું બેઠો છું જીવનનું જે.

કશી ના આવડત છોને, પરંતુ દિલ સળગતી છે
-તમન્ના અગ્નિના જેવી બધું સુઝાડશે મુજને.

ગરજ ને સ્વાર્થ લાગ્યાં છે ભલે છો મંદ અક્કલ હો,
છતાં બુદ્ધિ વિશે ડહાપણ, ઉગાડી જ્ઞાન દેશે તો.

પથે સાતત્ય જળવાવા મને તે મથાવશે નિત્યે,
મથાવીને મથાવીને હૃદય નવનીત તે દેશે.

હરિ:ૐ

# મને એણે ધડકતે દિલ પથે જીવતો રખાવ્યો છે

પથે ઓચિંતા, અણધાર્યા કદીક હુમલા શું આવ્યા છે !
પડાયું ખંચકાઈ પથ, શું ત્યારે વસવસો દિલ છે !

છતાં જ્વાળા તમન્નાની ન દિલ ત્યારે બુઝાઈ છે,
મને **એણે** ધડકતે દિલ પથે જીવતો રખાવ્યો છે.

પથે થોભાઈ પડાયું છે, શી તેની જાણ જ્યાં થઈ છે !
ત્યહીં ઉત્સાહથી પછીથી પૂરા વેગે ધપાયું છે.

જીવનની કારકિર્દીનો ફરી ચહેરો ગયેલો છે,
હૃદયમાં જંપ એનાથી કૃપાએ શો વળાવ્યો છે !

હરિઃૐ

## મુસીબતને લીધે કેવું રહેવાયું જ જાગૃત છે !

જીવનવિકાસના માર્ગે બહુ વેળા પડેલો છું,
છતાં હિંમત કરીને હું, જવા આગળ મથેલો જે.

ન નાખ્યા ગજ પહોંચ્યા છે, કદીક હારી જવાયું છે,
છતાં પણ ધ્યેયમાં મોળાશ કદી ના વીસરાઈ છે.

તમન્ના ધ્યેયની અગ્નિ સમી બળતી રહેલી છે,
મને **એણે** જીવનનો પથ કરી મોકળાશ દીધો છે.

નડી મુશ્કેલી જીવનમાં શી આશીર્વાદ ગણેલી છે !
મુસીબતને લીધે કેવું રહેવાયું જ જાગૃત છે !

હરિઃૐ

## हरिભાવ ખરેખર તો જીવનનું સાચું ભોજન છે

**हरि**ના ભાવથી માત્ર જીવનમાં જીવવાનું છે,
**हरि**ના ભાવ વિનાનું બીજું જીવન ન જાણ્યું છે.

**हरि**ના ભાવને લીધે જીવનની ભવ્ય રોનક છે,
**हरि**નો ભાવ જો છે તો જીવન અસ્તિત્વ નભતું છે.

જીવનમાં ભાવ સર્વસ્વ જીવનની શક્તિ લક્ષ્મી છે,
**हरि**ભાવ ખરેખર તો જીવનનું સાચું ભોજન છે.

**हरि**ના ભાવનું જીવન શું અદ્‌ભુત, મુક્ત, મૌલિક છે !
**हरि** સાક્ષાત્, પ્રત્યક્ષ **हरि** પોતે જ જીવન છે.

હરિઃૐ

## જીવનમાં સાધનાભ્યાસ સતત ચાલ્યા કરંતો છે

**હરિ**ની ભાવના વિશે જીવન જીવવું રસીલું છે,
જીવનમાં ભાવના જો ના, જીવન કૃત્રિમ ખરેખર તે.

જીવન રસથી ભર્યું લાગે, જીવનમાં ભાવના જો છે,
સતત દિલ ભાવના ટકવા કર્યાં સાધન કરું છું જે.

જીવનમાં સાધનાભ્યાસ સતત ચાલ્યા કરંતો છે,
શું શ્વાસોશ્વાસ જીવનમાં બની શાશ્વત ગયેલો તે !

**હરિ**ની ભાવના તેથી જીવનમાં જીવતી થઈ છે,
નિરંતર ભાવના તેથી સહજ મેળે થયેલી છે.

હરિઃૐ

## સતત બસ ચાલવાકેરો અમે તો યજ્ઞ માંડ્યો છે

સતત બસ ચાલવાકેરો અમે તો યજ્ઞ માંડ્યો છે,
સતત આહુતિ તેમાં તો હૃદયના ભાવની ધરી છે.

હૃદયના ભાવનો ત્યારે નશો ભારે જ ચઢતો છે,
નશો તે ઘીની આહુતિ થકી અગ્નિ ભભૂકતો છે.

ભભૂકતા યજ્ઞના અગ્નિ થકી જીવન શું ઉજમાળું
-બન્યા જતું તે ગયેલું છે, કૃપા કેવી **હરિ**ની તે !

જીવનના યજ્ઞની જ્વાળા ફરી કેવી વળેલી છે !
રહેલી કંઈક અશુદ્ધિ બધી શુદ્ધ કરેલી છે.

હરિ:ૐ

## અમે કર્તવ્ય જીવનનું કર્યાં કરવાનું ધારીને

જીવનમાં મહત્ત્વનું કર્મ જીવનની સાધનાનું તે
-હૃદયની પૂરી સમજણથી અમે દિલમાં ગણેલું છે.

ગણેલું માત્ર ના તેને, પરંતુ કર્મને વિશે
-ઉતારીને મથી મથીને કર્યું સાકાર છે તેને.

જીવનમાં ભાવની પેરે બધાં કર્મ કરી કરીને,
**હરિ**ચરણે સમર્પીને, જીવનનો યજ્ઞ ચલવ્યો છે.

અમે કર્તવ્ય જીવનનું કર્યાં કરવાનું ધારીને,
સતત બસ તે વિશે દિલને પદે દીધું પરોવી છે.

હરિઃૐ

## હૃદયમાં ભાવમાં કેવું જિવાયું ઉત્તરોત્તર છે !

હૃદયથી ભાવથી કર્મ થતાં જીવન રહેલાં જે,
અને તેમાંથી સમજણ દિલ પ્રમાણે તે ઊગેલી છે.

હૃદયમાં ભાવમાં કેવું જિવાયું ઉત્તરોત્તર છે !
જુદું જુદું નૂતન જ્ઞાન બધું ખીલતું ગયેલું છે.

ગઈ પલટાઈ દૃષ્ટિ ને ગયું પલટાઈ સઘળું છે,
જીવન સમૃદ્ધ તેથી તો ખરેખર કેવું બનિયું છે !

**हरि** ખોળે ઢળેલો જે કદી લટકી પડે ના તે,
**हरि** તેને જ પોતાનો સ્વીકારી, ધન્ય કરતો છે.

હરિ:ૐ

# ખંડ - ૫

# હરિદર્શનનો પ્યાસી



**હરિ** વહાલો, **હરિ** વહાલો, જીવનમાં પ્રાણ પ્યારો છે,
જીવનમાં હેત કરવાને **હરિ** જેવું બીજું ના છે.

હરિઃૐ

# हरिने तेथी दिल मारुं वरी चूकेल प्रेमे छे

મનન ચિંતવન થકી **હરિ**ના **હરિ**નો પાસ લાગ્યો છે,
**હરિ**નો પાસ લાગ્યાથી **હરિ**ની લગની લાગી છે.

લગન લાગ્યે **હરિ**કેરી **હરિ**માં એકલું માત્ર
-જીવંતું ચેતનાત્મક તો ટકેલું મારું છે લક્ષ.

કશું ચિંતવવું **હરિ** વિના હવે ના દિલ ગમતું છે,
**હરિ**ની સભાનતા વિશે સમાયેલું બધું જે તે.

જીવનની સમગ્રતા વિશે **હરિ** શો એકલો પોતે !
**હરિ**ને તેથી દિલ મારું વરી ચૂકેલ પ્રેમે છે.

હરિઃૐ

## દિવસ પછી રાત્રિ આવે છે, બધું એવું જીવનમાં છે

જીવનમાં છાંયડો તડકો બહુ જોયા કરેલો છે,
નવાઈ તો કદી તેની હવે મુજને ન લાગે છે.

જીવનનો નિત્યનો એવો પડેલો કાર્યક્રમ તે છે,
દિવસ પછી રાત્રિ આવે છે, બધું એવું જીવનમાં છે.

ઉભયકેરું જ અસ્તિત્વ જરૂર સર્જાયેલું તે છે,
જીવનમાં સુખ ને દુઃખ વણાયેલાં ખરેખર છે.

જીવનમાં સમતુલા સધ્ધર ઉભયમાં રાખવાની છે,
ભરોંસો રાખીને **हरि** પર રીતે તે, વર્તવું ચહ્યું છે.

હરિઃૐ

## हरि પોકારતાં કિંતુ શી રાહત દિલ મળંતી છે !

નર્યાં રેતીતણાં રણ શાં જીવનમાં કંઈક આવ્યાં છે !
કદી પણ છાંયડો ખાવા તહીં તો ના મળેલો છે.

હૃદય આકળવિકળ કેવો થઈ જઈને, **हरि** તુજને
-હૃદયની વ્યથાતણા મેં તો ઊંડા પોકાર પાડ્યા છે !

છતાં પણ જે સહેવાનું થયું ઓછું ન તે વિશે,
**हरि** પોકારતાં કિંતુ શી રાહત દિલ મળંતી છે !

હૃદય વિશ્વાસ સંપૂર્ણ ‘વહી કાળ જવાનો તે’,
સમજી દિલ કારમો કાળ વિતાવ્યા હું કરું છું જે.

હરિઃૐ

## કદી લેનાર સંભાળ હરિ જેવો જગે ના છે

ઊંધે પાટે જીવનમાં હું કદીક ચઢી ગયેલો જે,
કૃપાસિંધુ **હરિ**એ શી કૃપા ત્યારે કરેલી છે !

પ્રમાણિકતાથી દિલમાં જો સ્મર્યા **હરિ**ને કરે છે જે,
પડે ભૂલો ભલે તોયે **હરિ** તેને પથે લે છે.

જીવનમાં કેટલા એવા અનુભવ તો થયેલા છે,
કદી લેનાર સંભાળ **હરિ** જેવો જગે ના છે.

જીવનમાં કેટલીક વેળા **હરિ**એ હાથ ઝાલીને,
અવળચંડા મને, **એણે** જીવનપથ દોરવેલો છે.

હરિઃૐ

# કદી મૃત્યુ ભલે આવે ન પથ છોડી જ દેનારો

સતત જહેમત ઉઠાવીને બધું કરી મારું જોયું છે,
છતાં પણ કંઈ ન ફાવ્યો છું, ન બેઠો હાથ જોડીને.

નમાલો ના થયેલો છું, ન કાયર હું થયેલો છું,
બધા મુજ દાવ ખેલીને રમ્યો બાજી, હું હાર્યો છું.

છતાં નિરાશ ના થઈને, પકડી પંથ રહેલો છું,
કદી મૃત્યુ ભલે આવે ન પથ છોડી જ દેનારો.

સતત બસ એકલું મંડ્યા રહેવાનું જ જાણ્યું છે,
મથ્યા એમ જતાં, અંત કદીક તો આવવાનો છે.

હરિઃૐ

## ઊંચો લઈને મને અંકે દીધો બેસાડી કેવો છે !

કદી ના ભૂલ ખાવાની પડી આદત ગયેલી છે !
રહેવાને હૃદય ચોક્કસ બધી રીતે જ ધાર્યું છે.

છતાં ભૂલચૂક મારાથી જીવનમાં તો થયેલી છે,
મને નાનમ હૃદય ત્યારે ઊંડી લાગી ગયેલી છે.

શરમથી સાવ મુજ માથું નીચું નમી ગયેલું છે,
ઊંચો લઈને મને અંકે દીધો બેસાડી કેવો છે !

જીવનમાં કેટલી વાર મદદ મુજને કરેલી છે !
કૃપાથી તેવી જીવનમાં ટકી મુજથી શકાયું છે.

હરિ:ૐ

## **हरि**પદ સ્થિર, મક્કમ તે ફરી પાછું થવાયું છે

જીવનમાં ટૂંટિયું વાળી કદીક પડી રહેલો જે,
વળી ઊભું થઈ શકવા કશી હિંમત રહી ના છે.

છતાં એવી દશામાંહે ન ખાલી હું રહ્યો બેસી,
કર્યાં કીધું થયું જે તે, મચેલો દિલ ઉદ્યમથી.

છતાં મારા જ કમભાગ્યે અવાતું ના હતું ઊંચે,
**हरि**ની સહાય તે માટે કરેલું માગવાનું છે.

કૃપાથી કેટલી જહેમત ઉઠાવાતાં જીવન વિશે,
**हरि**પદ સ્થિર, મક્કમ તે ફરી પાછું થવાયું છે.

હરિઃૐ

## મળ્યા કરવાથી હરિ ટેકો ઊભું તો રહી શકાયું છે

ખમી શકવાનું જીવનમાં કૃપાથી **તુજ** થયેલું છે,
નહિતર મુજમાં એવું કશું કૌવત નથી સહેજે.

ચલાયું પંથ મુજથી ના, **હરિ**નાથી ચલાયું છે,
મળ્યા કરવાથી **હરિ** ટેકો ઊભું તો રહી શકાયું છે.

**હરિ**ને દિલમાં સ્થાન કૃપાથી તો અપાયું છે,
બધે જેમાં અને તેમાં **હરિ**ને દિલ ધાર્યો છે.

**હરિ** વિના કશે ડગલું ન કંઈ મુજથી ભરાયું છે,
**હરિ** તો મુજ જીવનકેરો ગરીબનો બેલી માત્ર છે.

હરિ:ૐ

# हरिमां એક થઈ જઈને हरिमां પ્રાણ પ્રોયા છે

હતો અડબોથ સંપૂર્ણ ન ગણતરીમાં હતો કોઈની,
**हरि**માં ચિત્ત જોડ્યાથી હું પાકી ગયો મનાદિથી.

**हरि**ની કૃપાતણી કેવી બલિહારી જીવનમાં છે !
અનુભવી તે જીવન વિશે કરી પ્રત્યક્ષ, ગાયું છે.

**हरि**નો જે થતો, તેને થવું એકાગ્ર, કેંદ્રિત
-પડે કેવું પૂરેપૂરું, હું જાણું એકલો માત્ર.

**हरि**માં થઈ જવા ડૂલ **हरि**માં લક્ષ પ્રોઈને,
**हरि**માં એક થઈ જઈને **हरि**માં પ્રાણ પ્રોયા છે.

હરિઃૐ

## બધો ઉપકાર તે તેનો ભૂલું હું તો કઈ રીતે ?

**हरि**એ કેટલીક વાર મને તતડાવી માર્યો છે,
મને **हरि**એ જીવનમાં તો કંઈક ધક્કે ચડાવ્યો છે.

ઊંધે માથે **हरि**એ શો મને લટકાવી માર્યો છે !
મને કેવો **हरि**એ તો તડી પાર કરેલો છે !

જીવનમાં કેટલીક વાર મને ઠેબે ચઢાવ્યો છે,
કદીક કદીક મને **हरि**એ શી લે મેલ કરાવી છે !

છતાં સારું થવા મારું બધું **एणे** કરાવ્યું છે,
બધો ઉપકાર તે **તેનો** ભૂલું હું તો કઈ રીતે ?

હરિઃૐ

# ભૂમિકા યોગ્ય કેળવવા બધા તુજ યત્ન શા તે છે

**હરિ**એ કૃપા કરીને શી અવળચંડું બધું મારું,
બધું તે ઉન્નયન કરવા પુરુષાર્થ કરાવ્યો છે.

ઊંડામાં ઊંડું હૈયાથી તને દિલ યાચી-યાચીને,
ઊંડું પોકારી પોકારી તને દિલ પ્રાર્થના થઈ છે.

કદીક તું સાંભળે છે શો ! કદીક કાને તું કર દે છે,
રહેંસાઈ જતો છો હોઉં, છતાં પરવા ન ધરતો છે.

ભૂમિકા યોગ્ય કેળવવા બધા **તુજ** યત્ન શા તે છે !
હૃદયમાં જાણી લેવાતાં થવાતું રાજી તુજ પર છે.

હરિઃૐ

# જરૂર કોઈક દિવસ અંત ખરેખર આવવાનો છે

કરોડો મણ વજનનો તે ઊંચો ઢગલો પડેલો છે,
શું મારે ભાગ્ય તો એને ઊંચકવાનો જ આવ્યો છે !

ઊંચે જોતાં નયન મારાં ન ઊંચે એટલુંયે તે
-શકે જોઈ, હૃદય તેથી શું વિશ્વાસ મુકાયો છે !

'અરેરે ! કેમ કરીને **આ** શકાશે મુજથી ઊંચકી તે !'
વિચારી એવું દિલમાં હું ન હારી હામ બેઠો જે.

મૂઠી, મૂઠી ભરીને પણ ઊંચકવા હું મથલો છું,
જરૂર કોઈક દિવસ અંત ખરેખર આવવાનો છે.

હૃદય વિશ્વાસ તો એવો ખચીત બેસી ગયેલો છે,
શું તેથી હામ ભીડીને પ્રયત્ન મુજથી બનતા છે !

હરિઃૐ

## હરિની સહાયથી તો, છો અશક્ય, શક્ય બનતું તે

ઊંચકી, ઊંચકી ખભે ઘારાં પડી કેવાં ગયેલાં છે !
જરા કંઈક ઊંચકતાંમાં જતું છોલાઈ કેવું તે !

મને ત્યારે થતું દર્દ ન સહેવાતું જરા પણ છે,
છતાં છૂટકો ઊંચકવાને ન કેમે કર્યોય, જાણું તે.

થવાનું હોય છો થાતું ન પરવા દિલ ધરેલી છે,
સહેવાનું થતાં ભારે હૃદય પોકારું છું **હરિ**ને.

**હરિ** પણ પરગજુ ભારે, મને શો સાથ **તે** દે છે !
**હરિ**ની સહાયથી તો, છો અશક્ય, શક્ય બનતું તે.

હરિઃૐ

# ધરીને બેવડી હામ મચેલો ઉદ્યમે, ખંતે

અરેરે ! ગંદકી કેવી ! નીરખતાં ઊબકા આવે,
હવે તે સ્વચ્છ કરવાનું શું મારે ભાગ્ય આવ્યું છે.

અશક્ય લાગતું નીરખી ન હબકી હું ગયેલો છું,
**હરિ**ની સહાયથી શક્ય થવાનું છે ખરેખર તો.

છતાં મારાથી બનતું તે કર્યા કરવા હૃદય વિશે,
ધરીને બેવડી હામ મચેલો ઉદ્યમે, ખંતે.

શરીર પ્રસ્વેદના રેલા થકી ઊભરાઈ ગયેલું છે,
**હરિ**એ તેવું નીરખતાં, ચઢી મદદે જ, ધાયો છે.

હરિઃૐ

## પછી અટક્યા વિના ક્યાંયે પથે ચાલ્યા કરેલું છે

ભૂલો મેં તો કરેલી છે, ન બુદ્ધિ વાપરેલી છે,
બધું ગધ્ધાપચીશીમાં જીવન મેં રોળી નાખ્યું છે.

જીવનની મૂળ કિંમતની ન સમજણ દિલ જગાડી છે,
શું યદ્વાતદ્વા જીવનને જીવેલો છું ! ન સમજીને.

જીવનની વાસ્તવિકતાને સમજતાં વાર લાગી છે,
પરંતુ જ્યાં સમજ પડી છે, પછી દોડાયું મુજથી છે.

પછી અટક્યા વિના ક્યાંયે પથે ચાલ્યા કરેલું છે,
કૃપાથી પંથને અંતે હવે આવી પુગાયું છે.

હરિઃૐ

## પ્રતિષ્ઠા જે જીવનમાં મેં કૃપાથી મેળવેલી છે

કરજ ચૂકવ્યાં જતાંયે તે પૂરું દેવું થયું ના છે,
સતત બસ આપતો રહેવા હું ઉદ્યત શો થયેલો જે !

પૂરેપૂરું બધું ચૂક્તે થવાની નેમ રાખીને,
હું ખાલીખમ થયેલો છું, કશું રાખ્યું ન પાસે છે.

પ્રતિષ્ઠા જે જીવનમાં મેં કૃપાથી મેળવેલી છે,
મદદ એથી કરી કેવી મળ્યા મુજને કરેલી છે !

**હરિ**એ તો મને ભરપૂર નિરાંત શી વળાવી છે !
શું દેવાદાર મિટાવીને શી આબરૂ રાખી **એણે** છે !

હરિ:ૐ

## જીવનમાં હેત કરવાને हरि જેવું બીજું ના છે

કદી પણ સ્વપ્નમાં મેં ના **हरि**ને દૂભવેલો છે,
ચહ્યું કરવા **हरि**કેરું બધું હું તો મથેલો જે.

છતાં તોયે ભૂલેચૂકે કદીક અવળું ચલાયું છે,
તુરત સમજી લઈ પાછો સીધે પાટે ચઢેલો જે.

કદીક શી લાલ તો આંખ **हरि**ની મેં નિહાળીને,
થથરી કંપી ઊઠીને દિલ થયો શો ડાહ્યોડમરો જે !

**हरि** વહાલો, **हरि** વહાલો જીવનમાં પ્રાણપ્યારો છે,
જીવનમાં હેત કરવાને **हरि** જેવું બીજું ના છે.

હરિઃૐ

## શિરે તુજ હાથ રાખી તેં મને સબળો બનાવ્યો છે

લીધો સબળાનો ટેકો મેં હવે તેથી ન નબળો છું,
થતાં નબળાઈ વેળાએ ચડી આવે મદદ **તે** શું !

**हरि** તો એવો સબળો છે ચઢે એની પડખે તે
-કદી નબળો ન રહી શકતો, **हरि**ની ખૂબી એવી છે.

બધી નાલાયકી મારી **हरि**એ મિટાવી દીધી છે,
મને લાયક **हरि**પદનો **हरि**એ બનાવી મૂક્યો છે.

**हरि**એ મુજ સમા નાનાતણી સંભાળ લીધી છે,
શિરે તુજ હાથ રાખી **તેં** મને સબળો બનાવ્યો છે.

હરિ:ૐ

# કદીક તો કાન પકડીને મને રસ્તો બતાવ્યો છે

**हरि** ચાલાકી તુજ આગળ નમાલો સાવ હું તો છું,
કશો મારાપણાનો તો ન દાવો રાખવા ચહું હું.

કદીક પણ જો ભૂલેચૂકે હું મારું કંઈ કશું બોલું,
બધી તે બેવકૂફીની મને શિક્ષા પૂરી દે **તું**.

જીવનમાં કોઈક તો કેવાં સીધાં ડફણાંથી બનતાં છે !
મને દંડાએ પથ સીધો કૃપાથી **તેં** રખાવ્યો છે.

જીવનમાં સૌ પ્રસંગોએ મને સંભાળી લીધો છે,
કદીક તો કાન પકડીને મને રસ્તો બતાવ્યો છે.

હરિ:ૐ

## જૂની જીવનની કરવટ તેં બધી બદલાવી નાખી છે

જૂની જીવનની કરવટ **તેં** બધી બદલાવી નાખી છે,
જૂના સ્વાંગ ત્યજાવીને, નવા સ્વાંગ સજાવ્યા છે.

જૂનાં જે આગ્રહો, સમજણ, અનાસક્ત, નિરાગ્રહમાં
-બધાં શાં ફેરવી નાખી ! નવો દેશ બતાવ્યો છે.

જૂની આંખે નવાં ચશ્માં, 'કદીક અંધારું છાઈને
-કરેલું ધૂંધળું સત્ય', કૃપા ત્યાં કામ લાગી છે.

જૂનાં સંસ્કાર સમજણથી થયું ના ચાલવાનું છે,
છતાં તોયે ફસાતાંમાં, તુરત ચેતી જવાયું છે.

હરિ:ૐ

# ખંડ - ૬

# હરિપ્રેમની અનુભૂતિ



**હરિ** ના એકલો અટૂલો બધાં સાથે ભળેલો છે,
**હરિ**નાથી જુદું બીજું જગતમાં કાંઈ પણ ના છે.

હરિઃૐ

## ચરણ મારે શ્રીહરિનાં તો જીવન કૈવલ્ય મારું છે

જીવનમાં આળપંપાળ કશી મારે રહી ના છે,
બધી સંસારની માયા **હરિ**ચરણે ધરેલી છે.

ચરણ મારે **શ્રીહરિ**નાં તો જીવન કૈવલ્ય મારું છે,
ચરણના આશ્રયે જીવન બધું તે સહીસલામત છે.

જીવનની સાધના સઘળી કરી ચાલ્યા કૃપાથી છે,
ચરણમાં સ્થાન પામીને હૃદય નિશ્ચિંત થયો હું જે.

**હરિ**ની અમી નજરથી તો જીવન મારું ફરેલું છે,
**હરિ** લીધે ઊંચું માથું કરી હું તો શકેલો જે.

હરિઃૐ

# પૂરી નિરાંત વાળીને થઈ નિશ્ચિંત બેઠો છું

ધરીને હાથ મુજ શિરે કદી ઉભડક ન બેઠો હું,
પૂરી નિરાંત વાળીને થઈ નિશ્ચિત બેઠો છું.

બધું મુજ **श्रीहरि** કેવું જગે સંભાળી **તું** લે છે !
હવે ઊઠબેસ કરવાની કશી મારે રહી ના છે.

બધું કરવાનું જે કંઈ હો બધી ત્રેવડ **हरि** પોતે
-કરી તેની વળી લે છે, હું તો જોતો નથી પણ તે.

જીવનમાં તે છતાં મારે શિરે ભોગવવું આવે જે,
પડે ભોગવવુ તે મારે, છતાં તેમાં કૃપા **तुज** છે.

હરિઃૐ

## **હરિ**માં તે ગળી જઈને, **હરિ**નો સ્વાદ ચાખે છે

જીવનમાં તંગદિલીને **હરિ**ચરણે શમાવીને,
થયેલા ફૂલ સમ હળવા જીવનમાં ભક્તિને લીધે.

**હરિ**ની ભક્તિ જીવનમાં બધે પ્રસરી ગયેલી છે,
જીવનની ઑર બલિહારી અનુભવમાં પ્રકાશે છે.

જીવન ત્યારે ન પ્રાકૃત છે, જીવન ત્યારે અલૌકિક છે,
**હરિ**માં તે ગળી જઈને, **હરિ**નો સ્વાદ ચાખે છે.

ખરી જાહોજલાલી છે જીવનની ઑર ત્યારે તે,
**હરિ**ની ભક્તિનો રંગ પૂરો ત્યારે ચઢેલો છે.

હરિઃૐ

# હરિની સભાનતા વિના થયેલું કર્મ મિથ્યા છે

**હરિ**ની સભાનતા જીવન વિશે કેવી છવાઈ છે !
**હરિ**ની સભાનતા વિના થયેલું કર્મ મિથ્યા છે.

થતાં કર્મ વિશે જ્યારે **હરિ**ની સભાનતા જો છે,
ખરે ! તે કર્મમાં ભક્તિ અને જ્ઞાન પ્રકાશે છે.

હૃદયમાં સભાનતા જાગ્રત સૂરજના પ્રકાશ પેરે છે,
બધુંએ આપમેળે ત્યાં સ્ફુરંતું જ્ઞાન તો રહે છે.

હૃદયમાં સભાનતા લીધે જીવન કૃતકૃત્ય બનતું છે,
‘**હરિ**ની સભાનતા પળપળ જીવંતી’ સાચું જીવન તે.

હરિ:ૐ

## અમે કારણના જડમૂળને હરિપદ સોંપી દીધું છે

વિચારોના વિનિમયની જરૂર મુજને ન લાગી છે,
જરૂર જ્યારે પડે તેની શું આપોઆપ પ્રગટે છે !

વિના કારણ જીવનમાં તો કશું કાંઈ ન બનતું છે,
અમે કારણના જડમૂળને **હરિ**પદ સોંપી દીધું છે.

થયું શું ને થવાનું શું ! જીવનમાં પરંપરાને તે
-કશો વાગોળવાકેરો કદી ના શોખ અમને છે.

**હરિ**નાં પદકમળ દિલમાં નિરંતર પકડી રાખીને,
રમત તે સાથ રમવાનો હૃદયને શોખ લાગ્યો છે.

હરિઃૐ

## हरि ભજવાનો ઉમળકો, ફુવારા પેર ઊડતો છે

જીવનમાં તો બહુ રીતે ખરેખર સરળતા સહુ છે,
મને તો દુઃખ કોઈ વાતે કશી કોઈ રીતનું ના છે.

**हरि** ભજવાનો ઉમળકો, ફુવારા પેર ઊડતો છે,
જીવનમાં દિલગીરી તો કશી પણ મુજને ના છે.

સદા આનંદ ઉત્સાહે વ્યતીત જીવન થતું રહે છે,
ઊણપ ના કોઈ વાતે છે, ભર્યું ભર્યું દિલ લાગે છે.

**हरि**ની મહેરબાનીથી જીવન જીવવામહીં રસ છે,
જીવનની કૃતાર્થતા મુજને **हरि** ભજવાથી લાગી છે.

હરિઃૐ

## हरिनाथी જુદું બીજું જગતમાં કાંઈ પણ ના છે

હૃદય પ્રસન્નતા, શાંતિ હું કેળવવા મથેલો જે,
**हरि**ની ભક્તિ બઢતાંમાં ઉભય કેવાં મળેલાં છે !

શી ભક્તિ શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ ! અવર શાં ભક્તિ હેઠળ છે !
છતાં તે તે બધાં સાધન શું શ્રેષ્ઠ જ તેમની રીતે !

પરસ્પર સાથ કરવાની કશી સરખામણી ના તે,
**हरि**ને પામવાકેરા બહુ રસ્તા ખરેખર છે.

**हरि** ના એકલો અટૂલો બધાં સાથે ભળેલો છે,
**हरि**નાથી જુદું બીજું જગતમાં કાંઈ પણ ના છે.

હરિ:ૐ

## સકળ બ્રહ્માંડનો એક ધણી માત્ર હરિ શો છે !

ભૂલેચૂકે ઊંઘમાં તો **હરિ**ને ના ભુલાયો છે,
**હરિ** તો શ્વાસની સાથે વણાયેલો જીવનમાં છે.

જીવનમાં ક્યાંય **હરિ**થી ના જુદી કોઈ કાર્યવાહી છે,
**હરિ**માં આપમેળે તો બધુંએ ઓતપ્રોત જ છે.

જુદું અસ્તિત્વ કોઈનું **હરિ** વિના ન ક્યાંયે છે,
**હરિ** તો રોમરોમે શો શું અંતર્ગત પ્રકાશિત છે !

સકળ બ્રહ્માંડનો એક ધણી માત્ર **હરિ** શો છે !
**હરિ** એવાતણું હું તો શિશુ નાદાન સાવ જ જે !

હરિઃૐ

# हरि વિના જીવન લૂખું અમોને સાવ લાગે છે

**हरि**નાં ચરણ કમળમાં તો અમારું દિલ રેડ્યું છે,
શરણમાં જીવન સમર્પીને **हरि**માં ચિત્ત પ્રોયું છે.

**हरि** વિના હૃદયમાં તો અવરનું સ્થાન ના કંઈ છે,
જીવનમાં તો **हरि** કેવો હૃદય સર્વસ્વ અમને છે !

**हरि** વિના જીવન લૂખું અમોને સાવ લાગે છે,
**हरि** માત્ર જીવન અમને બધી રીતે ખરેખર છે.

મનાદિને **हरि**એ વશ કરી સંપૂર્ણ દીધાં છે,
અરે ! ના એટલું બસ છે, મનાદિ **हरि** વરેલાં છે.

હરિઃૐ

# સુકાન છે हरि હાથે, પછી નિશ્ચિંતતા દિલ છે

જીવન સોંપાઈ ગયા કેડે ઊંડા, ગહન જીવન વિશે
-કશા વિચાર કરવા તે, હવે મિથ્યા, નકામા છે.

હવે જ્યાં દોરનારો છે, **हरि** જેવો ધણી માથે,
યથાયોગ્ય સમય જે તે, કરવનારો બધું **તે** છે.

-હશે જે યોગ્ય તે તે સૌ **हरि** દોરવણી દેશે **તે**,
સમય, સંજોગ ને સ્થળને યથાયોગ્ય બધી રીતે.

છૂટા દોર હવે સઢના અમે મૂકી દીધેલા છે,
સુકાન છે **हरि** હાથે, પછી નિશ્ચિંતતા દિલ છે.

હરિઃૐ

## જીવનનું મારું સુકાન હરિ હાથે સલામત છે

જીવનમાં હારવું, જીતવું, હવે ના હાથ મારે છે,
જીવનની હાર ને જીત બધી **हरि** હાથમાં તો છે.

**हरि**ની સહાયથી હું તો જીવનમાં દોરવાયો છું,
શું સંચાલક જીવન મારાતણો **हरि** એકલો **ते** શો !

**हरि**એ બુદ્ધિ આપેલી જીવનના કોયડાઓને
-ઉકેલવા હું ખર્ચું છું, ઊંડું ઊંડું વિચારીને.

હવે વિચારવું મારું કશું ના તે ગનીમત છે,
જીવનનું મારું સુકાન **हरि** હાથે સલામત છે.

હરિઃૐ

## લીધેલું કર્મ સંપૂર્ણ થવા કાજે મથાવે તે

ધણીધોરી જીવનકેરો અમારો માત્ર શ્રી**हरि** છે,
સવાલો, વિઘ્ન, મુશ્કેલી, જીવનમાં સૌ ઉકેલે છે.

હવે તો કોઈ પંચાત અમારે ના રહેલી છે,
થતાં કોઈક ગૂંચવાડો, **हरि** વહારે ચઢે ત્યાં **ते**.

અડધુંપડધું જીવનમાં તો **हरि** ના મૂકવા દે છે,
લીધેલું કર્મ સંપૂર્ણ થવા કાજે મથાવે **ते**.

સકળ અમ ધારણાઓમાં **हरि**ની ધારણા હૃદયે
-ધરાવીને હું નિશ્ચિંતે સૂતો છું સોડ તાણીને.

હરિઃૐ

## જીવનની સર્વ બાજુની હરિ દેખભાળ રાખે છે

અમારે કોઈ વાતે ના હવે તો પૂછવાનું છે,
બધા સવાલનો કેવો **હરિ** ઉકેલ કરી દે છે !

ખરાં માબાપ જીવનમાં અમારાં તો **હરિ** શો છે !
જીવનની સર્વ સંભાળ શી રાખે છે અમારી **તે** !

જીવનની સર્વ બાજુની **હરિ** દેખભાળ રાખે છે,
અમારે જોવું પડતું ના કશી કોઈ વાતમાં સહેજે.

ધણી **હરિ** શો જીવનકેરો અનંત શક્તિવાળો છે !
અમારે જોઈતું ચપટી **હરિ** શો આપી દેતો છે !

હરિઃૐ

## અમારે જોઈએ, તેની બધી સંભાળ હરિ લે છે

જમાઉધાર પાસાંનો બધો હિસાબ **હરિ**ચરણે
-જીવનનો તો સમજપૂર્વક અમે સોંપી દીધેલો છે.

અમારે જોઈએ, તેની બધી સંભાળ **હરિ** લે છે,
કશી ના ખોટ પડવા દે, તકેદારી શી **હરિ**ની તે !

જીવનનાં બાદબાકી ને શું સરવાળા બધા જે તે
-**હરિ** તો આપમેળે તે કરંતો કેવો રહે છે જે !

કશું જોવાતણો દિલમાં ધરેલો મહાવરો ના છે,
શી માથાકૂટ સઘળી તે અમે સોંપી **હરિ**ને છે !

હરિઃૐ

## हरि ગમ એકધારાં શાં હૃદય, દૃષ્ટિ ધરાવ્યાં છે !

**हरि**એ જવાબદારી મુજ લઈ લીધેલી સઘળી છે,
કશું વિચારવાનું દિલ ન તેથી તો થયેલું છે.

બધું અંતરની સ્ફૂર્તિથી જીવનનું કર્મ નીપટે છે,
છબરડો વાળી દેવાતો છતાં કદી મુજથી શો તે !

ફરી વળેલું મન પર છે, કશુંક એવું જબરજસ્ત,
વર્ણવી ના શકાયે તે, ન વાચામાં જ આવે તે.

**हरि** ગમ એકધારાં શાં હૃદય, દૃષ્ટિ ધરાવ્યાં છે !
ઉકેલ બધી જ બાબતનો થઈ તેથી ગયેલો છે.

હરિ:ૐ

## हरि જે તે કરે મારું કશું બાકી ન રાખે છે

વિના દરમ્યાનગીરી કાંઈ કરી કામ શકું ના હું,
છતાં લાચારી એને હું ગણી શકતો કદી ના છું.

સ્વતંત્રતા બધી મારી શી અકબંધ રહેલી છે !
છતાં આજ્ઞા વિના **हरि**ની કશું મુજથી ન બનતું છે.

સુઝાડે દિલમાં મુજને જીવનકર્તવ્ય મારું તે,
બધું જાણે હું કરતો હોઉં, અનુભવ એમ મનથી છે.

**हरि** જે તે કરે મારું કશું બાકી ન રાખે છે,
જીવનવિકાસનું કર્મ થયા જતું દિલ લાગે છે.

હરિઃૐ

## કદીય ધંધા વિશે ખોટ જરા સરખી ન આવી છે

હવે મારા જીવનકેરી શી જુમ્મેદારી **हरि**ની છે !
પરંતુ જવાબદારીને **हरि** તો ના સ્વીકારે છે.

હું તો મારે પડ્યો રહીને **हरि**ચરણે નિરંતર શો !
**हरि** ભજનનો મુજ ધંધો ચલાવ્યા નિત્ય કરવાનો.

કદીય ધંધા વિશે ખોટ જરા સરખી ન આવી છે,
નિરંતરતા વિશે ખામી પડેલી છે છતાં પણ જે.

છતાંયે છેક સરવાળે શી સરસાઈ મળેલી છે !
**हरि**ની કૃપાકેરું પરિણામ સરસ શું છે !

હરિઃૐ

## हरिमां नित्य रमवुं छे, हरिमां नित्य जीववुं छे

હવે તો બહાર ક્યાંયે ના રમત રમવાનું મારે છે,
શું સૂક્ષ્મમાં સૂક્ષ્મની રીતે થવાતું જેમ થતું તે તે.

જુદો શો સૂક્ષ્મનો ખેલ જુદો છે સ્થૂળનો ખેલ,
છતાંયે પરસ્પરમાંનો ખરે ! અંતરમાં સુમેળ.

**हरि** બ્રહ્માંડમાં સઘળે જુદો જુદો જુદે સ્થળ તે,
**हरि** શો તેમ જુદો છે ખરે પ્રત્યેક સાથે તે !

**हरि**માં નિત્ય રમવું છે, **हरि**માં નિત્ય જીવવું છે,
**हरि**ની બાદશાહીમાં છડીદાર અમે છીએ.

હરિઃૐ

## નિજાનંદપણે સૂક્ષ્મ મજા શી મા’લવાની છે !

**તને** બોલાવવો મારે હવે પડતો કદી ના છે,
હવે ના દૂર ક્યાંયે **તું** નજીકમાં શો નજીક પણ છે !

થતાં એવું પહેલાં તો મથવું કેવું પડેલું છે !
હાવાં વદવું બધું એવું શું મિથ્યા સાવ છેક જ છે !

હવે તો ખેલવું, કૂદવું રમત જે સૂક્ષ્મ અંતર છે,
થવા વ્યક્તપણું એને હવે બહાર કદી ના છે.

નિજાનંદપણે સૂક્ષ્મ મજા શી મા’લવાની છે !
શું સ્થૂળનાં પ્રેમ આનંદ બધાં ન્યારા પ્રકારે છે !

હરિઃૐ

## છતાં તોયે હૃદયમાં તો ધરાવો કંઈ થતો ના છે

અમારી સાથ ખેલે છે, અમારી સાથ રમતો છે,
પરંતુ તારી સાથે તો અમારે રમવું શી રીતે !

હૃદયમાં વહાલ ઊભરાતું નદીનાં પૂરની પેરે,
લગાડી ચરણ છાતી પર ચૂમી ચૂમી વહાલ રેડ્યું છે.

ચરણ અમૃત પીતાં રહેતાં પૂરેપૂરું ધરાઈને,
છતાં તોયે હૃદયમાં તો ધરાવો કંઈ થતો ના છે.

**हरि**ના સાથ નાતાની કશી ના વાત કરવાની,
હવે તો દિલ તલસતું છે, શું ભોગવવાની વૃત્તિથી !

હરિઃૐ

## हरिની સાથ ભીતરમાં રમત રમવાની ચાલુ છે

હવે **हरि** ના મુકાતો છે, **हरि** કેમે ન છૂટતો છે,
ગળે વળગેલ ના માત્ર, હૃદયમાં શો બિરાજે છે !

હવે પધરામણી કરવાની ન માથાકૂટ કશી કૈં છે,
હવે તો શો **हरि** નિજનું બિછાનું પાથરી લે છે !

**हरि**ને ભેટવાનું તો થયેલું સાવ અદૃશ્ય,
**हरि** જુદો ન નિજનાથી ઠરેલો છેક શો અંતર !

**हरि**ની સાથ ભીતરમાં રમત રમવાની ચાલુ છે,
**हरि** સાથેનો આનંદ અદ્વિતીય, અલૌકિક છે.

હરિઃૐ

## हरिनो છંદ લાગ્યો છે, हरिनो રંગ લાગ્યો છે

**हरि, हरि** દિલમાં નાદ ઊંડો ઊંડો શું રણકે છે !
બધે કેવાં ઊંડાં મોજાં ઊંડે અંતર પ્રસરતાં છે !

**हरि**ને સાદ પાડીને હવે બોલાવવાની તે
-જરૂર દિલ કૈં રહી ના છે, સ્વયંભૂ આપ પ્રગટે છે.

બધે આધાર મારામાં, મનાદિનાં કરણ વિશે,
**हरि** રણકાર દે તો છે, ઇંદ્રિયોના રમણ વિશે.

**हरि**નો છંદ લાગ્યો છે, **हरि**નો રંગ લાગ્યો છે,
**हरि** વિના હવે દિલમાં શું એકલવાયું લાગે છે !

હરિઃૐ

## हरि तारा વિના બીજો જીવન ઉદ્ધારનારો ના

નિબિડશા ગાઢ અંધારે જીવન વીતવી રહેલો જે,
કૃપા કરી રાંક એવાને શરણ તુજ ખેંચી લીધો છે.

કંઈ મુજ સારું નરસું તો કશું પણ **તેં** ન જોયું છે,
કશી પણ ગણતરી કંઈ ના કરેલી મુજ વિશે **તેં** છે.

કશો દાવો ન તુજ પર મુજ, કશો ના પ્રેમનો પણ છે,
રહમ તારી જીવનમાં જે મળેલી, માત્ર દાવો તે.

**हरि तारा** વિના બીજો જીવન ઉદ્ધારનારો ના,
**हरि तें** ચરણ ગ્રહાવ્યાં છે, હવે જીવવા કરુણામાં.

હરિઃૐ

# હવે તો આશ્રયે હરિના અમારે જીવવાનું છે

બધા મુજ હક્ક તુજ ચરણે સમર્પી મેં દીધેલા છે,
હવે પછી કોઈ પણ દાવો ન મારે કરવો બાકી છે.

હવે તો **તુજ** સંકલ્પે જીવનમાં વર્તવાનું છે,
કહેવાનું કશું ના છે, ઈશારો માત્ર **તુજ** બસ છે.

**હરિ**ના આશરાનો શો જીવન લહાવો અનુપમ છે !
હવે તો આશ્રયે **હરિ**ના અમારે જીવવાનું છે.

શું કલ્પવૃક્ષ **હરિ** પોતે ! ઊભા એની નીચે રહીને
-કરી સંકલ્પ લેવાનો, કૃપાથી તો ફળવશે **તે**.

હરિઃૐ

## જીવનમાં સફળતા ભવ્ય કૃપાથી કેવી મોરી છે !

જીવનની ભવ્યતાયુક્ત ખરી જાહોજલાલીમાં,
**હરિ**ને નિજનો સાથી નિકટનો મેં ગણ્યો દિલમાં,

હૃદય ઉત્સાહ આવેગ સફળ કરવા જીવનને મેં
-પૂરો ઉપયોગ કરી કરીને, **હરિ**ને યાદ કીધો છે.

**હરિ**ની યાદથી કેવો હૃદયમાં ભાવ ફૂટ્યો છે !
પ્રવાહે ભાવના તેવા જીવન વહેતું થયેલું છે.

જીવનમાં સફળતા ભવ્ય કૃપાથી કેવી મોરી છે !
જીવનની કૃતાર્થતા કેવી સફળ બનતી રહેલી છે !

હરિઃૐ

# हरि શો એકલો માત્ર અમોને જિવાડનારો છે

**हरि**ની સાથ દિલ દિલનો થયો નાતો અમારે છે,
હૃદય સંબંધ એવાથી થયું સગપણ **हरि** સાથે.

જીવનમાં એકલો માત્ર **हरि** આધાર અમને છે,
**हरि** લીધે જીવનમાં તો અમારું ગાડું ગબડે છે.

અમારી તો **हरि** સાથે જીવનની નેકદિલી છે,
**हरि** શો એકલો માત્ર અમોને જિવાડનારો છે !

**हरि** સાથે શી દિલ દિલથી રમત રમવાની લિજ્જત છે !
હૃદય સંબંધની એવી પિછાણ કોઈને ના છે.

હરિઃૐ

## સ્તવન ચિંતવન હરિકેરું જીવનનું કેંદ્ર બિંદુ છે

**હરિ**ની યાદગીરીમાં જીવન આખું ડૂબેલું છે,
**હરિ**ની યાદગીરીથી જીવન મસ્ત ખીલેલું છે.

**હરિ**ની યાદગીરીથી જીવન ખુશબો બઢેલી છે,
સ્તવન ચિંતવન **હરિ**કેરું જીવનનું કેંદ્ર બિંદુ છે.

**હરિ**ની સભાનતાથી તો જીવન અસ્તિત્વ ટકતું છે,
**હરિ**ની સભાનતા વચ્ચે જીવન જીવવાનું બળ મુજ છે.

જીવનનો મોભ **હરિ** મુજ છે, જીવન આધાર **હરિ** મુજ છે,
**હરિ**નો શો બધાં વિશે મને જીવનમાં ટેકો છે !

હરિ:ૐ

# મને લાવી દીધો एणे કૂટી મારી જ ઠેકાણે

કશી કોઈ જાતની મારે કશી આફત રહી ના છે,
હાવાં તો જે થતું તે તે જીવનમાં **हरि**થી બનતું છે.

**हरि** જેવો બીજો કોઈ ન કીમિયાગર જીવનનો છે,
જીવનના ઘાટ નૂતન શા જુદા જુદા ઉતારે છે !

**हरि** સમ કોઈ જીવનમાં ન કારીગર બીજો ક્યાંયે,
સમર્થ શા **हरि**ને મેં જીવન મુજ સોંપી દીધું છે !

મને લાવી દીધો **एणे** કૂટી મારી જ ઠેકાણે,
**हरि** સામે શું બળવો મેં કદીક પોકારી દીધો છે !

હરિઃૐ

## हरि तुज હાથમાં હું તો પૂરો નિશ્ચિંત સહુ વાતે

જીવનમાં તો **हरि**ના મેં ઘણા અપરાધ કીધા છે,
હવે તેની બધી શિક્ષા સહન કરવા હું ઊભો જે.

કદી ના બૂમ પાડીશ હું, ન ફરિયાદ કરીશ પણ હું,
અગર મનમાં જરા પણ કંઈ ન ખોટું તો લગાડીશ હું.

ગમે તેવો તને દિલમાં **हरि** મુજ ઘાટ ઘડજે **તું**,
રહમદિલી ન રાખીશ કંઈ મને કંડારવાને **તું**.

શરણજનની બધી બાજી હવે તો હાથ **तारे** છે,
**हरि तुज** હાથમાં હું તો પૂરો નિશ્ચિંત સહુ વાતે.

હરિઃૐ

## हरिની યાદગીરી એ જીવન આખું અમારું છે

**हरि**માં દિલ પરોવાનું અમોને ખૂબ ગમતું છે,
**हरि तुज** પદ કમળમાંથી જરા ખસવાનું દિલ ના છે.

સદા **तुज** દિલનો સાથ અમારે જીવવાકેરું
-સતત નભવાનું કારણ છે, **हरि** એવો અમારો શો !

**हरि**ને દિલ ભજવાનું જીવનકર્તવ્ય માન્યું છે,
કદી તે કર્મમાંથી તો ખસેલા ના છીએ કેમે.

**हरि**ની યાદગીરી એ જીવન આખું અમારું છે,
જીવનનું વહાલસોયું દિલ **हरि** સંભારણું શું છે !

હરિઃૐ

## हरि જીવનમાં અમને છે, હૃદયબળ જીવવા કાજે

જીવનમાં કોઈ રીત અમને **हरि**ની મના કશી ના છે,
થયેલા છો **हरि**ના હો છતાં સ્વતંત્રતા શી છે !

છતાં દિલમાં **हरि** ભજવાતણું શૌર્ય ચઢેલું છે,
જીવનમાં ધૂન તેની તે હૃદય જીવતી રહેલી છે.

**हरि** વિના હવે અમને બીજું ના કામ ખપનું છે,
**हरि** માત્ર જીવન અમ છે, **हरि** લીધે અમે છીએ.

**हरि** જીવનમાં અમને છે, હૃદયબળ જીવવા કાજે,
**हरि**નામાં સમાઈને **हरि**રસમાં ભળેલા જે.

હરિઃૐ

## છતાં પોતે સહી લે છે અસહ્ય વેદનાને તે

જીવનનાં સૂક્ષ્મતમ ક્ષેત્રો બધાં જે યુદ્ધક્ષેત્રો છે,
થતી તેની અસર સઘળી શરીર પર શી નિરાળી તે !

પચવવાને અસર તેવી શરીર લાયક થયું ના છે,
બધી તેની વીતક, જુદી જુદી રીતે થતી રહે છે.

છતાં પોતે સહી લે છે અસહ્ય વેદનાને તે,
છતાં તોયે કશી તેની નિશાની મુખ પરે શી છે !

તટસ્થ, નિસ્પૃહી રહીને કૃપાથી સહી સહુ લે છે,
પરંતુ કોઈના જાણ્યા વિશે તે તો ન આવે છે.

હરિઃૐ

## કૃપા હરિની જીવનના તે તબક્કામાં શી ખપની છે !

શી સૂક્ષ્માતીત પ્રદેશોમાં અતિશય ભુલભુલવણી છે !
ત્યહીં તો ભલભલાનેયે ભૂમિ ભારે પડી જતી છે.

જરૂર ત્યાં સાવચેતીની, જરૂર છે સાવધાનીની,
જીવતું ત્યારે ટકી રહેવું બહુ મુશ્કેલ ભારે છે.

પરંતુ જીવતો ત્યારે હૃદય વિવેક પાક્યો છે,
ખરે ટાણે બધો તેનો ત્યહીં ઉપયોગ થાતો છે.

કૃપા **હરિ**ની જીવનના તે તબક્કામાં શી ખપની છે !
સહારો લઈ લઈને શો કૃપાથી તો બચેલો જે !

॥ હરિઃૐ ॥

# સ્મરણભાવના

(હરિગીત)

પ્રિય નામને ઉરમાં સ્મર્યાં કરશું અમે બહુ પ્રેમથી,
પ્રિય નામને ઉરમાં સ્મર્યાં કરશું અમે બહુ રીતથી,
પ્રિય નામને ઉરમાં સ્મર્યાં કરશું અમે બહુ ખંતથી,
તુજ નામનો પ્રભુ તંત જરી ના છોડશું હરગિજ કદી.... ૧

જીવનતણા અતિશય કઠણ દારુણ ઝંઝાવાતમાં,
કે સહુ દિશે સૂઝે નહિ એવા જીવનઅંધારમાં,
જીવનતણી ચઢતી અને પડતીમહીં પળપળ સદા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૨

સંસારનાં કર્તવ્યમાં, વ્યવહારીઓની સાથમાં,
સહુ કામમાં, ખાતાં, પીતાં, ઊઠતાં અને વળી બોલતાં,
જે જે કંઈ કરતાં, બધાંની સાથ વર્તતાં સદા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૩

મુશ્કેલીમાં નડતી અમોને ને ઉપાધિમાં જગે,
ઝઘડા અને કંકાસમાં, દિલમાં થતાં સહુ દર્દમાં,
દિલની અમૂંઝણમાં અને આવી પડેલી ગૂંચમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૪

મનના વિચારોમાં અને મનની બધીયે વૃત્તિમાં,
મન વાસનામાં, પાપમાં, ચિતના બધા સંસ્કારમાં,
મનની રમત ને ગમતમાં, મનના રમણ ને વલણમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૫

અમ શરીરથી બનતી ક્રિયામાં, ઇંદ્રિયોના વિષયમાં,
અમ શરીરકેરા રોમરોમે, હૃદયકેરા લોહીમાં,
રગ રગમહીં, નખશિખમહીં,ને શરીરના નવ દ્વારમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૬

ખટરસતણા સહુ સ્વાદમાં, મીઠી મીઠી બધી વાસમાં,
ઉર ચેતનામાં, બુદ્ધિમાં, ચિત પ્રેરણામહીં, પ્રાણમાં,
અમ લાગણીમાં, ભાવનામાં, પ્રેમમાં, રસમાં બધા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૭

આધાર સૌ નિજનો સદા માની ઉપર જે ધારતું,
માને અતિશય વ્હાલથી જ્યમ બાલુડું પોકારતું,
વિખૂટું પડેલું માડીથી હરપળ કરે શું આરડ્યાં !
તેવી રીતે તુજ નામ પ્રભુ ! તારું સ્મરાજો તાનમાં.... ૮

જીવનતણા સહુ ભંગમાં, જીવનતણા સૌ રંગમાં,
જીવનતણા એ અટપટા આડા ઊભા સૌ તારમાં,
મારી ગમે તેવી ભલે હો સર્વ જીવનભાતમાં,
રસીલું વણાયા ત્યાં કરો પ્રિય નામ તારું ભાવમાં.... ૯

સંબંધીઓ ને સ્વજનની સહુ વાતમાં ને ચીતમાં,
સંસારના વ્યવહારમાં ને જે થતાં સહુ કાર્યમાં,
પત્ની અને પરિવારમાં છોને પરોવાયેલ હો,
તે તે દશામાંહે પ્રભો ! તુજ નામ પ્રિય હૈયે વસો....૧૦

પ્રિય નામ - સૂર્ય ઊગ્યા થકી ફીટે જીવનઅંધાર સૌ,
એવું કૃપાથી જીવનમાં અમને ફૂલવજો, ફળવજો,
ચાનક અમોને લાગજો તુજ દિવ્ય જે પ્રિય નામની,
પ્રગટી રહો અમ જીવન તે છાયા રૂપે તુજ પ્રેમની....૧૧

સારાય જીવનપટતણા તાણા અને વાણા વિશે,
ભીંજાયેલા હો રગરગે તુજ પ્રેમથી રંગાયેલા,
તુજ નામના પ્રિય સ્મરણના ઠોકે સદા ઠોકાયેલા,
એવું પ્રભુપદ હો સમર્પિત આ જીવન, હો તુજ કૃપા...૧૨

તુજ નામનો મહિમા ઋષિઓ કૈંક ભક્ત કવિ કથે,
હું તો બિચારું રાંકડું તે શું કથી કથીને કથે ?
જ્યમ સૂર્ય આગળ આગિયો, દરિયા કને ખાબોચિયું.
હીરા કને જ્યમ કાચ એવો સાવ હું નાદાન છું....૧૩

'શ્રીગંગાચરણે', પૃ. ૨૯ થી ૩૨ - **શ્રીમોટા**

## સાધનામર્મ

૧. મુખથી કે મનમાં જાગૃતપણે જપ, સાથે સાથે હૃદયપ્રદેશે ધ્યાન તથા ચેતનના ચિંતન સહ ભાવાત્મક ભાવનું રટણ.

૨. પ્રત્યેક પળે સતત સમર્પણ, સારું તેમ જ નરસું-બંનેનું.

૩. સાક્ષીભાવ, જાગૃતિ, વિચારોની સાંકળ ન જોડો.

૪. બને તેટલું વધુ વાચિક અને માનસિક મૌન રાખો, કેળવો અને ખૂબખૂબ શરણભાવ જીવનમાં ચેતનાપૂર્વકની જાગૃતિથી કેળવ્યા કરો.

૫. આગ્રહો—પ્રભુચિંતન સિવાયના સર્વ આગ્રહો છોડો, નમ્રતા કેળવો, શૂન્ય થવાનું ધ્યેય રાખો.

૬. ખૂબ ભાવપૂર્વક હૃદયસ્થ રહીને આર્દ્ર અને આર્તભાવથી પ્રાર્થના કરો, ભગવાનને સર્વ સુખદુઃખ જણાવતા રહો, તેની સાથે આત્મનિવેદન દ્વારા અંગત ખૂબ ગાઢો સંબંધ બાંધો, મનમાં કશુંયે ઘોળાવા ન દો. ખાલી રહો.

૭. આવી પડતાં કામો પ્રભુનાં સમજો, જરાયે કચવાટ વિના ખૂબ પ્રેમપૂર્વક તે કરો. પ્રત્યેક પ્રસંગ-બનાવ આપણા કલ્યાણ અર્થે જ છે અને પ્રત્યેક પ્રવૃત્તિ આપણા પોતાના જ વિકાસાર્થે થવી ઘટે. પ્રત્યેક પ્રસંગ પાછળ પ્રભુનો ગૂઢ, શુભ સંકેત રહેલો છે.

૮. આત્મલક્ષી-અંતર્મુખી થાઓ, માત્ર પોતાની દુનિયામાં વસો. જાણી-જોઈને જાતને સંડોવવા દો નહિ.

૯. પર (પારકાંની) સેવા પ્રભુની સેવા સમજો, સેવા લેનાર, સેવા દેનાર ઉપર, સેવા કરવાની તક આપીને ઉપકાર કરે છે. રામે આપ્યું છે અને રામને દઈએ છીએ, ત્યાં 'મારું મારું ' ક્યાં રહ્યું ? તારું આ જગતમાં છે શું ?

૧૦. પ્રત્યેક કાર્ય, પ્રત્યેક વાતચીત, વ્યવહાર આપણા ધ્યેયને વેગ આપે એવા ખાસ હેતુસર, હેતુનું લક્ષ જીવતું રાખીને કરવાં. વાંચતી-લખતી વખતે અને પ્રત્યેક કર્મ કરતી પળે ભાવની સ્મરણ ધારણાનો અભ્યાસ કેળવ્યા કરો.

૧૧. વૃત્તિનું મૂળ શોધો, તેનું પૃથક્કરણ કરો. તેમાં ભેળવાયા વિના તેને તટસ્થતાપૂર્વક અને સ્વસ્થતાપૂર્વક નિહાળો.

૧૨. પ્રભુની પ્રત્યેક કળા, સૌંદર્ય, રમ્યતા, વિશુદ્ધતા આદિ પ્રસાદીઓમાં

રહેલા ભાવનું, તેને તેને અનુરૂપ ભાવનું, આપણામાં ત્યારે અવતરણ થવા પ્રાર્થના કરવી.

૧૩. ઊર્મિ, આવેશ અને લાગણીને એમ ને એમ વહી જવા ન દો, તેમ જ તેમાં ભેળવાઈ પણ ન જાઓ. તેનો સાધનામાં ઉપયોગ કરો, તાટસ્થ્ય કેળવો.

૧૪. જમતી વખતે અને પાણી પીતી વખતે જીવનમાં ચેતનશક્તિના અવતરણ-ભાવની પ્રાર્થના કરવી, શૌચ, પેશાબ આદિ ક્રિયાઓ સમયે વિકારો, નબળાઈઓ ઈત્યાદિના વિસર્જનભાવની પ્રાર્થના કરવી.

૧૫. સ્થૂળનો ખ્યાલ ત્યજીને સૂક્ષ્મતત્ત્વને નજર સામે રાખો. વૃત્તિની શુદ્ધિ કરો, ભાવની વૃદ્ધિ કરો.

૧૬. પ્રભુ સચરાચર છે. आत्मवत् सर्वभूतेषुની ભાવના કેળવો.

૧૭. પ્રત્યેક વ્યક્તિ અને વસ્તુની ઊજળી બાજુ જુઓ. કોઈનાય કાજી ન થાઓ, કશાય ઉપર ઝટ અભિપ્રાય ન આપો, વાદવિવાદ ના કરો, પોતાનો આગ્રહ ન રાખો, બીજાઓમાં શુભ હેતુઓનું આરોપણ કરો, માનસિક અને સાર્વત્રિક ઉદારતા જીવનમાં પ્રગટાવો, ખૂબ પ્રેમભાવ કેળવો, પ્રકૃતિનું રૂપાંતર કરવાનું છે, તે લક્ષમાં રાખીને પ્રકૃતિવશ ન થતાં કર્મોની ઉપરવટ વર્તો. ફળની આસક્તિ છોડો. પોતાને થતા અન્યાયો-આવી પડતાં દુઃખો-આદિનું મૂળ પોતામાં જ છે એમ દઢાવો, ગુરુમાં પ્રેમભક્તિભાવ દઢતર કર્યા કરો. અભીપ્સા, ઈન્કાર અને સમર્પણનો ત્રિવેણીસંગમ ઉદ્ભવાવો, સદાય પ્રસન્નતા પ્રવર્તાવો, કૃપા અને પુરુષાર્થના યુગલને જીવનમાં ઉતારો, પ્રત્યેક કર્મના આદિ, મધ્ય અને અંતમાં પ્રભુની સ્મૃતિ પ્રગટાવો, મન નિઃસ્પંદ કરો, રાગદ્વેષ નિર્મૂળ કરવાની જાગૃતિ રાખો, થયેલા આધ્યાત્મિક અનુભવો પ્રત્યક્ષ રોજિંદા વહેવારમાં જીવતા કરો, ક્યાંયે કશામાંથી ભાગવાનું ના હોય, યદચ્છા જે આવી મળે તે પ્રભુપ્રસાદી ગણીને તેને વધાવી લો. ક્યાંય કોઈની સરખામણી ના કરો, અનુકૂળ પ્રતિકૂળ પરિસ્થિતિ એ મનની ભ્રમણા છે, જીવનસાધના સારુ સર્વ કંઈ સાનુકૂળ જ હોય છે, પ્રભુમય-તેના મૂક યંત્ર-થવાની જ બસ એક ઉત્તેજના હવે જીવનમાં રાખો.

૧૮. કર્મમાં, કર્મનું મહત્ત્વ નથી, પરંતુ જીવનના ભાવનું સતત એકધારું, જીવતું ચિંતન રહ્યા કરે એ સવિશેષપણે મહત્ત્વનું છે. તેવો જીવતો અભ્યાસ કર્મ કરતી પળે કેળવવો. - **શ્રીમોટા**

॥ હરિઃૐ ॥

# પૂજ્ય શ્રીમોટાના જીવનની મહત્ત્વની તવારીખ

**જન્મ : તા. ૪-૯-૧૮૯૮, ભાદરવા વદ ચોથ, સંવત ૧૯૫૪**
સ્થળ : સાવલી, જિ. વડોદરા, નામ : ચૂનીલાલ,
માતા : સૂરજબા, પિતાઃ આશારામ, અટક : ભાવસાર.

**૧૯૧૬ :** પિતાનું અવસાન.

**૧૯૦૫ થી ૧૯૧૮ :** તૂટક અભ્યાસ-સાથે આકરી મજૂરી.

**૧૯૧૯ :** મૅટ્રિક પાસ.

**૧૯૨૦ :** વડોદરા કૉલેજમાં.

**તા. ૬-૪-૧૯૨૦:** કૉલેજ ત્યાગ.

**૧૯૨૦ :** ગૂજરાત વિદ્યાપીઠ પ્રવેશ.

**૧૯૨૧ :** વિદ્યાપીઠનો ત્યાગ. હરિજન સેવાનો આરંભ.

**૧૯૨૨ :** ફેફરુંના રોગથી કંટાળીને ગરુડેશ્વરની ભેખડ ઉપરથી આત્મહત્યાનો પ્રયાસ, દૈવી બચાવ, 'હરિઃૐ' જપથી રોગ મટાડવાનો સફળ પ્રયોગ.

**૧૯૨૨ :** 'મનને'ની રચના.

**૧૯૨૩ :** 'તુજ ચરણે'ની રચના તથા પ્રકાશન.

**૧૯૨૩ :** વસંતપંચમીએ પૂ. શ્રીબાળયોગીજી દ્વારા દીક્ષા. શ્રીકેશવાનંદ ધૂણીવાળા દાદાનાં દર્શને - સાંઈખેડા ગયા. રાત્રે સ્મશાનમાં સાધના અને દિવસભર પ્રભુપ્રીત્યર્થે હરિજન સેવા.

**૧૯૨૪ :** 'તુજ ચરણે' ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૨૬ :** લગ્ન-હસ્તમેળાપ વખતે સમાધિનો અનુભવ.

**૧૯૨૭:** સાકુરીના પૂ. શ્રીઉપાસની બાબાનું નડિયાદમાં આગમન, એમના આદેશ મુજબ સાકુરી જવું-ત્યાં મળમૂત્રની પથારીમાં સાત દિવસ.

**૧૯૨૮ :** હરિજન આશ્રમ, બોદાલમાં સર્પદંશ-પરિણામે 'હરિઃૐ' જપ અખંડ થયો.

**૧૯૨૮ :** પહેલી હિમાલય યાત્રા.

**૧૯૩૦ :** મનની નીરવતાનો સાક્ષાત્કાર.

**૧૯૩૦ થી '૩૨** દરમિયાન સાબરમતી, વીસાપુર, નાસિક અને યરવડા જેલમાં. હેતુ-દેશસેવાનો નહિ, સાધનાનો. સખત પરિશ્રમ અને લાઠીમાર દરમિયાન પ્રભુસ્મરણ-મૌન. વિદ્યાર્થીઓને સમજાવવા વીસાપુર જેલમાં સરળ ભાષામાં શ્રીમદ્ ભગવદ્ગીતાનું વિવરણ લખ્યું-'જીવનગીતા'

**૧૯૩૪ :** સગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર.

**૧૯૩૪થી ૧૯૩૯** દરમિયાન હિમાલયમાં અઘોરી બાવા પાસે જવાનું બન્યું, ધુંવાધારના ધોધની પાછળની ગુફામાં સાધના. ચૈત્ર માસમાં છાણાંની ૬૩ ધૂણી ધખાવી નર્મદાકિનારે ખુલ્લામાં શિલા ઉપર નગ્ન બેસીને ૨૮ દિવસની સાધના, શીરડીના સાંઈબાબાનું પ્રત્યક્ષ દર્શન-આદેશ-સાધનાના અંતિમ તબક્કાનું માર્ગદર્શન.

**૧૯૩૯ :** તા. ૨૯-૩-૧૯૩૯ : રામનવમી, સંવત : ૧૯૯૫ કાશીમાં નિર્ગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર. હરિજન સેવક સંઘમાંથી રાજીનામું. 'મનને'ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૪૦ :** (તા. ૯-૯-૧૯૪૦) વિમાનમાર્ગે અમદાવાદથી કરાંચી જવાનો ગૂઢ હુકમ.

**૧૯૪૧ :** માતાનું અવસાન.

**૧૯૪૨ :** હરિજન સેવક સંઘમાંથી છૂટા થયેલા, છતાં હરિજન કન્યાછાત્રાલય માટે મુંબઈમાં ફાળો ઉઘરાવ્યો. બે વખત સખત પોલીસમાર-દેહાતીત અવસ્થાના પુરાવા.

**૧૯૪૩ :** ૨૪, ફેબ્રુઆરીમાં ગાંધીજીના પેશાબના ઝેરી જંતુઓનું પોતાના પેશાબમાં દર્શન. નૈમિત્તિક તાદાત્મ્યનો અનુભવ.

**૧૯૪૫ :** હિમાલયની યાત્રા-અદ્‌ભુત અનુભવો.

**૧૯૪૬ :** હરિજન આશ્રમ, અમદાવાદ મીરાંકુટિરમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૦:** દક્ષિણભારતના કુંભકોણમ્‌માં કાવેરી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૪** થી સુરતના કુરુક્ષેત્રમાં એક ઓરડીમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૫ :** (તા. ૨૮-૫-૧૯૫૫) નડિયાદ, શેઢી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૬ :** (તા. ૨૩-૪-૧૯૫૬) સુરત, કુરુક્ષેત્રમાં હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૬૨થી ૧૯૭૫ :** શરીરના અનેક રોગો-સતત પ્રવાસ સાથે ૩૬ અધ્યાત્મ-અનુભવ ગ્રંથોનું લેખન-પ્રકાશન.

**૧૯૭૬ :** ફાજલપુર-મહીનદીના કિનારે શ્રી રમણભાઈ અમીનના ફાર્મ હાઉસમાં તા. ૨૩-૭-૧૯૭૬ના રોજ માત્ર છ જણની હાજરીમાં આનંદપૂર્વક દેહત્યાગ. પોતાનું 'ઈંટ-ચૂનાનું સ્મારક ન કરવાનો આદેશ' અને આ નિમિત્તે મળેલી રકમનો ઉપયોગ દૂર ગુજરાતનાં પછાત ગામોમાં પ્રાથમિક શાળાના ઓરડાઓ બંધાવવાના લોકફાળામાં કરવાની સૂચના.

॥ હરિઃૐ ॥

॥ હરિઃૐ ॥

## આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો. ...ૐ શરણ.

મનવાણીના ભાવો, કર્મ વિષે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો. ...ૐ શરણ.

સર્વ મળેલાં સાથે, દિલ સદ્ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો. ...ૐ શરણ.

નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા. ...ૐ શરણ.

મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિતણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો. ...ૐ શરણ.

જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી રે'જો (૨) સ્પષ્ટ જ પરખાવા. ...ૐ શરણ.

દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો. ...ૐ શરણ.

જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો. ...ૐ શરણ.

મન,મતિ,પ્રાણ પ્રભુ ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો. ...ૐ શરણ.

**-શ્રીમોટા**

# આશ્રમમાં ઉપલબ્ધ પુસ્તકોની યાદી

| નંબર | પુસ્તકોના વિભાગ | ટોટલ પુસ્તકો |
|---|---|---|
| ૧. | ગદ્ય પુસ્તકો | ૧૪ |
| ૨. | પદ્ય પુસ્તકો | ૫૧ |
| ૩. | શ્રીમોટા ટેપવાણી | ૧૨ |
| ૪. | પ્રવચન વાણી | ૭ |
| ૫. | સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો | ૯ |
| ૬. | સ્વજનોની અનુભવકથા તથા સ્મૃતિગ્રંથ | ૮ |
| ૭. | સંકલિત પુસ્તકો | ૨૨ |
| ૮. | જીવનકવન | ૧૧ |
| ૯. | અન્ય પુસ્તકો | ૧૪ |
| ૧૦. | હિંદી પુસ્તકો | ૧૫ |
| ૧૧. | અંગ્રેજી પુસ્તકો | ૨૨ |
| ૧૨. | કેલેન્ડર (દીવાલ અને ટેબલ) | ૧ |

## પૂજ્ય શ્રીમોટા વિરચિત ગદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસંગ્રામ | ૧૯૪૬ |
| ૨. | જીવનસંદેશ | ૧૯૪૮ |
| ૩. | જીવનપાથેય | ૧૯૪૯ |
| ૪. | જીવનપ્રેરણા | ૧૯૫૦ |
| ૫. | જીવનપગરણ | ૧૯૫૧ |
| ૬. | જીવનપગથી | ૧૯૫૧ |
| ૭. | જીવનમંડાણ | ૧૯૫૨ |
| ૮. | જીવનસોપાન | ૧૯૫૨ |
| ૯. | જીવનપ્રવેશ | ૧૯૫૩ |
| ૧૦. | જીવનપોકાર | ૧૯૫૪ |
| ૧૧. | હરિજન સંતો | ૧૯૫૪ |
| ૧૨. | જીવનમંથન | ૧૯૫૬ |
| ૧૩. | જીવનસંશોધન | ૧૯૫૭ |
| ૧૪. | જીવનદર્શન | ૧૯૫૯ |

## પૂજ્ય શ્રીમોટા વિરચિત પદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મનને | ૧૯૨૨ |
| ૨. | તુજ ચરણે | ૧૯૨૩ |
| ૩. | નર્મદાપદે | ૧૯૨૭ |
| ૪. | જીવનગીતા (નાની) | ૧૯૩૨ |
| ૫. | હૃદયપોકાર | ૧૯૪૪ |
| ૬. | જીવનપગલે | ૧૯૪૪ |
| ૭. | શ્રીગંગાચરણે | ૧૯૪૫ |
| ૮. | કેશવ ચરણ કમળે | ૧૯૪૬ |
| ૯. | કર્મગાથા | ૧૯૪૬ |
| ૧૦. | પ્રણામ પ્રલાપ | ૧૯૪૭ |
| ૧૧. | પુનિત પ્રેમગાથા | ૧૯૪૭ |
| ૧૨. | જીવનગીતા (મોટી) | ૧૯૫૩ |

| | |
|---|---|
| ૧૩. આર્તપોકાર | ૧૯૫૪ |
| ૧૪. અભ્યાસીને | ૧૯૬૭ |
| ૧૫. જિજ્ઞાસા | ૧૯૭૦ |
| ૧૬. ભાવ | ૧૯૭૧ |
| ૧૭. જીવનઝલક | ૧૯૭૧ |
| ૧૮. જીવનસૌરભ | ૧૯૭૧ |
| ૧૯. જીવનઅનુભવગીત | ૧૯૭૧ |
| ૨૦. જીવનસ્મરણ | ૧૯૭૧ |
| ૨૧. શ્રદ્ધા | ૧૯૭૧ |
| ૨૨. જીવનલહરી | ૧૯૭૧ |
| ૨૩. જીવનતપ | ૧૯૭૨ |
| ૨૪. જીવનરસાયણ | ૧૯૭૨ |
| ૨૫. જીવનઆહ્લાદ | ૧૯૭૨ |
| ૨૬. રાગદ્વેષ | ૧૯૭૨ |
| ૨૭. નિમિત્ત | ૧૯૭૨ |
| ૨૮. ગુણવિમર્શ | ૧૯૭૨ |
| ૨૯. જીવનસ્પંદન | ૧૯૭૩ |
| ૩૦. જીવનરંગત | ૧૯૭૩ |
| ૩૧. જીવનકથની | ૧૯૭૩ |
| ૩૨. જીવનસ્મરણસાધના | ૧૯૭૩ |
| ૩૩. જીવનમથામણ | ૧૯૭૩ |
| ૩૪. પ્રેમ | ૧૯૭૩ |
| ૩૫. મોહ | ૧૯૭૩ |
| ૩૬. કૃપા | ૧૯૭૩ |
| ૩૭. સ્વાર્થ | ૧૯૭૩ |
| ૩૮. શ્રીસદ્ગુરુ | ૧૯૭૩ |
| ૩૯. કર્મઉપાસના | ૧૯૭૩ |
| ૪૦. જીવનચણતર | ૧૯૭૪ |
| ૪૧. જીવનઘડતર | ૧૯૭૪ |
| ૪૨. જીવનપગદંડી | ૧૯૭૪ |
| ૪૩. જીવનકેડી | ૧૯૭૪ |
| ૪૪. ભાવકણિકા | ૧૯૭૪ |
| ૪૫. ભાવરેણુ | ૧૯૭૪ |
| ૪૬. ભાવજ્યોતિ | ૧૯૭૪ |
| ૪૭. ભાવપુષ્પ | ૧૯૭૪ |
| ૪૮. ભાવહર્ષા | ૧૯૭૫ |
| ૪૯. જીવનપ્રભાત | ૧૯૭૫ |
| ૫૦. જીવનપ્રવાહ | ૧૯૭૫ |
| ૫૧. મૌનાર્થીને માર્ગદર્શન | ૨૦૦૩ |

•

## પૂજ્ય શ્રીમોટા ટેપવાણી

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શેષ-વિશેષ | ૧૯૮૯ |
| ૨. | જન્મ-પુનર્જન્મ | ૧૯૮૯ |
| ૩. | તદ્રૂપ-સર્વરૂપ | ૧૯૯૦ |
| ૪. | એકીકરણ-સમીકરણ | ૧૯૯૦ |
| ૫. | જીવતા નર સેવીએ | ૧૯૯૧ |
| ૬. | અગ્રતા-એકાગ્રતા | ૧૯૯૧ |
| ૭. | જોડા-જોડ | ૧૯૯૨ |
| ૮. | અન્વય-સમન્વય | ૧૯૯૨ |
| ૯. | શ્રીમોટાવાણી ૧ થી ૧૪ (૭ પુસ્તકો) | ૧૯૯૨ થી ૧૯૯૫ |
| ૧૦. | ગ્રહ-ગ્રહણ | ૧૯૯૩ |
| ૧૧. | દક્ષિણ ભારતનાં સ્વજનોને સંબોધન | ૨૦૦૬ |
| ૧૨. | શ્રી ઝીણાકાકા સાથે વાર્તાલાપ | ૨૦૧૫ |

•

## પૂજ્ય શ્રીમોટાનાં પ્રવચનનાં પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટા સાથે વાર્તાલાપ | ૧૯૭૯ |
| ૨. | મૌનએકાંતની કેડીએ | ૧૯૮૨ |
| ૩. | મૌનમંદિરનું હરિદ્વાર | ૧૯૮૩ |
| ૪. | મૌનમંદિરનો મર્મ | ૧૯૮૪ |
| ૫. | મૌનમંદિરમાં પ્રભુ | ૧૯૮૫ |
| ૬. | મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા | ૧૯૮૫ |
| ૭. | મૌનમંદિરમાં હરિસ્મરણ | ૨૦૧૫ |

●

## પૂજ્ય શ્રીમોટાનાં સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મુક્તાત્માનો પ્રેમસ્પર્શ | ૧૯૮૦ |
| ૨. | દાંપત્ય ભાવના | ૧૯૮૦ |
| ૩. | સંતહૃદય | ૧૯૮૩ |
| ૪. | ધનનો યોગ | ૧૯૮૪ |
| ૫. | પગલે પગલે પ્રકાશ | ૧૯૮૯ |
| ૬. | સમય સાથે સમાધાન | ૧૯૯૩ |
| ૭. | શ્રીમોટા પત્રાવલિ ૧/૨ | ૧૯૯૫ |
| ૮. | કૅન્સરની સામે | ૨૦૦૨ |
| ૯. | હસતું મૌન | ૨૦૦૪ |

●

## સ્વજનોની અનુભવકથા

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | આશ્રમની અટારીએથી | ૧૯૮૧ |
| ૨. | શ્રીમોટાની સાથે સાથે | ૧૯૯૦ |
| ૩. | શ્રીમોટા સાથે હિમાલયયાત્રા | ૧૯૯૪ |
| ૪. | શ્રીમોટાની મહત્તા | ૧૯૯૫ |
| ૫. | મળાયું પણ ભળાયું નહિ | ૧૯૯૫ |
| ૬. | મળ્યા ફળ્યાની કેડી | ૨૦૦૧ |
| ૭. | મોટા - મારી મા | ૨૦૦૩ |

●

## સ્મૃતિગ્રંથ

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસ્ફુલિંગ | ૧૯૭૩ |

●

## સંકલિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનપરાગ | ૧૯૬૩ |
| ૨. | સંતવાણીનું સ્વાગત (તમામ પુસ્તકોની પ્રસ્તાવનાનું સ્વતંત્ર પુસ્તક) | ૧૯૭૭ |
| ૩. | અંતિમ ઝાંખી | ૧૯૭૮ |
| ૪. | વિધિ-વિધાન | ૧૯૮૨ |
| ૫. | સુખનો માર્ગ | ૧૯૮૩ |
| ૬. | પ્રાર્થના | ૧૯૮૪ |
| ૭. | લગ્ને હજો મંગલમ્ | ૧૯૮૫ |
| ૮. | નિરંતર વિકાસ | ૧૯૮૭ |
| ૯. | સમર્પણગંગા | ૧૯૮૯ |
| ૧૦. | જન્મમૃત્યુના રાસ | ૧૯૮૯ |
| ૧૧. | નામસ્મરણ | ૧૯૯૨ |
| ૧૨. | શ્રીમોટા અને શિક્ષણ | ૧૯૯૪ |
| ૧૩. | ફનાગીરીનો નિર્ધાર | ૧૯૯૬ |
| ૧૪. | પૂજ્ય શ્રીમોટા વચનામૃત ૧ થી ૪ (૧ પુસ્તક) | ૧૯૯૬ |
| ૧૫. | પ્રસન્નતા | ૧૯૯૭ |
| ૧૬. | ભગતમાં ભગવાન | ૨૦૦૦ |

૧૭. દુર્લભ દેહ મનુષ્યનો ૨૦૦૭
૧૮. દૈવાસુર સંગ્રામ ૨૦૦૭
૧૯. પ્રસાદી (ગુજરાતી) ૨૦૦૮
૨૦. પૂજ્ય શ્રીમોટાના બે બોલ ૨૦૧૪
(તમામ પુસ્તકોમાંથી લેખકના બે બોલનું સ્વતંત્ર પુસ્તક)
૨૧. જીવનયોગ ભાગ ૧ અને ૨ ૨૦૧૬
૨૨. બુદ્ધિ ૨૦૧૭

•

## જીવનકવન

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવન અને કાર્ય ભાગ-૧,૨ | ૧૯૭૫ |
| ૨. | પારસલીલા | ૧૯૭૫ |
| ૩. | તરણામાંથી મેરુ | ૧૯૭૬ |
| ૪. | વિદ્યાર્થી મોટાનો પુરુષાર્થ | ૧૯૮૯ |
| ૫. | મહામના અબ્રાહમ લિંકન | ૧૯૯૩ |
| ૬. | પ્રેરક વિભૂતિ મહાત્મા ગાંધી | ૧૯૯૪ |
| ૭. | શ્રીકેશવાનંદજી ધૂણીવાળા દાદા | ૧૯૯૬ |
| ૮. | ગોધરાના બાપજીનું જીવનચરિત્ર | ૧૯૯૮ |
| ૯. | મારી સાધનાકથા | ૨૦૦૫ |
| ૧૦. | પૂજ્ય શ્રીમોટાના વહાલા ઝીણાભાઈ | ૨૦૦૫ |
| ૧૧. | જીવન સાર્થકતાની કેડીએ પૂજ્ય શ્રીમોટાના વહાલા ‘ભાઈ’ શ્રી નંદુભાઈની સંક્ષિપ્ત જીવનવિકાસગાથા ભાગ-૧ અને ૨ | ૨૦૨૦ |

•

## અન્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટાચરણે | ૧૯૭૦ |
| ૨. | બાળકોના મોટા | ૧૯૮૦ |
| ૩. | શ્રીમોટા ચિત્રકથા | ૧૯૮૭ |
| ૪. | આહુતિ મંત્ર અને આરતી | ૧૯૯૫ |
| ૫. | હરિઃૐ આશ્રમ શ્રીભગવાનના અનુભવ કાજેનું સ્થળ | ૧૯૯૬ |
| ૬. | કૃપાયાચના શતકમ્ | ૧૯૯૬ |
| ૭. | ધ્યેય અને ધ્યાન | ૨૦૦૦ |
| ૮. | ચિદાકાશ | ૨૦૦૦ |
| ૯. | પ્રાર્થના પોથી | ૨૦૧૦ |
| ૧૦. | શ્રીમોટા ઉપલબ્ધિ અને ઉપદેશ | ૨૦૧૪ |
| ૧૧. | શ્રીમોટા ચરણે આંતર પ્રવેશ | ૨૦૧૬ |
| ૧૨. | શ્રીમોટા ચરણે ત્રિભાષી (ગુ. હિં. અં.) | ૨૦૧૮ |
| ૧૩. | બધું આપણામાં જ છે | ૨૦૧૮ |
| ૧૪. | સમર્થ સદ્ગુરુ પૂજ્ય શ્રીમોટા | ૨૦૧૮ |

•

## हरि:ॐ आश्रम में उपलब्ध हिंदी पुस्तिका का लिस्ट

| क्रम | पुस्तक | प्र.आ. |
|---|---|---|
| १. | पूज्य श्रीमोटा एक संत | १९९७ |
| २. | कैंसर का प्रतिकार | २००८ |
| ३. | सुख का मार्ग | २००८ |
| ४. | दुर्लभ मानवदेह | २००९ |
| ५. | प्रसादी | २००९ |
| ६. | नामस्मरण | २०१० |
| ७. | हरि:ॐ आश्रम – श्रीभगवान के अनुभव का स्थान | २०१० |
| ८. | श्रीमोटा के साथ वार्तालाप | २०१२ |
| ९. | विवाह हो मंगलम् | २०१२ |
| १०. | बालकों के मोटा | २०१२ |
| ११. | विद्यार्थी मोटा का पुरुषार्थ | २०१२ |
| १२. | मौनमंदिर का मर्म | २०१३ |
| १३. | मौनमंदिर का हरिद्वार | २०१३ |
| १४. | मौनएकांत की पगडंडी पर | २०१३ |
| १५. | मौनमंदिर में प्रभु | २०१४ |

●

## હરિ:ૐ આશ્રમમાં ઉપલબ્ધ અંગ્રેજી પુસ્તકોની યાદી. જાન્યુઆરી - ૨૦૨૦

**English books available at Hariom Ashram Surat.**
**January - 2020**

| No. | Book | F. E. |
|---|---|---|
| 1. | At Thy Lotus Feet (Tuj Charane) | 1948 |
| 2. | To The Mind (Man ne) | 1950 |
| 3. | Life's Struggle (Jeevan Sangram) | 1955 |
| 4. | The Fragrance of a Saint (Paraslila) | 1982 |
| 5. | Vision of Life - Eternal | 1990 |
| 6. | Bhava | 1991 |
| 7. | Nimitta | 2005 |
| 8. | Self-interest (Swarth) | 2005 |
| 9. | Inquisitiveness (Jignasa) | 2006 |
| 10. | Shri Mota | 2007 |
| 11. | Rites and Rituals (Vidhi-Vidhan) | 2007 |
| 12. | Naamsmaran | 2008 |
| 13. | Mota for Children (Balako na Mota) | 2008 |
| 14. | Against Cancer (Cancer ni Same) | 2008 |
| 15. | Faith (Shraddha) | 2010 |
| 16. | Shri Sadguru | 2010 |
| 17. | Human to Divine (Bhagat ma Bhagwan) | 2010 |
| 18. | Prasadi | 2011 |
| 19. | Grace (Krupa) | 2012 |
| 20. | I Bow at Thy Feet (Tuj Charane) | 2013 |
| 21. | Attachment and Aversion (Raag Dhwesh) | 2015 |
| 22. | The Undending Odyssey - My Experience of Sadguru Sri Mota's Grace | 2019 |

●

॥ હરિ:ૐ ॥

હરિઃૐ

હરિ ભજવાતણું મેં તો જીવનમાં વ્રત લીધેલું છે,
સતત વ્રત રાખવા જીવતું કડીતોડ મથેલો જે.

હૃદય વ્રત પાળવાથી તો ઊંડો નિશ્ચય બઢેલો છે,
સદા નિશ્ચયના પાલનથી અડગતા દિલ ઊગેલી છે.

હરિની ભક્તિમાં તેનો પૂરો ઉપયોગ કીધો છે,
સતત ઉપયોગથી એવા હૃદય તલ્લીન થવાયું છે.

હૃદય તલ્લીનતામાંથી હૃદય વહાલ વછૂટ્યું છે,
પલાળીને ચરણ તેથી કરેલું આચમન મેં છે.

-શ્રીમોટા

*'જીવનપ્રભાત', ત્રીજી આ., પૃ. ૬*

કિંમત : રૂ. ૧૫/-